
સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः



સંપાદક: સોમચંદ ડી. શાહ

જુનું: વર્ષ ૪ થું;
નવું વર્ષ ૨ જું;

: લવાજમ :
રૂા. ૪-૦-૦

ફાગણ-ચૈત્ર
સં. ૨૦૦૩

# વિષય દર્શન


| વિષય | લેખક | પેજ |
|---|---|---|
| મંગલ પ્રભાતે ... | .. શ્રી અજ્ઞેય | ૧A |
| હિંદની ધરતીપર ... | ...કં૦ | ૧B |
| સંપાદકીય ... | ...સંપાદક | ૧C |
| નવી નજરે ... | ...શ્રી નિરીક્ષક | ૩ |
| જૈન શાસનની ઉપકારિતા ... | પૂ. મુનિરાજશ્રી રૂચકવિજયજી મહારાજ | ૬ |
| શ્રી મહાવીર અને ગાંધીજી . | પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી ... | ૯ |
| મહાસાગરનાં મોતી ... ... ... | પૂ. આચાર્ય વિજય લબ્ધિસૂરિજી | ૧૧ |
| ન્યાય–અન્યાયનો રૂપીઓ | શ્રી સોમચંદ શાહ | ૧૩ |
| એ કથાનકો | પૂ. આચાર્ય વિજયજમ્બૂસૂરિજી | ૧૫ |
| યુવાવસ્થાનો સદ્ઉપયોગ | શ્રી પદ્મકુમાર | ૧૭ |
| મોક્ષમાર્ગનો ઉપાય | પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી મ. | ૨૧ |
| નમસ્કાર મહામંત્ર ! | શ્રી મફતલાલ સંઘવી | ૨૪ |
| જ્ઞાનગોચરી ... | ...સં૦ | ૨૬ |
| એનો વિચાર કર્યો | ...શ્રી શાસન સેવક | ૩૧ |
| **बिखरे फुल** | .. **हिन्दी कल्याणमांथी** | ૩૨ |
| ધન્ય મહાપુરૂષો ! | પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી | ૩૪ |
| ભાતભાતની વાનગીઓ | ... શ્રી ચંદ્ર | ૩૭ |
| આધુનિક દશા [ સંવાદ ] ... ... | પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી | ૩૯ |
| સોનગઢના સ્વામીજી | .. શ્રી દર્શક | ૪૧ |
| આપણાં તીર્થો; ... | ...શ્રી અભ્યાસી | ૪૫ |
| શંકા અને સમાધાન ... ... | પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયામૃતસૂરિજી | ૪૯ |
| આરાધનાનો માર્ગ ... ... ... | પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજી | ૫૧ |
| નવાં પુસ્તકોનું અવલોકન | ...શ્રી સૌમ્ય | ૫૩ |
| કેળવણીની સફળતા... ... ... | શ્રી જેચંદલાલ નેમચંદ શાહ ... | ૫૫ |
| આપણી જૈન શિક્ષણ સંસ્થાઓ ... | શ્રી હીરાલાલ જી. શાહ ... | ૫૭ |
| જીવનનું સાફલ્ય ટાણું | ...શ્રી શોધક | ૬૦ |
| મારૂં ટાંચણ | શ્રી નવનિતરાય વીરચંદ શાહ | ૬૧ |
| આ બધું જમીનમાં કાં દાટો છો ? ... | પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ | ૬૨ |
| ઠામ ખરૂં આ ઠરવાનું ... ... | શ્રી વલ્લભજી રતનશી હીરાણી ... | ૬૪ |
| છુપું માનવ હૃદય. | શ્રી શરદીન્દુ બન્દ્યોપાધ્યાય | ૬૫ |
| મંગલભૂત ધર્મ ક્રિયાઓ ... ... | પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ | ૬૯ |
| નવકાર ગીત ... ... ... | પૂ. મુનિરાજશ્રી કાંતિવિજયજી મહારાજ | ૭૨ |
| આત્મમંડળની યોજના | કાર્યાલય તરફથી | ૭૩ |
| કલ્યાણને મળેલો સત્કાર | જુદાજુદા સદ્ગૃહસ્થો | ૭૬ |


**લેખક મહાશયોને—**

આપનો લેખ જેમ બને તેમ વહેલાસર મોકલાવવા કૃપા કરશોજી. કારણકે પ્રેસમાં મેટર વહેલું તેમ જ પ્રેસની અનુકૂળતાએ આપવું પડે છે. મોડા લેખો આવવાથી જરૂરી લેખો પણ રહી જવા પામે છે.

વર્ષ : ૪ : અંક : ૧-૨ વીર સં.
સં. ૨૦૦૩ : ફાગણ-ચૈત્ર ૨૪૭૩ :

## મંગલ પ્રભાતે

મહા-પુરૂષનાં મંગલ-ગીતો, મધુર મધુતર બોલતું,
બુદ્ધિ અને ધર્મ્ય વાણીનાં, વિપુલ દ્વારને ખોલતું,
સાહિત્ય-પ્રેમી, ઇતિહાસ-પ્રેમી, હૃદય-ઘટમાં ઝોલતું,
લેખક કવિની લેખાકૃતિના સત્ય-મોલને તોલતું-૧

પ્રદેશના ને દેશના ખુણે ખુણામાં વિચરતું,
સિદ્ધાંતના ને સુક્તિના સાચા પથોને ઉચ્ચરતું,
બાલ છે પણ તરૂણુ જેવું હિત કરતું વિલસતું,
દિન દિન ઉજવલ કીર્તિ-યશને પામીને જે વિકસતું. ૨

નૂતન-વર્ષના પુનિત-પંથે પુલકિત થઇને પ્રવેશતું,
માંગલિક અને સભ્ય-શબ્દના નવ-રંગથી જે દિશતું;
અચલ સ્થિર જૈન-ધર્મના સિદ્ધાંતને આદેશતુ,
કલ્યાણ માસિક વાંચજો, વંચાવજો સંદેશ તું. ૩

આજના મંગલ-પ્રભાતે નવીન-વર્ષે મલકતું,
ગૌરવ અને ઉત્સાહના પૂર-શુરથી જે ઝલકતું;
પદાર્પણનાં અર્ધ્ય ને આશિર્વચનને ઝીલતું,
જૈન-શાસન પૂર્વાચલ શિખરે, રવિ સમ જે ખીલતું. ૪

**શ્રી અજ્ઞેય**



**અંધાધૂંધી** અને અરાજકતાના વાતાવરણથી સળગતી આજની દુનીયામાં છેલ્લા બે દાયકાથી વાદો (Isams)નો વાવંટોળદિન-પરદિન વધુ ઉગ્ર બનતો જાય છે. જ્યાંત્યાં ચોમેર વાદોના તોફાની વાવંટોળે વેર-ઝેર ને વિખવાદનાં બી ઉંડાને ઉંડા રોપી દીધાં છે.

**શું** સમાજવાદ કે ગાંધીવાદ, સામ્યવાદ કે લોકવાદ, ફેસીઝમ કે નાઝીઝમ, મૂડીવાદ કે સત્તાવાદ, પાકીસ્તાનવાદ કે અખંડ હિંદુસ્તાનવાદ-હિંદની ધરતીપર બીલ્લીટોપની જેમ ફૂટી નીકળેલા આ બધા વાદો, માનવ સમુદાયના હિતની યોજનામાં એકમેકના પૂરક બનવાને બદલે ઉલટા હરિફાઇના ઉશ્કેરાટમાં ઝઘડતાજ રહ્યા છે.

**પરિણામે** વાદો, વાડાઓ બનતા જાય છે. સંપ્રદાયની સૂગ ધરાવનારી આજની ભણેલી પ્રજા, આ બધા વાદોના બુરખા હેઠળ, પોતપોતાની જમાત વધારવામાં જ પોતાના વાદની ઇતિકર્તવ્યતા માની બેઠી છે, બહુમતિના ત્રાજવામાં પોતપોતાના વાદોને ખીંચી-પકડીને લઇ જવા માટે આજે દેશસમસ્તમાં ચોમેર મોરચા બંધી ઉભી થઇ રહી છે.

**સંભવિત** છે કે, યુરોપની ધરતી પર જ્યાં કોઇપણ સંસ્કૃતિ કિંવા પરલોક-મોક્ષપ્રધાન દર્શનશાસ્ત્રોનું અસ્તિત્ત્વ નથી; ત્યાં આ બધા જડવાદને પ્રચારનારા વાદોનું તોફાન ભલે ઉગ્ર બનતું રહે! પણ પ્રશ્ન એ થાય છે કે, મહાન જૈનશ્રમણો, નિર્ગ્રન્થો તેમજ અનેકાનેક સંસ્કારી મહાપુરૂષો તથા ઋષિમુનિઓની જનની માતૃભૂમિ હિંદની ભૂમિપર આ બધા વાદોની ધમાચકડી શાને?

**કેવળ** જાતનાંજ અસ્તિત્ત્વ માટે ઝઘડતા આ બધા જડવાદી 'ઇઝમો' ના ઝેરી પ્રચા-



# સંપાદકીય

" કલ્યાણ " ત્રીજા વર્ષની વિદાય લઇ આજના મંગળ પ્રભાતે નવા વર્ષમાં શુભ પ્રવેશ કરે છે. ગૌરવતાપૂર્વકનું પદાર્પણ એ સૌકોઇને આનંદનો વિષય બનશે. વિષમ પરિસ્થિતિમાં જન્મ પામેલા "કલ્યાણે" દિન-પર-દિન પ્રગતિના પંથે આગેકૂચ કરી છે. હજુ તેની વિશેષ મહદ્‌ભાવનાઓ સફળ કરવા, ઘટતું બધું કરી છૂટવાની તાલાવેલી અને તમન્ના છે.

અમારી મુશ્કેલીઓને દરેક ન સમજી શકે તે બનવાજોગ છે. અનેક જાતના ઠપકાઓ તો સાંભળવાની અને સહન કરવાની અમારી ફરજ છે એમ અમે સમજીએ છીએ; છતાં અમારી મુશ્કેલીઓનો ગંભીરતાપૂર્વક વિચાર કરી પછીથી જણાવવા જેવું જણાવશો તો અમે જરૂર તેને આવકારીશું. અમારી દરેક મુશ્કેલીઓ અમે કાગળ-કલમમાં ન ઉતારી શકીએ, છતાં સલાહ, સૂચના અને સહકારદ્વારા મુશ્કેલીઓને દૂર કરવા કાજે બનતું બધું કરીએ છીએ અને કરીશું.

**ઉદ્દેશઃ**—ભૌતિકવાદ અને વૈજ્ઞાનિકવાદનાં આંદોલનોની અથડામણી વચ્ચે સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મ સાહિત્યનો બને તેટલો વધુ પ્રચાર કરવો એ જ એક શુભ ઉદ્દેશ છે. "કલ્યાણ"ના ઉદ્દેશની સ્પષ્ટતા ઘણી વખત થઇ ગઇ છે, છતાં વધુ સ્પષ્ટતા વાચકોને, લખાણો ઉપરથી થઇ શકશે. બાકી, ધર્મ, નીતિ-ન્યાય અને શિષ્ટતા આદિ ગુણો વાચકોના સહૃદયમાં જન્માવે એજ એક શુભાશયપૂર્વક "કલ્યાણ" શરૂ થયું છે અને આજે પણ તે હેતુમાં મક્કમતા અને ગૌરવતાપૂર્વક ઉભું છે; છતાં પૂર્વગ્રહથી ગ્રસીત આત્માઓ અમારા શુભ ઉદ્દેશને મારી-મચડી દુનિયાની આંખે અવળું બતાવવાની અવળનીતિ અખત્યાર કરે છે. તેનાથી " કલ્યાણ " ને જરા પણ આંચ

---

રની સ્હામે, આર્ય સંસ્કારો, આર્યધર્મ તેમજ ભારતવર્ષનો પ્રાચીન જૈનધર્મ, ઈહલોક, પરલોક તથા મોક્ષપ્રધાન એકજ વાદનો મંત્ર પઢાવી રહ્યો છે, તે છે અધ્યાત્મવાદ. આ એકજ વાદ એવો છે કે જે, શાંતિપૂર્વક જીવવાને, સમાધિપૂર્વક મૃત્યુ વરવાને અને પ્રગતિના માર્ગે આગેકદમ ભરવાને સંપૂર્ણપણે સહાયક છે.

કર્મવાદ અને સ્યાદ્વાદની સાથે ' અધ્યાત્મવાદનો સુમેળ સાધનારા ભારતવર્ષના પ્રાચીન મહાન આત્માઓ, હિંદને આ એકજ સાચો લોકકલ્યાણનો રાહ ચીંધી ગયા છે. સમાજવાદ, ગાંધીવાદ, સામ્યવાદ કે લોકશાસનવાદ, ત્યારે જ લોક કલ્યાણના માર્ગે વાસ્તવિક પ્રગતિ સાધી શકે કે, જ્યારે તેના મૂળમાં નિર્ભેળ અધ્યાત્મવાદ સંકળાઇને રહ્યો હશે.

હિંદની ભાગ્યશાળી ભોમપર જ્યારે આ અધ્યાતમ પ્રધાન સંસ્કૃતિ વ્યાપકરૂપે ફેલાતી થશે તે દિવસથી આ વાદ-વિવાદોની અંધાધૂંધી, બહુમતિ કે લઘુમતિની આટીઘુંટી ને તે દ્વારા હિંદુસ્તાનની પ્રજામાં ચાલી રહેલી ખૂનખાર લડાઇઓ, કોમ-કોમ વચ્ચેના ભયંકર રક્તપાતો અવશ્ય અટકી જશે.

ને કરોડો આર્યપ્રજાની માદરેવતન હિંદની ધરતી પર ફરી પાછો સંપ, સુખ ને આબાદિનો સૂર્ય ઝળહળી ઉઠશે !

આવશે એમ અમે માનતા નથી. કારણકે "કલ્યાણ" ખોટીરીતે કોઇને આડે આવ્યું નથી અને આવવા માગતું નથી. કેવળ નિઃસ્વાર્થ-ભાવે નિશ્ચિતમાર્ગે જેટલું આગળ વધાય તેટલું આગળ વધવા માગે છે. આ છે નવા વર્ષની શુભ શરૂઆતમાં ઉદ્દેશની સ્પષ્ટતા.

**લવાજમ;** ગતવર્ષમાં માસિકમાં ક્રાઉન આઠ પેજી ૩૭૯ પૃષ્ટો અપાયાં છે એટલે વર્ષે ૪૮ ફર્માનું વાચન રૂા. ૪-૦-૦ ના જૂજ લવાજમમાં ઘેર બેઠાં આપવામાં આવ્યું છે. કાગળ, પ્રીન્ટીંગ અને શાહીના જલદ ભાવોમાં આજે પુસ્તક છપાવવા જઇએ તોપણ તેનો ખર્ચ નકલ દીઠ રૂા. ૪-૮-૦ આવે છે. પોસ્ટેજ ખર્ચ અલગ; છતાં અમે લવાજમમાં ઉમેરો કર્યા સિવાય પ્રચાર ખાતર તેનું તે લવાજમ ચાલુ રાખ્યું છે. વળી નવા વર્ષમાં થોડાં વધુ પૃષ્ટોનું વાચન આપવા વિચાર ધરાવીએ છીએ. વિશ્વયુદ્ધનાં વહેતાં વહેણો થંભી ગયાં છે પણ મોંઘવારી વસ્તુઓની અછત અને પ્રેસની મુશ્કેલીઓતો આજ લગી એની એ છે.

**ખર્ચ;** "કલ્યાણ" ના આવક-જાવકના આંકડાઓ સમતોલ નથી. વર્ષે ખર્ચ રૂપીયા ૩૦૦૦ લગભગનો છે, ત્યારે કુલ આવક રૂપીયા ૨૫૦૦ લગભગની છે. હાલ તો સભ્યોના લવાજમમાંથી ચાલે છે. આ શબ્દો વાંચ્યા પછી વાચકો અને શુભેચ્છકોને એમ થશે કે, ખોટમાં ચાલતું " કલ્યાણ " કયાંસુધી ચાલશે ? આ શંકાના સમાધાનમાં એટલું ચોક્કસ કહી શકીએ છીએ કે, "કલ્યાણ" આજે ભલે ખોટમાં હોય, પણ વાચકો, શુભેચ્છકો અને સહાયકોના હૃદયમાં તેણે બરાબર સ્થાન જમાવ્યું છે, એટલે આજ નહિ તો આવતી કાલે જરૂર ખોટ પુરાશે. તેમ જ કપરા સંજોગોનો અંત આવવાની ભાવિમાં આશા રહે છે. ગ્રાહકો અને સભ્યોની સંખ્યામાં જેમ ભરતી આવશે તેમ ખર્ચનો ઓટ આવશે, એટલે અમારા શુભેચ્છક મહાશયોને નમ્ર વિજ્ઞપ્તિ છે કે, "કલ્યાણ" નો ઘેર ઘેર પ્રચાર થાય તેના માટે આપની લાગવગનો જરૂર ઉપયોગ કરશો.

**સંયુક્ત અંક કેમ ?**—નવા વર્ષની શરૂઆતમાં ૧ લા અંકમાં આપ્તમંડળના સભ્યોની નામાવલિ, સંપાદકીય વગેરેને સ્થાન આપવાની આવશ્યકતા હોવાથી તેમ જ કંઈક વધુ વાચન આપવાની ભાવનાથી સંયુકત અંક આજે બહાર પડે છે. વાચન-સામગ્રી, રૂપરંગ, સ્વચ્છ છાપકામ અને સુઘડતા વગેરે જરૂર ગ્રાહકોને સંતોષ આપશે એવી અમને દૃઢ શ્રદ્ધા છે. સંયુકત અંક કાઢી, ખર્ચમાં બચાવ કરવાની કે ઓછા ફર્માનું વાચન આપી ગ્રાહકોને સમજાવી દેવાની ભાવના અમારી નથી. અમારી તો ભાવના એ છે કે, જેમ બને તેમ રૂા. ચારમાં વધુ ને વધુ ફર્માનું વાચન આપી શકાય અને ધર્મસાહિત્યનો બહોળો પ્રચાર થાય, આ અમારી ભાવનાને સફળ બનાવવામાં આપ પણ સહકાર આપશો.

**દર પંદરમી તારીખે**—જ્યાં લગી " કલ્યાણ " ને રજિષ્ટર નંબર મળ્યો ન હતો ત્યાં લગી ' કલ્યાણ " ગુજરાતી મહીનાની પૂર્ણિમાએ બહાર પડતું હતું, પણ હવે દર અંગ્રેજી મહીનાની પંદરમી તારીખે નિયમીત બહાર પડે છે. અઠવાડિયા લગીમાં આપને આપનો અંક ન મળ્યો હોયતો કાર્યાલયના સીરનામે જણાવવું. જ્યાંસુધી અંકો સીલીકમાં હશે ત્યાંસુધી તો અમે અંકો મોકલીશું. અંકો ચોકસાઈપૂર્વક પોષ્ટમાં રવાના

કરવામાં આવે છે, છતાં ગેરવલ્લે જાયતો વહેલાસર જણાવવું.

**નવા ગ્રાહકો થનારને;** વચમાંથી ગ્રાહક થનારને બહાર પડી ચૂકેલા પહેલા અંકથી મોકલવામાં આવશે. જ્યારે જૂના અંકો સીલીકમાં નહિ હોય ત્યારે જે અંકથી આપ ગ્રાહક થયા હશો તે અંકથી ગ્રાહક ગણી આગામી તે અંકસુધી ગ્રાહક ચાલુ રહી શકશો. વચમાંથી ગ્રાહક થનારને ૧ લા અંકથી અંકો મેળવી લેવામાં સગવડતા છે કારણકે વર્ષાન્તે ૧૨ અંકોની ફાઇલ થઈ શકે; છતાં કોઈપણ સંજોગોમાં જૂના અંકો ન જ જોઈતા હોયતો જે અંકથી ગ્રાહક થયા હશો તે અંકથી ગ્રાહક ગણવામાં આવશે.

**લેખકોને**—"કલ્યાણ" ની આગેકૂચમાં લેખક મહાશયોનો મોટો ફાળો છે. અમારી તો કેવળ મહેનત છે. છતાં કેટલાક નવાલેખકો લખાણો મોકલી અમારી મુશ્કેલીઓમાં ઉમેરો કરે છે. આથી અમે એમ નથી કહેવા માગતા કે, અમે નવાલેખકોનાં લખાણો નથી લેવા માગતા. પણ લખાણો લખવાની પાછળ ખૂબ વાચન, મનન અને નિદિધ્યાસન હોવું જોઈએ. ભાષાશુદ્ધિ, સ્વચ્છ અક્ષરો અને આધુનિક ઢબથી લખાએલું લખાણ કાગળની એક જ બાજુ હોવું જોઈએ. જે લેખો "કલ્યાણ" ના ઉદ્દેશને અનુરૂપ હશે અને તેમાં પણ લેખ લખવાની પાછળ મહેનત તરવરતી હશે તેજ લેખો "કલ્યાણ" માં જલદી સ્થાન પામશે, બાકીતો કચરાની ટોપલીને હવાલે થશે. જે લેખકો પોતાનો લેખ પાછો મંગાવવા ખાતર પોષ્ટ સ્ટેમ્પ બીડશે તેમને લેખ પાછો મોકલવાનો પ્રબંધ થશે.

**આભાર**—લેખકોનો, શુભેચ્છકોનો અને ગ્રાહકોનો આ તકે અમે આભાર માનીએ છીએ. એક હાથે તાળી ન પડે બધાનો એક સરખો સહકાર મળે તોજ માસિકનું સંચાલન સહીસલામતપૂર્વક ચાલે. એક પણ અંગની ખોટ હોય તો કાર્યની સફળતામાં જરૂર ખામી આવે. તેમાંય વર્તમાન પરિસ્થિતિ એટલી બધી કઢંગી છે કે, પહોંચી વળવું મુશ્કેલ બને! પ્રેસની મુશ્કેલી પણ કાંઈ ઓછી નથી તેવા સમયે, શ્રી બહાદુરસિંહજી પ્રેસના માલિક શ્રીયુત્ અમરચંદભાઈએ મમતાભરી લાગણીદ્વારા કલ્યાણને સુંદર અને નિયમીત બનાવવા પૂરતો સહકાર આપ્યો છે તે બદલ અમે તેમના પણ આભારી છીએ. સાહિત્યસેવાના શુભકાર્યમાં સૌ કોઈ સાથ આપી "કલ્યાણ" ના કાર્યપ્રદેશને વ્યાપક બનાવવા અને વિકસાવવા ઘટતું કરશો એવી આશા અમે સેવીએ છીએ.

**અમને અમારી ક્ષતિઓનું ઓછે-વત્તે** અંશે ભાન છે અને તે ક્ષતિઓ દૂર કરવા મહેનત પણ લેવાય છે છતાં એકી સાથે બધી ક્ષતિઓનો અંત કે અપૂર્ણતા ન ટળે એ બનવા જોગ છે. અમારી ક્ષતિઓને નભાવી લઈ, જે મહાશયોએ ઉદારતા દાખવી અમને હરેક રીતે સહકાર આપ્યો છે તેઓના અમે ઋણી છીએ.

**અભ્યર્થના**—શાસનદેવ પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે કે, "કલ્યાણ" ના નવાવર્ષનું ભાવિ વધુ ઉજ્વળ બને અને "કલ્યાણ" સરળતા, સફળતા અને સદ્ધરતાને વરે એજ ઈચ્છી મારૂં સંપાદકીય લખાણ પુરૂં કરૂં છું. એજ **શુભમસ્તુ**

તા. ૭-૪-૪૭                    **સોમચંદ શાહ**

## નવી નજરે

**શ્રી. નિરીક્ષક**

આપણી આસપાસ બની રહેલા બનાવોને સ્પર્શતી વાસ્તવદર્શી માર્મિક નોંધો અહિં રજૂ થાય છે.

**તાજેતરમાં પં. સુખલાલજીના અંતેવાસી પં. દલસુખ માલવણીયાએ ભ. શ્રી મહાવીર દેવ અને શ્રી ગાંધીજીની સરખામણી કરવાનો બાલીશ પ્રયત્ન 'પ્રબુદ્ધ જૈન' માં કર્યો છે.**

ખરી વાત છે, જેવા ગુરૂ તેવા ચેલા; પં. સુખલાલ, બહેચરદાસ આ બધા વિદ્વાનો, જૈનધર્મ કે સંપ્રદાયની વફાદારી મૂળથી જ સ્હમજ્યા કે શીખ્યા નથી. આ લોકોને જૈનસમાજમાં રહેવા માટેનું આવશ્યક શિસ્તપાલન શિખવાડનાર કોઈ વિદ્યાગુરૂ મળ્યા નથી. માટે જ આ અપઠિત પંડિતો તેમજ તેમના શિષ્યો આ રીતે, યથેચ્છપણે નિરંકુશ વાણી-વ્યવહાર કરી રહ્યા છે. ઠીક છે. ઓડી બામણીનું ખેતર છે ચરી લ્યો જેમ ફાવે તેમ.

**ને સાંભળવા મુજબ, પં. દલસુખ, પં. સુખલાલ આ બધાને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, બાર મહિને હજારોના ખર્ચે પોષી રહી છે; કાશી બનારસમાં જૈનચેરના સંચાલક તરીકે આ બન્ને પંડિતોને, વર્ષ દરમ્યાન રૂા. પાંચ હજારની મદદ મળે છે.**

'મોસાળ ને મા પીરસનાર' પછી પૂછવું જ શું? હડહડતા જૈન સંપ્રદાયના વિરોધી અને કટ્ટર આર્યસમાજી વિચારોમાં માનનારા આ કહેવાતા જૈન પંડિતોને જૈન કોન્ફરન્સના સંચાલકો સિવાય, જૈન સમાજમાં અન્ય કોણ પોષનાર છે? અને સમાજમાંથી આની સ્હામે જવાબ માંગનાર છે કોઇ? સો મણ તેલે અંધારૂં તે આનું નામ! કેળવણીના નામે જૈનસમાજની મૂડીનો દુરૂપયોગ થઈ રહ્યો છે, એને માટે કોં૦ ના સંચાલકોની પાસેથી જવાબ માંગવો એ આપણી ફરજ છે. પણ વાંધો જ ત્યાં છે. હું, બાવા ને મંગળદાસની પેઢીનું આમ જ અંધેર ચાલે છે.

**મુસ્લીમ લીગના મહામંત્રી અને મધ્યસ્થ સરકારના નાણામંત્રી લીયાકતઅલીખાને, નવા બજેટમાં હિંદના મૂડીદારીઓને, ઠીક ઠીક બાથમાં લીધા છે.**

વાત સાચી, પણ લીગના મહામંત્રી તરીકેની વફાદારીને એ પણ ભાઇસાબ ચૂક્યા નથી. હિંદુસ્તાનના મુસ્લીમ શ્રીમંતો, કે જેઓ મ્હોટે ભાગે જમીનદાર છે તે લોકોને, તેમજ, અન્ય સામાન્ય મુસ્લીમોને આ બજેટદ્વારા એક પાઇનું પણ આર્થિક નુકશાન ન પહોંચે તેની કાળજી આપણા લીગી નાણાસભ્યે ખાસ રાખી છે, એ હકીકત ભૂલવા જેવી નથી. બાકી હિંદુસ્તાનની મૂળવતની હિન્દુ પ્રજાને કચડવા માટે હિન્દુ શ્રીમન્તોની મૂડીને ઠેકાણે પાડવાને લીયાકતખાને આમાં સારામાં સારી જોગવાઈ કરી છે, તે પણ પં. જવાહરલાલ જેવા હિંદુ કોમના આગેવાન ગણાતા રાષ્ટ્રીય પ્રધાનની સહાનુભૂતિપૂર્વક. હિન્દુઓ! રડી લ્યો હવે, તમારે માટે હવે રળવાના નહિ પણ રડવાના દિવસો આવ્યા છે. જ્યાં જુઓ ત્યાં તમારા માથા પર ટપલીઓ જ પડી રહી છે. બંગાળ, પંજાબ અને સિંધમાં મુસ્લીમો તેમજ મુસ્લીમ સરકાર તમને દરેક રીતે પજવી રહી છે. જ્યારે બિહાર, મુંબઇ, યુ. પી., સી. પી. માં કોંગ્રેસ સરકાર અને રાષ્ટ્રીય આગેવાનો તમને વગોવી રહ્યા છે. તેમજ પેશાવર, આસામ, અને ઓરિસામાં તમારે જીવવું હોય તો તમારા બલપર, બાકી કોંગ્રેસ સરકાર ત્યાં તમને રક્ષણ ન આપી શકે! શું હિંદુ સમાજને માટે આજ રાષ્ટ્રીયતા હશે કે? હિંદુઓની બહુમતિ પર, ચૂંટાઇને આવેલા કોંગ્રેસી આગેવાનો દ્વારા હિન્દુ સમાજને આ જ પ્રકારનો બદલો મળી રહ્યો છે ને?

**નવા અંદાજપત્રના પ્રગટ થયા પછી, કહે છે કે, મુંબઈ, કલકત્તા અને અમદાવાદના શ્રીમંત વ્યાપારીઓ, રોતા-કકળતા દીલ્હીના દરબારમાં નાણામંત્રી લીયાકત પાસે પહોંચ્યા. પણ તેપણ મીયાસાબે તો આ રોતી સૂરતોને**

દર્શન દેવાની પણ ના પાડી અને તેવળના સેક્રેટરીએ કહી દીધું કે, 'સાહેબનાં દર્શનનો ટાઈમ હવે નથી રહ્યો ! માટે પાછા પધારો !' એટલે આ શ્રીમંત વ્યાપારીઓ વીલે મોઢે એમને એમ પાછા વળ્યા.

આ બધા મૂડીદારોનો ધક્કો, નિષ્ફલ થયો, અને ફોગટ ફર્સ્ટ કલાસની પ-૫૦ ટીકીટોમાં હજારોનો ખર્ચો થયો. ધર્મ કે ધર્મસ્થાનોમાં જવા કરવાની વાતમાં ફુરસદ નથી મળતી એમ કહેનારા આ બધા હિન્દુ શ્રીમન્તોને આમ દોડાદોડી કરવી પડી તે કેવળ મીલ્કતની ખાતર ! રે મૂડી–મીલ્કત ! ત્હારે ખાતર કેટ–કેટલાં ધક્કા, અપમાન અને ત્રાસ; પરિગ્રહના પાપે દુનીયાને નચાવી મૂકી છે તે આ રીતેજ ને ! બાકી; આ બધા વ્યાપારીઓને મળવાની ફુરસદ, મુસ્લીમ લીગના ચુસ્ત કોમીવાદી નાણામંત્રીને કયાંથી હોય ? આવી સાવ સ્પષ્ટ વાત પણ આ વ્યાપારીઓના ખ્યાલમાં કેમ નહિ રહી હોય તે સ્હમજી શકાતું નથી.

**રશીયા અને અમેરિકા વચ્ચે વારંવાર વાણીના પ્રહારો થયા જ કરે છે અને મોંઘમ શબ્દોમાં એક–બીજા પરસ્પર ટીકા–ટીપ્પણો કરી, વાતોનું વતેસર કરી રહ્યા છે, આમ આંતરરાષ્ટ્રીય વાતાવરણ પરથી જણાઇ આવે છે.**

આ બધા શાહીવાદી તોફાનો છે. રશિયાનો લોકશાહી સામ્રાજ્યવાદ છે, અમેરીકાનો મૂડીવાદી સામ્રાજ્યવાદ છે, જ્યારે બ્રિટીશ સરકાર મુત્સદ્દી સામ્રાજ્યવાદની રમતો રમી રહી છે. આ ત્રણે મહારાજ્યો યેન–કેન યુરોપ પર પોતાના સામ્રાજ્ય, સત્તા અને સ્વાર્થને પાળવા, પોષવાને તેમજ વધારવા માટે જ આ બધી બાજીઓ ખેલી રહ્યા છે, આ લોકો; આપે છે તે પણ આ માટે અને લે છે તે પણ એ માટે; ખરેખર નિઃસ્પૃહતા અને નિર્લોભવૃત્તિ જૈનધર્મ સિવાય જગતના કોઈ દર્શનમાં કે ધર્મસંપ્રદાયમાં મળે તેમ નથી. ને તે સિવાય સાચી વિશ્વશાંતિની કે ઈપણ યોજના સ્થાઇરૂપે શકય નથી.

**એક વખતના ચુસ્ત ગાંધીવાદી ગણાતા શ્રીયુત ભીડે [વર્તમાન] મુનિશ્રી કુમુદવિજયજી એક નિવેદન દ્વારા જાહેર કરે છે કે, 'મ. ગાંધીજીની પ્રભુ મહાવીર, કૃષ્ણ, બુદ્ધ કે ખ્રીસ્તની સાથે સરખામણી કરનારા ગાંધીજીની નિંદા કરવામાં જ નિમિત્ત બને છે. વધુમાં જણાવે છે કે, મારી ખાત્રી થઈ છે કે, 'મોક્ષ અને ઈશ્વરનું નામ મ. ગાંધીજી ડગલે–પગલે લેતા હોવા છતાં તેઓ લોકોત્તર દૃષ્ટિથી પર છે'.**

મુનિશ્રીને જે સત્ય, અત્યારે ઘણા જાત અનુભવના પરિણામે પ્રાપ્ત થયું છે, અને નિર્ભિકપણે તેને તેઓ જે રીતે જણાવી રહ્યા છે તે અતિશય આનંદનો વિષય છે. પણ શ્રીયુત પરમાણંદ કાપડીયા જેઓ વારંવાર આ મુનિશ્રીના વિચારોને પોતાના પત્રમાં પ્રગટ કરતા રહ્યા છે, તેઓ હવે ઉક્ત મુનિશ્રીના આ નિવેદનને અક્ષરશઃ પોતાના પત્રમાં અવશ્ય પ્રગટ કરશે જ. આદર્શ પત્રકારત્વ એજ હોઇ શકે કે, પોતાના મંતવ્યથી વિરૂદ્ધ પણ સ્હામાના પ્રમાણિક વિચારો પ્રગટ કરવામાં આવે ! પણ ભાઇ કાપડીયા કે કોઇ, પોતાને ચુસ્ત ગાંધીવાદી માનનારા પત્રકારો, આ હકીકત ઇરાદાપૂર્વક ભૂલી જાય છે, આનું નામ મુત્સદ્દિતા કે બીજુ કાંઇ ?

**લોકપ્રતિનીધિ સભાના પ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદને, દિગમ્બર જૈન સમાજના કેટલાક આગેવાન પ્રતિનીધિઓ મલ્યા હતા અને જૈન સમાજના તરફથી એક પ્રતિનીધિ, બંધારણ સભામાં હોવો જોઈએ'. એ મુજબ વાટાઘાટો તેઓની સાથે થઈ હતી. જેના જવાબમાં બાબુ રાજેન્દ્રપ્રસાદ તરફથી આશ્વાસન મળ્યું છે'. સોની સુમેરચંદ દિવાકર ઉપર મુજબના નિવેદનને અંતે જણાવે છે કે, 'આ રીતે બંધારણસભામાં જૈન પ્રતિનીધિની નીમણુક થાય તે માટે જૈન સમાજના દરેક સંપ્રદાયના આગેવાનો અમને જરૂર સહકાર આપશે'.**

પણ જે સમાજમાં બાર ભૈયાને બાવીસ ચોકા જેવી અંધાધૂંધી તથા અરાજક દશા પ્રવર્તતી હોય તે સમાજના તેમાં પણ શ્વેતાંબર મૂ. પૂ. સમાજના આગેવાનોના સહકારની આ બાબતમાં આશા રાખવી એ આકાશનાં કુસુમની જેમ નિરર્થક છે. એમ મને લાગે છે. અમારી સમાજના આગેવાનો વર્ષો થયાં આજે કુંભકર્ણની જેમ ઘોર નિદ્રામાં પડયા છે, એથીજ સમાજના દરેકે દરેક સળગતા પ્રશ્નો દિન–પરદિન વધુને વધુ ગૂંચવાતા જાય છે. એકે વાતનો નિર્ણય આવતો નથી. સંપ, સંગઠ્ઠનનું નામ પણ રહ્યું નથી. સાચી વાત છે કે, જે સમાજના આગેવાનો પરપંચાતીયા, તે સમાજ દરેક રીતે દરિદ્ર રહેવાને સરજાયો છે. ' જેનો નાયક આંધળો તેનું કટક કુવામાં ' આ કહેવત જૈનસમાજને આબાદ લાગુ પડે છે.

**રૂટરની વૈજ્ઞાનિક શાખાના પ્રેસપ્રતિનીધિએ તારદ્વારા જગતની અખબારી આલમને જણાવ્યું છે કે, ' અમેરિકાના વૈજ્ઞાનિક સંશોધકોએ, અમેરિકાની પશ્ચિમમાં ૮૫ હજાર માઈલના ઘેરાવાવાળો એક નવો ખંડ શોધી કાઢયો છે, જેથી અત્યાર સુધીની પૃથ્વીમાં નવી પૃથ્વીનો ઉમેરો થયો છે. હજુ આને અંગેની વધુ શોધો ચાલુ છે '.**

પૃથ્વી દડા જેવી ગોળ છે, અને પૃથ્વી આટલી જ છે', આમ કહીને જૈનશાસ્ત્રોનાં વૈજ્ઞાનિક સંશોધનને અને તેના સંશોધક સર્વજ્ઞ ભગવંતોને વગોવનારા આપણા સમાજના કહેવાતા ભણેલાઓની દુનિયામાં, ધરતીકંપ પેદા કરનારા આ સમાચારને આપણે સ્વીકારવા પડશેને ? યુરોપના વૈજ્ઞાનિકોને નામે વારંવાર જૈનધર્મના સિદ્ધાંતોને હસી કાઢનારા આપણા સુધરેલા જૈનો આ પરથી ધડો લઈને પોતાના ધર્મની સંસ્કૃતિના ચુસ્ત ઉપાસક બને તો કેવું સારૂં !

**મુંબઈની કોંગ્રેસ સરકાર, હરિજન મંદિર પ્રવેશ બીલ, છૂટાછેડા બીલ, એક પત્ની બીલ આ બધા બીલો પસાર કરી, હિંદુસમાજમાં સુધારણા કરવાનું પ્રગતિકારક પગલું લઈ રહી છે.**

મુંબઈની પ્રાંતિક સરકાર, જેને ' પ્રગતિકારક પગલાં ' કહે છે તેને હિંદુકોમની બહુમતિ ' વિનાશક પગલાં ' તરીકે ઓળખે છે. બાકી, સત્તાના સિંહાસન પર આવ્યા પછી, પોતાની સત્તાના જોરે અને કલમના ગોદે, બલાતકારે આખી હિંદુ કોમ પર તેની નિર્બળતાનો લાભ લઇ જુલ્મ ગુજારવા તૈયાર થવું કે હિંદુઓમાં પરસ્પર અસંતોષ ઉત્પન્ન થાય તેવાં પગલાં ભરવાં એ અત્યારની સરકાર માટે ખરેખર ક–વખતનું ડહાપણ કહેવાય ! મંદિરોમાં પ્રવેશ મળવાથી જ શું હરિજનોનો સાચો ઉદ્ધાર થઇ જશે ? છૂટાછેડા થવાથી હિંદુસમાજની સ્ત્રીઓને શું રાહત મળી જશે ? કે એકપત્ની બીલથી સ્ત્રીઓને શું સગવડ મળી જશે ? હા, આથીતો સીતા, અનસુયા, તારામતી જેવાં પૂર્વકાલીન મહાન સતીરત્નોની પુણ્યભૂમિ, આ ભારતભોમ પરના હિંદુસંસારના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાયું છે. આ હકીકત, આજની કોંગ્રેસ સરકારે ભૂલવા જેવી નથી. હિંદુ સંસારને સુધારવા માટે કે હરિજનોના ઉદ્ધારને માટે, આ સિવાય બીજાં અનેક યોગ્ય પગલાંઓ લેવા ધારે તો સરકાર લઈ શકે તેમ છે, પણ આ બધું આજે તો બ્હેરા કાનપર અવાજ પહોંચાડવા જેવું નિરર્થક છે, બાકી; કોંગ્રેસ જેવી બીનકોમી સંસ્થા હોવાનો દાવો કરતી રાજકીય સંસ્થાના આ પ્રકારના કેવળ હિંદુ કોમની સુધારણાના બીલોથી આમ પ્રજાના માનસ પર એ છાપ પડતી જાય છે કે, કોંગ્રેસ એટલે હિંદુ સંસ્થા '. નહિતર મુસલીમ કોમની સામાજિક સુધારણા માટે કોઈપણ બીલ કોંગ્રેસ સરકારે, પોત–પોતાના પ્રાંતમાં કેમ દાખલ નથી કર્યું ? હલકું લોહી હવાલદારનું તે આનું નામ !

# જૈનશાસનની ઉપકારિતા:

પૂ૦ મુનિરાજશ્રી રૂચકવિજયજી મહારાજ

સારાય વિશ્વમાં ઉદારતાપૂર્ણ ન્યાયયુક્ત કોઈ શાસન હોય તો તે શ્રી જૈનશાસન સિવાય અન્ય કોઇજ નથી. તત્ત્વની વાસ્તવિક પ્રતિપત્તિ માટે શ્રીમજ્જૈનશાસને, અન્યઅન્ય શાસનોક્ત વાતો અને દલીલોનો સમન્વય સાધી જગત ઉપર જે ઉપકાર કર્યો છે તેવો ઉપકાર અન્ય કોઈ જ શાસન કરી શક્યું નથી. શ્રીમજ્જૈન-શાસનની ઉદારતાપૂર્ણ ન્યાયયુક્તતા, એ પણ, અસાધારણ છે. સ્વપક્ષાભિનિવેશાન્ધત્વ અને પરપક્ષાસહિષ્ણુતાનો સમુલોચ્છેદ કરી મધ્ય-સ્થતાના સ્વીકારદ્વારા તત્ત્વની સાચી પ્રાપ્તિનો સરલ માર્ગ બતાવનાર તરીકેનો સુયશ જગ-તમાં કોઈ દર્શનના ફાળે જતો હોય તો તે શ્રીમજ્જૈનશાસનનાતિરિક્ત કોઈ દર્શનને નથી. શ્રીમજ્જૈનશાસનની ઉપકારકતા એ પણ અજોડ છે. મોક્ષ અને મોક્ષના હેતુભૂત યોગના ઉપ-દેશદ્વારાએ તો એણે તત્ત્વવિષયક અજ્ઞાનતા દૂર કરવાનો સુગમ માર્ગ બતાવી કમાલ કરી છે.

સ્વહિતકાંક્ષિ આત્માઓએ, મોક્ષ અને મોક્ષના હેતુભૂત યોગનું જ્ઞાન મેળવવા સૌથી પહેલા મધ્યસ્થ ભાવને ભજવો જોઇએ, કારણકે મધ્યસ્થભાવના સ્વીકાર વિના મોક્ષ અને મો-ક્ષના હેતુભૂત યોગનું જ્ઞાન મેળવવામાં ઉપ-યોગી યુક્તિ અને મતિ, તે અન્યત્ર થઈ જવાનો પુરતો સંભવ છે. જગતના વ્યવહારમાં જોઈ શકાય છે કે, જેઓ આગ્રહી હોય છે તેઓ યુક્તિને ત્યાં ખેંચી જાય છે કે, જેમાં પોતાની મતિ રહેલી હોય છે અને અનાગ્રહી આત્મા-ઓની મતિ ત્યાં જાય છે કે, જ્યાં યુક્તિ રહેલી હોય છે. યુક્તિસિદ્ધત્વાતીત વાતના સ્વીકારને મધ્યસ્થો કદીપણ માન્ય રાખતા નથી. કારણકે તેવી વાતના સ્વીકારની પૂંઠે મતિનું સંચાલન હોય છે. છદ્મસ્થ આત્માઓની મતિ અશુદ્ધ નથી હોતી એમ પણ નથી, તેમ જ મતિની તરતમતા તો સર્વત્ર જોવામાં આવે છે. આથી કોઈપણ વાતના વ્યાજબી નિર્ણય માટે યુક્તિયુક્તતા જ જોઇએ અને યુક્તિયુક્તતા ત્યારેજ શકય બને, જ્યારે મધ્યસ્થભાવ હોય. ફલતઃ બુદ્ધિવાદ, યુક્તિવાદને અનુસરતો હોય તોજ વસ્તુનો સાચો નિર્ણય બને અન્યથા વસ્તુ અપ્રાપ્ત રહે.

મોક્ષ અને મોક્ષના હેતુભૂત યોગનું જ્ઞાન મેળવવા આટલી સ્પષ્ટતા કરવામાં આપણે જોઈ શકીશું કે, શ્રીમજ્જૈનશાસને અન્યાય, સંકુચિતતા રાખેલ નથી. શ્રીમજ્જૈનશાસનને સ્વપક્ષાભિનિવેશાન્ધત્વ જેમ નથી તેમ પરપક્ષા-સહિષ્ણુતા પણ નથી. એને તો માત્ર યુકિત-યુકતતાજ અભિમત છે, કે જેના સ્વીકારને મધ્યસ્થો માન્ય રાખે છે. જો કે સ્વરૂપતઃ તો શ્રી જૈનશાસન એ જ જગતમાં ઉત્કૃષ્ટ શાસન છે, એણે કહેલીજ વાત સાચી અને નિઃશંક છે, તેમ છતાં પર તરફથી મુકવામાં આવતા સ્વપક્ષાભિનિવેશાન્ધત્વ અને પરપક્ષાસહિષ્ણુ-તાના આરોપનું પણ નિરસન કરવા એણે યુકિતયુકતતાના માર્ગનો સ્વીકાર કરી મધ્ય-સ્થોનું દીલ જીત્યું છે. અન્યથા ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા કે જેઓ જન્મથી વિપ્ર હોઇ સ્વશાસનના કટ્ટર અનુરાગી હોવા છતાં શ્રીમજ્જૈનશાસનના પરમ ઉપાસક બનવાદ્વારા તેની પ્રભાવના કરનાર કેમ જ બને? યુકિત-યુકતતાના સ્વીકારમાં શ્રી જૈનશાસનને સ્વપર-આવી પડતા આરોપનું પરિહાર કરવાપણુંજ રહેલ છે એમ યદિ કોઇ કહે તો તે ઘટિત નથી, કારણકે શ્રીમજ્જૈનશાસન અને તેની વાત એ સંપૂર્ણ શુદ્ધ હોવાથી તેને ભય રાખવાપણું

રહેતું જ નથી, પણ યુક્તિયુક્તતાના સ્વીકાર-દ્વારાએ તો જગત પરના એના ઉપકારિપણાની જ વધુ સાબિતી થાય છે. પોતે અને પોતાની વાત સંપૂર્ણ શુદ્ધ હોવા છતાં તેમ જ તેથી પણ ઉપકાર કરી શકાતો હોવા છતાં પોતાની વાતનો આગ્રહ અને પરની વાતનો નિષેધ નહિ રાખતા યુક્તિયુક્તતાના સ્વીકારમાં જગત પરના ઉપકાર સિવાય એને બીજું કારણ શું હોય? જગતમાં કેટલાક દર્શનો સ્વપક્ષના અભિનિવેશને તો કેટલાક દર્શનો પરપક્ષની અસહિષ્ણુતાને ભજવાવાળા હોઈ, તે દર્શનોમાં સ્થિત આત્માઓ તત્ત્વવિષયક સાચા જ્ઞાનને પામી શકતા નથી કે જેનાથી મોક્ષપુરૂષાર્થની સંપૂર્ણ સાધના શકય છે, તે આત્માઓ પણ તત્ત્વ વિષયક સાચા જ્ઞાનને પામે અને તેના દ્વારાએ મોક્ષ પુરૂષાર્થની સંપૂર્ણ સાધના કરી મોક્ષને ભજવાવાળા બને, આ જ એક હેતુને લક્ષ્યમાં રાખી શ્રી જૈનદર્શન, યુક્તિ-યુક્તતાના માર્ગનો સ્વીકાર કરે છે, નહિ કે સ્વપર આવી પડતી આપત્તિના પરિહાર માટે. પરદર્શનમાં મોક્ષસાધક જે કોઇ વાત કહેવામાં આવી હોય તેને શ્રી જૈનદર્શન નકારતું નથી, કારણકે શ્રી જૈનદર્શનને મોક્ષસાધ્યની સિદ્ધિ એ જ અભિપ્રેત છે. સાધ્યમાં કોઇ જાતનો ભેદ ન પડતો હોય એટલે કે સાધ્યની અભેદતા કાયમ રહેતી હોય તો શ્રી જૈનદર્શન વચન ભેદને મહત્ત્વ આપવા તૈયાર નથી. જે કારણથી મોક્ષહેતુ યોગ કહેવામાં આવે છે તે કારણ જો બરાબર સચવાઈ રહેતું હોય, તો વચન-ભેદ હોવા છતાં પણ તેને ભેદનો અનુભવ કરવાનું રહેતું જ નથી. સાધ્યની એકરૂપતા કાયમ રહેતી હોય તો શાબ્દિક વિવાદ જેમ મધ્યસ્થો પસંદ રાખતા નથી તેમ શ્રી જૈન-દર્શન પણ પસંદ રાખતું નથી, કારણકે એમાં તો માત્ર સમય, શક્તિ આદિના હ્રાસ સિવાય કશોજ ફાયદો સંભવિત નથી. સાધ્યનો અભેદ હોય તો યોગના વિષયમાં ઉપયોગી આત્મા આદિને ભલેને જુદા જુદા નામથી બોલવામાં આવે, તેથી કાંઈજ નુકશાન નથી. નામ માત્રના ભેદથી પદાર્થો ભેદને પામતા નથી. જેમ એક શક્ર આદિ અનેક નામથી વ્યવહૃત થવા છતાં શક્ર આદિમાં કાંઈજ ભેદ પડતો નથી.

એક વખત સાધ્યની અભેદતા કાયમ કરી લેવામાં આવે તો સાધ્યની સિદ્ધિના સાધનોમાં વિસંવાદ ન રહે. સાધનોમાં વિસંવાદ ત્યાંસુધી જ ટકી રહે કે, જ્યાંસુધી સાધ્યની એકરૂપતા નિર્ણીત ન થઇ હોય. સઘળાય આસ્તિક દર્શ-નકારો ચાર પુરૂષાર્થમાંથી એક મોક્ષ પુરૂષાર્થને જ મુખ્ય ગણે છે. જો કે મોક્ષના સ્વરૂપ આદિ બાબતમાં દર્શનાન્તરોમાં ભિન્નતા નથી એમ નથી, તોપણ સઘળાય દર્શનકારોને મોક્ષ પુરૂષાર્થજ અભિપ્રેત છે. એક નાસ્તિકદર્શનજ માત્ર વિલક્ષણ છે કે, જે નીવીના મોક્ષને જ મોક્ષ માને છે. શ્રી જૈનદર્શન '**सकलकर्म-क्लेशक्षयलक्षणो हि मोक्षः**' સંસારના બીજ ભૂત જે સઘળા કર્મ, તેનાજ એકાન્તિક અને આત્યન્તિક ક્ષયસ્વરૂપને મોક્ષ માને છે કે જે વાસ્તવિક છે. આજ સ્વરૂપના મોક્ષ સાધ્યની અભેદરૂપે નિર્ણયાત્મકતા હોય તો તેના સાધન બાબતમાં વિસંવાદ કેમ જ ટકે?

ભગવાનશ્રી હરિભદ્રસૂરિજી મહારાજા ફરમાવે છે કે, મોક્ષના હેતુભૂત યોગમાર્ગની ઉત્પત્તિને અવકાશ ત્યારેજ મળે કે, જ્યારે તત્ત્વ વ્યવ-સ્થિત હોય. તત્ત્વ જો વ્યવસ્થિત ન હોય તો યોગમાર્ગની ઉત્પત્તિને અવકાશજ નથી. જૈન-દર્શનમાં જીવ અને અજીવની તત્ત્વ તરીકે પ્રરૂપણા કરવામાં આવી છે. જેને ચેતના હોય

છે તે જીવ કહેવાય છે અને જેને ચેતના નથી તે અજીવ કહેવાય છે. વ્યક્તિરૂપે જીવો અનંત હોવા છતાં શકત્યાદિના સાદ્રશ્યથી તેની એક દ્રવ્ય તરીકે ગણના કરવામાં આવી છે અને અજીવ પાંચ દ્રવ્યોમાં વિભક્ત છે, કે જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ તરીકેની નામસંજ્ઞા પામેલ છે. સારૂંય જગત આ છ દ્રવ્યોથીજ પરિપૂર્ણ છે. એ કોઇનાથી કૃત પણ નથી અને ધૃત પણ નથી. એ તો માત્ર અનાધાર, નભઃસ્થિત અને સ્વયંસિદ્ધ છે. ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્યો, ઉત્પત્તિ, નાશ અને ધ્રુવ ગુણથી અલંકૃત છે. એ છએ દ્રવ્યો ક્દી પણ પોતામાંથી પોતાપણું તજતા નથી તેમ બીજારૂપે પરિણમતા પણ નથી. દ્રવ્યતઃ એટલે મૂલસ્વભાવથી તેઓ અવિચલિત અને અખંડિત છે. જગતમાં ઉત્પત્તિ અને નાશ જે દેખાય છે તે તો માત્ર પર્યાયથી છે, દ્રવ્યથી નહિ. મૂલસ્વભાવથી દ્રવ્યોમાં ઉત્પત્તિ અને નાશનો જો સ્વીકાર કરવામાં આવે તો એકાંત અનિત્યતાની આપત્તિ આવે, કે જે શ્રી જૈન દર્શનને અનભિપ્રેત છે. શ્રી જૈનદર્શન, તત્ત્વમાર્ગની પ્રરૂપણામાં અનેકાંતવાદનો જ આશ્રય કરે છે, કે જે અવાસ્તવિક નથી.

---

## "કલ્યાણ" માં જા+ખ આપવાના દર

| | ૧ માસ, | ૩ માસ, | ૬ માસ, | ૧૨ માસ, |
|---|---|---|---|---|
| આખું પેજ રૂા. | ૧૫) | ૩૫) | ૬૦) | ૧૦૦) |
| અડધું પેજ રૂા. | ૯) | ૨૦) | ૩૫) | ૬૦) |
| પા પેજ રૂા. | ૫) | ૧૨) | ૨૦) | ૩૫) |

ટાઇટલ પેજ ૨ જું રૂા. ૨૦) ટાઇટલ પેજ ૩ જું રૂા. ૨૫) ટાઇટલ પેજ ૪ થું રૂા. ૩૫–૦–૦ એક વખત માટે.

કલ્યાણ હજારો વાચકોના હાથમાં જાય છે કચ્છ, કાઠિઆવાડ, ગૂજરાત, મારવાડ, મહારાષ્ટ્ર આફ્રીકા, વગેરે દેશોમાં જેના ગ્રાહકો છે, એક વખત આપના માલની જા+ખ આપી ખાત્રી કરવા ભલામણ કરીએ છીએ. અશિષ્ટ જા+ખ લેવામાં આવતી નથી.

**કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા** [કાઠિઆવાડ]

---

## સ્થળ સંકોચના કારણે.

નીચેના લેખો રહી જવા પામ્યા છે. **"ભારતીય સંસ્કૃતિમાં ધરમૂળથી જ પલટો."** શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ **રેડસીગ્નલ;** શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ. **વચનામૃતો;** પૂ૦ આચાર્યદેવશ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ, **અભયપળ;** શ્રી ધીરજલાલ, **હળવીકલમે** વગેરે લેખો રહી જવા પામ્યા છે. તેમાં બીજું કારણ લેખો મોડા આવવાનું પણ છે.

**ગ્રાહકોને:—**

૧ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ.
૨ સીરનામું ફરે એટલે તુરતજ અમને જણાવવું.
૩ લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું.
૪ નવાગ્રાહકો બનાવવામાં સહાયક થવું.
૫ જે અંકે આપનું લવાજમ પુરૂં થાય છે, તે અંકે સૂચનાની કાપલી મુકવામાં આવે છે.

લૌકિક પુરૂષની લોકોત્તર મહાત્માની સાથે સરખામણી કરવી તે ગાંડપણ છે.

# શ્રી મહાવીર અને ગાંધીજી

પ્રેષક; પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ.

"**પ્રબુદ્ધ જૈન**" તા. ૬ જાન્યુઆરી ૧૯૪૭ ના અંક ૧૭ માં ભાઈ **દલસુખ માલવણિયા** તરફથી જે હકીકતો પ્રગટ કરવામાં આવી છે, તે જૈનસમાજને અત્યંત આઘાત ઉત્પન્ન કરનારી છે. લેખકે ભગવાન **મહાવીર** અને **ગાંધીજી**ની તુલના કરવાનો પ્રયાસ કર્યો છે. ભગવાન **મહાવીર**ની મહત્તા કયા ગુણોને આભારી છે, તેનું વર્ણન કરતાં તેઓ બતાવે છે કે, "ભગવાને પોતાના સમયના જનસમૂહમાં ફેલાયેલો દાસત્વનો ખ્યાલ નિર્મૂળ કરવાનો સબળ પ્રયત્ન કર્યો હતો. પરંતુ એ વખતે ઈશ્વરનું દાસત્વ, બ્રાહ્મણનું દાસત્વ, જાતિવાદનું દાસત્વ, એટલા દાસત્વ સુધી નજર પહોંચી હતી. મનુષ્ય પોતાના કર્મને–પુરૂષાર્થને આધીન નહી પણ ઈશ્વરની કૃપાને આધીન છે, આવા ખ્યાલથી પ્રજા અકર્મણ્ય બની ગઈ હતી. આવા પ્રકારની ઈશ્વરની પરાધીનતાનો ખ્યાલ એનું નામ ઈશ્વરનું દાસત્વ. બ્રાહ્મણ સિવાય ધર્મક્રિયા, યજ્ઞયાગાદિ થઈ શકે નહી, આવા ખ્યાલથી બ્રાહ્મણની પરવશતા સ્વીકારાઈ હતી. પરિણામે ઉંચ-નીચના ભેદ પડી જવાથી જાતિવાદની પરવશતા પણ આવી ગઈ હતી. તે સમયના લોકોમાં આવી પરવશતા (જેને લેખક દાસત્વ શબ્દથી ઓળખાવે છે) પેસી ગઈ હતી. ભગવાન **મહાવીરે** આ દાસત્વમાંથી લોકમાનસને મુક્ત કરવા પ્રયાસ કર્યો, માટે જ તેઓ મહાન બન્યા અને ભગવાન કહેવાયા."

આ રીતિએ ભગવાન **મહાવીર**ની જનકલ્યાણની ભાવનાનો ઉલ્લેખ કરી તેમની મહત્તા સ્થાપીને **ગાંધીજી**ની મહત્તા સ્થાપવા માટે કહે છે કે, "**ગાંધીજી**એ પણ પ્રજા માનસને દાસત્વમાંથી મુક્ત કરવા અવિરત પ્રયત્ન કર્યો છે; પરંતુ આ વીસમી શતાબ્દીમાં દાસત્વનો મૂખ્ય અર્થ 'રાજકીય ગુલામી' છે. ભગવાન **મહાવીર**ના સમયમાં આ ગુલામી નહોતી, તેમ તો નહી; પરંતુ તે વખતે પ્રજા માનસનો એટલો વિકાસ જ નહોતો કે આ ગુલામી સાલે; એટલેજ આપણે જોઈએ છીએ કે, તે વખતની રાજસત્તા સામે ભગવાન **મહાવીરે** કશું જ કર્યું નહી વીગેરે. પરંતુ આ વીસમી સદીમાં પ્રજામાનસનો વિકાસ થવાથી એમ મનાવા લાગ્યું છે કે, બધી ગુલામી 'રાજકીય ગુલામી'માંથી જન્મે છે અને આ ગુલામીને નાબુદ કરવાનો **ગાંધીજી**નો સતત પ્રયત્ન છે, માટે આજની પ્રજા તેમને મહાત્મા કહે છે. તો પછી ભગવાન અને મહાત્મામાં ફરક શું ?"

આ રીતિએ લેખકે ભગવાન **મહાવીર** અને **ગાંધીજી** બન્નેમાં જનકલ્યાણની એક સરખી ભાવના અને જનસમાજને ગુલામીમાંથી મુક્ત કરવાનો એક સરખો પ્રયત્ન, આ ગુણો આગળ કરી સરખામણી કરી છે; સાથે સાથે એ વાત પણ બતાવી દીધી કે, જ્ઞાનનો વિકાસ થવાથી **ગાંધીજી**એ 'રાજકીય ગુલામી' સામે પગલું ભર્યું છે, તેમ જ્ઞાનનો તેવો વિકાસ નહી હોવાથી ભગવાન **મહાવીરે** રાજસત્તા સામે પગલું ભર્યું નથી અર્થાત્ ગુલામીમાંથી મુકત કરવાનો બન્નેનો પ્રયાસ તુલ્ય કહી શકાય તોપણ **ગાંધીજી**નો પ્રયત્ન સજ્ઞાન કોટિનો છે, જ્યારે ભગવાન **મહાવીર**નો પ્રયત્ન અજ્ઞાન કોટિનો હતો. આથી એટલું

સિદ્ધ થઇ જાય છે કે, સઘળી ગુલામી રાજ-કીય ગુલામીમાંથી જન્મે છે પણ તે સમયમાં આવું જ્ઞાન નહી હોવાથી ભગવાને રાજસત્તા સામે કાંઇપણ પગલું ન ભર્યું. આવી માન્યતાને ધારણ કરનાર લેખક ભગવાન **મહાવીરને** સર્વજ્ઞ તરીકે સ્વીકારવાને તૈયાર નથી બલ્કે આજના સામાન્ય માનવી કરતાં પણ તેમને અજ્ઞાન ઠરાવવાને તૈયાર છે, એટલે અમે તો એમ માનીએ છીએ કે, ભગવાન **મહાવીર** અને **ગાંધીજી**ની જે રીતિએ લેખકે મહત્તા સ્થાપી છે, તે ભગવાન **મહાવીરની** સ્તુતિ નથી પણ અવહીલના જ છે.

મહાસતીના સૌંદર્ય, રૂપ, વિનયાદિ ગુણોની પ્રશંસા કરનારો જો તેણીના સતીત્વનું ખંડન કરવા બેસી જાય, તો એ સતીની સ્તુતિ નથી, પણ ઘોર અવહીલના જ છે. આજે પણ જો કોઈ સતી **સીતા**ના તમામ ગુણોને માન્ય રાખી તેના શિયલમાં દોષનું ઉદ્‌ભાવન કરે અગર તો શંકા પણ કરે, તો તે સતીનો સેવક નથી પણ દ્રોહી છે. અજ્ઞાનતાથી પણ તેવો દ્રોહ કરનારો શિષ્ટ સમાજમાં કદિ પણ નભી ન શકે. ભગવાન **મહાવીરને** અજ્ઞાન, અસર્વજ્ઞ ઠરાવવામાં લેખક પણ પોતાની અજ્ઞાનતા જ જાહેર કરે છે. જો તેમણે શ્રી જિનાગમનું-જૈનશાસનની શૈલીનું અધ્યયન કર્યું હોત અથવા તો ગુરૂગમથી જૈન તત્ત્વ-જ્ઞાનને સમજ્યા હોત, તો કદીપણ તેઓ આવું સાહસ કરી શકત નહી. જે સર્વજ્ઞ ભગવાન **મહાવીર**ના તત્ત્વજ્ઞાનને આજના પાશ્ચાત્ય વિદ્વાનો, ફીલોસોફરો પણ પરમ આદરની નજરથી નીહાળે છે, ગણધર ભગવંતોએ, ચૌદ પૂર્વીઓએ તથા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી આદિ પૂર્વાચાર્યોએ જેમને લોકોત્તર વીતરાગ પુરૂષ તરીકે સ્વીકાર્યા છે, જેમના અચિન્ત્ય ગુણો સંબંધી તમામ જૈન શાસ્ત્રોમાં એક સરખી વાત આવે છે અને જેમને વર્તમાનનો જૈન સંઘ ત્રિકાળ પરમશ્રદ્ધા અને ભક્તિથી પૂજે છે તે ભગવાન **મહાવીરમાં** નહી જેવા લૌકિક ગુણોનું આરોપણ કરી તેમની મહત્તા ગાવી અને તેમના લોકોત્તર ગુણોનો અપલાપ કરવો, એ એમની સ્તુતિ નથી, ભકિત નથી પણ દ્રોહ છે. આમાં કેવળ ભગવાન **મહાવીરનો** દ્રોહ નહી પણ તમામ ગણધરો, પૂર્વાચાર્યો અને સમસ્ત જૈન સંઘનો દ્રોહ છે. અજ્ઞાનતાથી પણ એક મહાપુરૂષને માટે યદ્વા-તદ્વા બોલાઈ જાય તો તેને પણ જૈન શાસ્ત્રકારોએ મહા પાતક માન્યું છે અને કોઇપણ શિષ્ટ પુરૂષ આવું પાતક કરવાનું સાહસભર્યું પગલું ન જ ભરે, એ દેખીતી વાત છે.

બીજી એક વાત લેખકભાઇના હિતને માટે જણાવવી જરૂરી છે અને તે એ છે કે, ભગ-વાન શબ્દ અને મહાત્મા શબ્દનોઅર્થ, જેમણે સંપૂર્ણ પણે વિષય-કષાયાદિ આંતર શત્રુઓને જીત્યા નથી પણ જીતવાને માટે પ્રયત્નશીલ છે તે કહેવાય મહાત્મા; અને જેમણે સંપૂ-ર્ણપણે આંતર શત્રુઓને જીતી લીધા છે તે કહેવાય ભગવાન.

સાધક દશામાં રહેલ કહેવાય મહાત્મા, અને સિદ્ધદશાને પામેલા કહેવાય ભગવાન. આમ ભગવાન અને મહાત્મા શબ્દમાં સ્પષ્ટ અર્થભેદ હોવા છતાં અને તમામ શાસ્ત્રકા-રોને તથા શબ્દકોષકારોને એ જાતિનો અર્થ ભેદ સંમત હોવા છતાં ભગવાન અને મહા-ત્માને સરખામણી કરવા મથવું, એ તો સાગ-રને ખાબોચીયા સાથે સરખાવવા જેવી નરી અજ્ઞાનતા છે. **ગાંધીજી** જો કષાય વિજય માટે

# મહાસાગરનાં મોતી

[ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં પ્રવચનોમાંથી નોંધ કરેલાં સુવાકયોનો સંગ્રહ; સંગ્રહકાર; પૂ. મુનિરાજશ્રી નેમવિજયજી મહારાજ ]

**રા**ગની આગને બુઝાવવા માટે જો કોઇ સુંદર વસ્તુ હોય તો તે ત્યાગ છે.

**અ**નીતિ એ જગતનાં જંતુઓને શ્રાપરૂપ છે.

**શ**બ્દશુદ્ધિ હોય ત્યાં અર્થશુદ્ધિ હોય, અર્થશુદ્ધિ હોય ત્યાં જ્ઞાનશુદ્ધિ હોય, જ્ઞાનશુદ્ધિ હોય ત્યાં આચારશુદ્ધિ હોય અને ત્યારેજ મોક્ષ મળે.

**જુ**ઠ બોલીને, શરીરને પુષ્ટ કરીને, પ્રપંચો કરીને ઘણો કાલ ગુમાવ્યો પણ યાદ રાખજો કે, એક દિવસ એ શરીર રાખ થઇ જવાનું છે.

**જે**વી રીતે પૃથ્વી, ચંદ્ર અને સૂર્ય એક લાઇનમાં આવી જાય ત્યારે ગ્રહણ થાય છે એમ સાયન્સવાલાઓ માને છે તેવી રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રિપુટી પણ એક લાઇનમાં આવી જાય ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે.

**ગુ**ણની પીછાણ નથી તે દૃષ્ટિરાગ.

**જે** જે આત્માને વીતરાગની મૂર્તિ જોઇને આનંદ આવે છે તે આત્મા જરૂર એક દિવસ સંસાર તરવાનો.

**જે**ને ધર્મ સ્પર્શ્યો હોય તે ભાવિ દુઃખથી ગભરાય નહિ.

**ગુ**રૂ ઉપર જે બડબડે તે ચોરાશીમાં લડથડે.

**શા**ણા પુરૂષો ખૂબ ખૂબ વિચાર કરી પછી જ દરેક કામ કરે છે. આ કામનું પરિણામ સુંદર આવશે કે ખરાબ? આ કાર્ય શુભ છે કે અશુભ? વગેરે બરાબર વિચારીને પછીજ તે કામ કરનારા ડાહ્યા ગણાય છે.

**આ** ભવમાં પ્રાપ્ત થએલી ઋદ્ધિ-સમૃદ્ધિ પણ પૂર્વભવ સંચિત ધર્મને આભારી છે.

**શ્રી** જિનેશ્વર દેવના વિજયવંત શાસન વિના બીજે બધેય ઉલટી ગંગા વહી રહી છે.

**સં**યમ સંતાનને આબાદ રાખનાર, પાળનાર, ટકાવનાર અને આગળ વધારનાર પાંચ સમીતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન જયણાને માતા કહેવામાં આવે છે.

**પ્રા**પ્ત થએલાં સાધનોને રૂડીરીતે કેળવવાં કે ઊંધાં કેળવવાં તે પોતાના હાથમાં છે.

**સ**બરસનું બીજ તે સદાચાર અને સમરસનું બીજ તે મનુષ્યભવ.

**સ**દાચાર એ જ જીવનનો શણગાર છે, દુરાચાર એ જીવનનો અંગારો છે.

**સુ**ખી થવું હોય તો ત્યાગની માત્રાનું સેવન કરો.

---

પ્રયત્નશીલ રહેતા હોય અને જો તેમણે સંપૂર્ણ કષાય વિજય ન કર્યો હોય, તો હરગીજ તેમને ભગવાન તો ન જ કહેવાય, મહાત્મા કહી શકાય કે નહિ એ ચર્ચા અત્રે અસ્થાને છે. અંશે-અંશે પણ જો કષાયો ઉપર વિજય મેળવી શકાય છે, તો કષાયનો સંપૂર્ણ વિજય માનવામાં કોઈ જ બાધ દેખાતો નથી. જે કોઈ આત્મા એવો સંપૂર્ણ વિજય મેળવે તેને ભગવાન અથવા ઈશ્વર કહી શકાય. આખી શ્રમણ પરંપરાનો ઇતિહાસ સાક્ષી આપે છે કે, ભગવાન **મહાવીરે** સ્વપુરૂષાર્થથી સંપૂર્ણપણે પોતાના આંતર શત્રુઓને જીત્યા હતા અને માટે જ તેઓ ભગવાન તરીકે પૂજાયા છે, આજ પણ પૂજાય છે, અને ભવિષ્યમાં પણ પૂજાશે.

**શ**મરસનું પાન કરતો હોય, તેમાં સ્નાન કરતો હોય, શમરસને ઝીલી રહ્યો હોય અને ક્લિષ્ટ કર્મોને પીલી રહ્યો હોય તે ભાવ જૈન છે.

**જે**નો વિવેકસૂર્ય અસ્ત થાય તે દુર્ગતિનો અધિકારી થાય છે.

**જી**વનને વિષયોમાં જોડી, જીવન પાત્રમાં મોહની માત્રાનું જોર રહ્યું તો મરવાનું છે.

**સાધુ** ઉપકાર કરવાને ટેવાયેલા હોય, તે છેવટ સુધી ઉપકાર કરે અને શ્રાવક ગુણ ગ્રહણ કરવાને ટેવાયેલા હોય, તે ઠેઠ સુધી ગુણ જ ગ્રહણ કરે.

**જ્ઞાની** જનોએ પ્રરૂપેલ સ્યાદ્વાદને શિરસાવંદ્ય માને-સ્વીકારે તે જૈન કહેવાય.

**જ**ન્માન્ધ હોવું સારૂં પણ શ્રદ્ધાન્ધ હોવું ખોટું.

**વિ**નયપૂર્વક ગ્રહણ કરાયેલું જ્ઞાન સંસાર ઘટાડે છે અને અવિનયથી લેવાયેલું જ્ઞાન દુર્ગતિમાં લઈ જાય છે.

**નિ**સ્તાર પામવો હોય તો નવકાર મંત્ર ગણવાનો અભ્યાસ પાડો.

**જો** તમોને નવકારમંત્ર ગણવાનો અભ્યાસ પડી જાય તો મરતી વખતેય, અરે ! સન્નિપાત માંય નવકાર મંત્ર ગણ્યે જ જવાય. બેડોપાર થઈ જાય-નિસ્તાર થઇ જાય.

**બ**હુમાન વિનાનો વિનય નિરર્થક છે. મૂલ્ય બહુમાનનું છે. બેય હોય તો સોનું અને સુગંધ.

**પા**રાવાર પીડા કરનાર પરમાધામીને પણ પરિણામે પારાવાર પીડા ભોગવવી પડે છે.

**વિ**ષયાધીન આત્મા વિષયની ક્ષણિક મજામાં એવા પાગલ બને છે કે, બિચારાઓને ભાવિ સજાનું ભાન રહેતું નથી.

**ધિ**ક્કાર છે, ઉપકારી માતા-પિતાની બે અદબી કરનાર પુત્રોને !

**જે**ઓ માતા-પિતાના થતા નથી તેઓ દેવ તથા ગુરૂના શી રીતે થવાના ?

**જો** હૃદયમાં સાચી ભક્તિ વસેલી હોય તો મંદિર, મૂર્તિ, ઉપાશ્રય આદિ ધાર્મિક સ્થાનોમાં રહેલી ખામી દૂર કરવા સર્વસ્વનો ભોગ આપવો પડે તો અપાય. આશાતના દૂર કરાય.

**સ**રલતા છે ત્યાં વિનય આવીને ઉભો રહે છે.

**સ**ર્વ પ્રકારનાં દાનમાં શ્રેષ્ઠ અભયદાન છે.

**મ**મતા જાય તો સમતા આવે, સમતા આવે તો શિવસુંદરીને વરવામાં જીત થાય.

**મા**તા-પિતા પોતાના કહેવાતા પ્રેમરાગને, જો સંતાનને વિષયવાસનામાં જોડવામાં દોરે તો તે પ્રેમ સંતાન માટે ક્ષેમ કરનારો નથી, પણ તેની કમબખ્તિ કરનારો છે.

**સં**તતિને ધર્મમાર્ગે વાળવાની ઇચ્છા ધરાવનાર, વાળવાના પ્રયત્નો કરનાર હોય તો ધર્મપિતા.

**સં**તાનો સાથે વ્યાપારાદિની માત્ર આલોકના હિતની વાતો કરનાર કર્મપિતા છે.

**રા**ગદ્વેષની ચીકાશ વધારે તેમ કર્મનો બંધ ગાઢ વધારે સમજવો.

**શુ**ભાશુભ કર્મબંધ તથા નિર્જરાનો આધાર આશય પર નિર્ભર છે.

**અ**નુષ્ઠાન, ઉપવાસ આદિ તપશ્ચર્યા, જપજાપ વિગેરે તમામ ઉચ્ચ ભાવના વિના ફોતરાં ખાંડવા જેવું છે.

---

ગયા વર્ષના અંકોની આપને જરૂર ન હોય તો અમારે ખાસ જરૂર છે તો "કલ્યાણ પ્રકાશન મંદિર" ના સીરનામે મોકલી આપશો.

યુવાનીનું ખમીર સન્માર્ગે વાળવામાં આવે તો જ તેનું સાર્થકપણું છે.

# યુવાવસ્થાનો સદુપયોગ;

શ્રી પદ્મકુમાર

યુવાવસ્થાનો સદુપયોગ શી રીતિએ થઇ શકે અગર તો યુવાવસ્થાનો સદુપયોગ એ શી ચીજ છે ? વસ્તુતઃ કોઇપણ અવસ્થા એવી નથી, કે જેનો સદુપયોગ ન થઈ શકે; પણ યુવાવસ્થા, એ એવી અવસ્થા છે કે, એનો દુરૂપયોગ ઝટ થાય છે અને સદુપયોગ ભાગ્યે થાય છે. યુવાવસ્થામાં ઇન્દ્રિઓનું બળ જોરદાર હોય છે. લોહી ગરમાગરમ હોય છે, ઉત્સાહ અપૂર્વ હોય છે. આથી સુયોગ્ય માર્ગદર્શકના અભાવે એ અવસ્થા અવળાં કામો કરવામાં સહેજે વપરાઈ જવાનો સંભવ રહે છે, માટે જ તેનો ખાસ વિચાર કરવો જોઇએ. યુવાવસ્થા કરતાં બીજી અવસ્થાઓનો દુરૂપયોગ થવાનો સંભવ ઓછો છે માટે યુવાવસ્થાના સદુપયોગની વિશેષતઃ વિચારણા કરવી જોઇએ.

એ જ રીતિએ કોઈપણ સારા કામને માટે બાલ્યાવસ્થા અગર વૃદ્ધાવસ્થા નકામી છે એમ નથી, પરંતુ જેવી રીતિએ સારા કાર્યો યુવાવસ્થામાં થઈ શકે છે, તેવી રીતિએ બીજી અવસ્થાઓમાં પ્રાયઃ થઇ શકતાં નથી.

પહેલી અવસ્થાની, બીજી અવસ્થા ઉપર ઘણી અસર રહે છે; એટલે જેવા પ્રકારની યુવાવસ્થા પસાર કરી હોય તેની તેવી છાયા પ્રાયઃ વૃદ્ધાવસ્થામાં પડે છે. વૃદ્ધાવસ્થાને જો સુધારવી હોય તો યુવાવસ્થાને સુધારવી એ પહેલું જરૂરી છે અને યુવાવસ્થાને સારી રીતિએ પસાર કરવી હોય તો એ માટે બાલ્યાવસ્થા સુધારવી જોઇએ.

પરંતુ હરેકને બાલ્યાવસ્થામાં સારા જ સંસ્કારો મળ્યા હોય, દરેક યુવાનનો બાલ્યકાળ સુંદર વાતાવરણમાં જ પસાર થયો હોય એ બનવું ~~ઘણું જ~~ અશકય ગણાય. એટલે જેઓને બાલ્યકાલમાં સુસંસ્કારો પ્રાપ્ત થયા નથી, તેઓ પણ પોતાની યુવાવસ્થામાં સાધવાજોગું સાધી શકે એ કારણે યુવાવસ્થામાં સાધવાજોગું સાધી જવામાં કયી વસ્તુ નડે છે એનો અને એ નડતરને કયી રીતિએ દૂર કરવી એ વિગેરે વિચારવું જરૂરી છે.

બાલ્યાવસ્થા, યુવાવસ્થાની જનેતા છે. બાલ્યાવસ્થાના સંસ્કારો અને સામગ્રી મળતાં, યુવાવસ્થા કાર્યસાધક બને છે. સુસંસ્કારિત બાલ્યાવસ્થા યુવાવસ્થાને વધુ સંસ્કારિત બનાવે છે, બાલ્યાવસ્થાનું ઘડતર માતાપિતા આદિ વડિલોને આધીન છે. પોતાના સંતાનોની, આશ્રિતોની અને સહવાસિઓની યુવાવસ્થા ઉન્માર્ગે ન જાય એવી બનાવવી હોય, તો તે માતા-પિતા આદિ વડિલોની ફરજ છે કે, પોતાનાં સંતાનોની, આશ્રિતોની, અને સહવાસિઓની બાલ્યાવસ્થાને સુસંસ્કારોથી સુંદર બનાવવી. એમ થાય તો યુવાવસ્થાના દુરૂપયોગનો ભય બહુધા ટળી જાય. બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કારો એવા મજબુત હોય છે કે, એ ભાગ્યે જ ભુંસાય છે, બાલ્યાવસ્થાના સંસ્કારોને ભુંસવાનો પ્રયત્ન કરવામાં આવે, તો પણ તેની મોટે ભાગે કાંઇને કાંઈ અસર જરૂર રહી જાય છે. માટે હિતસ્વીઓએ બાલ્યાવસ્થામાં જ સુસંસ્કારો બાળકોને મળે એવો પ્રયત્ન કરવો જોઇએ. બાળકોનું જીવન પરાશ્રિત અને પ્રાયઃ સરળ હોય છે. એમાં પ્રાયઃ ધાર્યા સંસ્કારો નાખી શકાય છે. આમ છતાં પણ બાળકોના જીવનને ન સુધારવામાં આવે તો તેની જવાબદારી તેના વડિલો પર છે.

જેવી રીતિએ બાળકોને સુધારવાં એ વડિલોના હાથની વાત છે એવી જ રીતિએ યુવાનોએ સુધરવું એ તેમની મુનસફીની વાત છે. બાળકોને સુધારવામાં માબાપ આદિની ઇચ્છાથી કામ થાય પણ યુવાનોને સુધારવા એ તેમની મુનસફી ઉપર મોટો આધાર રાખે છે. મોટે ભાગે તો યુવાનો પોતેજ સમજે તો સુધરે. યુવાનોના ખ્યાલમાં જો આવી જાય કે, 'આપણે આપણા જીવનને ખચિત બરબાદ કરી રહ્યા છીએ' તો તેમનામાં જીવનને સુધારવાની તમન્ના પ્રગટે અને જ્યારે જીવનને ખરાબીએ જતું અટકાવી તેઓ પોતાના જીવનને સન્માર્ગગામી બનાવે તો પોતાની યુવાવસ્થા દ્વારા સાધવાજોગું સાધી જાય છે.

યુવકો યુવાવસ્થામાં સાધવાજેગું તો જ સાધી શકે છે કે, તેઓ જો પોતાનું સંપૂર્ણ જીવન શિષ્ટ-પુરૂષોની–આપ્તપુરૂષોની આજ્ઞાથી નિયંત્રિત બનાવે. આજ્ઞાને આધીન બનેલા યુવકો સ્વ–પર ઉભયનું હિત સારીરીતે સાધી શકે છે. જ્યાંસુધી શિષ્ટ પુરૂષોની–આપ્તપુરૂષોની આજ્ઞાધીનતા ન આવે ત્યાંસુધી યુવાવસ્થાની સફલતાની આશા આકાશકુસુમવત્ છે. યુવાવસ્થાના મદથી મદોન્મત્ત બનેલા માનવહાથી માટે આપ્તપુરૂષની આજ્ઞા અંકુશની ગરજ સારે છે.

યુવાવસ્થામાં લાગણીઓનું પુર આવવું એ તદ્દન સ્વાભાવિક છે, પણ જ્યારે એ પૂર જોસબંધ વહેવા માંડે ત્યારે એને યોગ્ય દિશાએ વાળી લેવું જોઇએ. કોઈ પૂછે કે, જુવાનીમાં તનમનાટ કેમ? સમજવું જોઇએ કે, વય એવી છે માટે. એ તનમનાટના પૂરને વહેવા દેવું જોઇએ. પણ કરવું એ જોઇએ કે, એ પૂર જ ઉત્તમ કામ આપે. નદીના પૂરને અટકાવવાની મહેનત કરાય, તો એ અટકે ખરૂં? કેટલીક વાર તો નદીનાં પૂર, પહાડ ભેદીને પણ વહી જાય છે. એ પૂરને કેવળ રોકવાની મહેનત કરવી એ ફોગટ છે. એ રોકયું રોકાય નહિ. ત્યારે એ પૂરથી નુકશાન ન થાય અને લાભ ઉઠાવી શકાય, એ માટે ડાહ્યાઓ પૂરને વહી જવાના અનેક માર્ગો ખોલી નાખે છે. નીકો બનાવીને જ્યાં એની જરૂર હોય છે ત્યાં લઈ જાય છે. વેગબંધ આવતા પૂરનો સદુપયોગ કરવો એ હાથની વાત છે, પણ એને રોકવું એ હાથની વાત નથી. તેમ યુવાવસ્થામાં ઉર્મિઓનાં પૂર ઉલટે, અનેક પ્રકારની ભાવનાઓ ઉત્પન્ન થાય, વિચારોનો ધોધબંધ પ્રવાહ વહેવા માંડે તે સ્વાભાવિક છે એને કેવળ રોકવાની મહેનત કરવી એ મૂર્ખાઈ છે, કારણ કે, એ પૂર પણ રોકયું રોકી શકાતું નથી, છતાં એ પૂરને યોગ્ય દિશાએ જરૂર વાળી શકાય છે, અને એમ કરવામાં જ ડહાપણ છે. આથી યુવાવસ્થાનાં વહેણો સન્માર્ગે વળે એવી જ યોજનાઓ હિતેચ્છુઓએ ઘડવી જોઇએ.

પૂર્વકાલમાં યુવાનો આદિમાં જે વિનય, નમ્રતા, શાન્તિ, સહનશીલતા વિગરે ગુણો હોવાનું શાસ્ત્રમાં વાંચીએ છીએ, ઇતિહાસથી જાણી શકીએ છીએ, પુરાતની માણસોની વાતોમાં સાંભળીએ છીએ, તે આજે પ્રાયઃ દેખાતા નથી. એનું મૂખ્ય કારણ એ છે કે, એ ગુણો પ્રગટે અને ખીલે એવું વાતાવરણ નથી ઘરમાં, નથી નિશાળમાં, નથી બજારમાં કે નથી બીજે કોઇ સ્થળે. ધર્મસ્થાનમાં એ વાતાવરણ હોય ત્યારે ત્યાંની શિસ્ત પ્રમાણે જવામાં નાનમ લાગે છે. બીજે સ્થળે જાય તો ત્યાંના કાનુન પાળવા બંધાઇને જાય, કોઇ ઓફીસમાં કોઈ અધિકારી પાસે અથવા દુનિયામાં ગણાતા મોટા માણસ પાસે જવું હોય તો શું કરવું પડે છે એ સૌ સમજે છે, કેટલું સભ્ય બનવું પડે છે! એજ રીતિએ ધર્મસ્થાનમાં આવનારે અનંતજ્ઞાનીઓના કાનુનો પ્રમાણે શિસ્ત પાળવી જોઇએ. ત્યાં ગમેતે રીતિએ અવાય, ગમેતેમ બોલાય અને ગમેતેમ વર્તાય, એ યોગ્ય નથી.

આજે સૌ સ્વતન્ત્રતાની વાતો કરે છે. સૌને સ્વતન્ત્ર બનવું ગમે છે, પણ વ્યવહારમાં આજીવિકા ચલાવવાને માટે, નોકરી નિભાવવાને માટે, આબરૂ જાળવવાને માટે કેટલી અને કેટલાની આજીજીઓ કરવી પડે છે, સલામો ભરવી પડે છે, નમ્રતા રાખવી પડે છે. અવસરે બૂટ પણ ઉપાડવા પડે અને દાઢીમાં હાથ પણ નાખવો પડે છે. ત્યાં સઘળુંએ પરાધીન બની વર્તવું પડે છે. એ કાંઇ ભણાવવું પડે તેમ નથી; પણ એ મંદિરમાં, ઉપાશ્રયમાં કે કોઈપણ ધર્મસ્થાનમાં આવે એટલે મોટો જેન્ટલમેન. દુનિયાનું સઘળુંએ ભૂલી જાય. સ્વતંત્રતાની વાતો દુનિઆમાં જરાએ નભતી નથી. એ બડાઇની અને શેખાઇની વાતો ધર્મસ્થનોમાંજ. આતો ધર્મસ્થાનોની અવગણના છે, અનંતજ્ઞાની દેવ પાસે અને નિર્ગ્રંથ ગુરૂ પાસે જતાં કેટલી સભ્યતા અને શિસ્ત જોઇએ? દુનિયામાં શિસ્ત કે સભ્યતા છોડવાથી નોકરી ગુમાવાય. જ્યારે અનંતજ્ઞાનીઓની પાસે સભ્યતા કે શિસ્ત ગુમાવવાથી અનંતકાળ સંસારમાં ભમવું પડે છે અને દુઃખોમાં સડવું પડે છે. સુદેવ, સુગુરૂ, અને સુધર્મની પરતન્ત્રતા, એ યુવાનીનો સદુપયોગ છે. આ ત્રણની આજ્ઞાનું પાલન અને એ ત્રણની સેવામાં

જીવનનું સમર્પણ એજ યુવાનીનો સાચો સદુપયોગ છે.

યુવાન નાશવંતી વસ્તુ માટે ફરજ કેમ ચૂકે? નાશવંતી વસ્તુ ખાતર માતા સાથે, પિતા સાથે કે કોઈપણ વડિલ સાથે પોતાની ફરજ-મર્યાદા ન ચૂકે, અવસર આવે તો એ નાશવંત વસ્તુને મૂકીને ચાલી નીકળે. ભલે એ ભોગવે, મારૂં પુણ્ય હશે તો મને ગમે ત્યાંથી મળી રહેશે! આટલી ઉદારતા એનામાં હોવી ઘટે. આ જાતની ઉદારતા આવે તો અવસરે ધર્મને સાચવવાને માટે દુન્યવી સુખસામગ્રીને લાત મારતાં વાર ન લાગે.

અનેક ખામીઓથી ભરેલો યુવક પોતાને લાયક માને છે. વડિલોની નાલાયકાત વર્ણવવામાં ઘણોજ રસ ધરાવે છે. પોતાની નાલાયકાત માનવામાં શોભા કે વડિલોની નાલાયકાત વર્ણવી તેમને ઉધલાવવામાં શોભા? આ ખાસ યુવાને વિચારવા જેવું છે. આ ગુણ યુવાનો માટે પહેલો જરૂરી છે. પૂર્વકાલમાં આ ગુણ જીવતો અને જાગતો હતો. ધનાજી જેવા સમર્થ યુવાનો હક્કદાર હોવા છતાં પણ માલમીલ્કત મૂકીને ચાલી નીકળ્યા. આ તો અવસરે પોતાની ફરજ સાચવવાને માટે. બાકી શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને માથે ચઢાવી, તજવું એ તો ઉંચી કક્ષાની વાત છે. શ્રી વીતરાગ પરમાત્માએ આખાએ સંસારને છોડવા જેવો કહ્યો છે. યુવાવસ્થામાં એનો ત્યાગ બરોબર થાય, તો કમીના શી રહે? યૌવન અવસ્થાનો જો કોઈપણ સારામાં સારો સદુપયોગ હોય તો તે એજ છે કે, એ અવસ્થાને મુક્તિની આરાધનામાં જોડી દેવી. આપણા આ લેખનું મૂખ્ય ધ્યેય છે. યૌવનવસ્થા વિષયનો રાગ વધારવા માટે નથી; પણ વિષયનો વિરાગ કેળવવા માટે છે. સંસારની સાધના માટે નથી, પણ મોક્ષની સાધના માટે છે. પૌદ્દગલિક મોજમજાહ કરવા માટે નથી પણ આત્મકલ્યાણ સાધવા માટે છે, વિષયાધીન બની ગમેતેમ વેડફી નાખવા માટે નથી; પણ આત્મલક્ષ્મી પ્રગટાવવા માટે છે, યુવાવસ્થાનો એજ વાસ્તવિક સદુપયોગ છે, એથી વિપરીતપણે વર્તવું એ દુરૂપયોગ છે. મુક્તિની આરાધના માટેજ જો આ વયનો ઉપયોગ થવા માંડે તો દુનિયામાંથી કજીયા નાશ પામી જાય. આજે યુવાવસ્થામાં શું થાય છે? પ્રાયઃ વિષયસેવામાંજ આ વય વ્યતીત કરાય છે. વિષયોપભોગ આદિથી આત્માની શકિત વધે કે ઘટે? આત્માની શકિતને ઘટાડવી અને આત્માને પામર બનાવવો એ કોનો ધર્મ? યૌવનવયમાં કરેલો ભોગવટો પછી સાલવાનો ખરો કે નહિ? આજે જે દર્દો થાય છે તે પ્રાયઃ અતિ વિષયરાગને આભારી છે. વિષયોમાં રાચીને વધાર્યું શું? બુઢ્ઢાઓને પૂછી જુઓ કે, વિષયો ભોગવી ફળ શું મેળવ્યું? જીંદગી સુધી ખોં-ખા કરવું પડે, ગળફા કાઢવા પડે, એ મોટે ભાગે કોનો પ્રતાપ? કોઇ સારા કામ માટેની લાયકાત ન રહે, સારા કામમાં બુદ્ધિ ચાલે નહિ, એ કોનો પ્રતાપ? બુઢ્ઢા થતાં સુધી બધી બુદ્ધિ, શકિત, કેવળ દુન્યવી સુખ સામગ્રીને મેળવવા-સાચવવા-ભોગવવા પાછળ ખર્ચી એટલે બાકી શું રહે?

આફતના વખતેય સંતોષ ને પ્રસન્નતા જળવાઈ રહે, આ કયારે બને? ભાગ્ય ઉપર વાસ્તવિક શ્રદ્ધા હોય તો. આ બીજો ગુણ છે. જેનામાં પૌદ્દગલિક વસ્તુઓ છોડવાની તાકાત હોય, યોગ્ય મર્યાદાને નહિ ચુકવાને માટે એટલો પણ ત્યાગ કરવાની જેનામાં વૃત્તિ હોય, તેનામાં નમ્રતા જરૂર હોય. હક્ક છતાંએ વડિલો આપવાજોગું ન આપે, એ વખતે 'આપણો હક્ક છે, કેમ ન આપે, જોઇ લઇશ,' આ જાતના ઉદ્દગારો ન નીકળે અને એમ થાય કે, એમના પુણ્યનું એ ભોગવે એમાં મ્હારે ગ્લાનિ કે અપ્રસન્નતા પામવાની જરૂર નથી. ભાગ્ય કે પુણ્ય વિના ભોગસામગ્રી મળતી નથી, આવા વિચારો ભાગ્ય ઉપર વાસ્તવિક શ્રદ્ધા હોય તોજ આવે અને એથી આફતના વખતેય સંતોષ અને પ્રસન્નતા જળવાઈ રહે.

આફતમાં અદીનતા એ પણ એક ગુણ છે. આફત વખતે પણ કોઈ પૂછવા આવે તો કહેવું કે, દુનિયા છે, એ પણ આવે. દુનિયાના સંયોગો વિયોગવાળા છે, જ્યાંસુધી પુણ્ય હોય ત્યાંસુધી રહે. પુણ્ય ખૂટે એટલે જાય. આ તો પુણ્ય-પાપની રમત છે. કેમ કરી આ રમતમાંથી આપણે છૂટીએ. આ

ઉદ્‌ગારો ક્યારે નીકળે આફતના વખતે અદીનતા ગુણ હોય ત્યારેને? શું દીનતા કરવાથી દુ:ખ ટળી જાય છે?

આજના યુવાનો નાટક, સીનેમા, હોટેલમાં મોજ કરવા કેમજ જઇ શકે? કારણકે આજના જુવાનો તો કહે છે કે, અમને બેકારી બહુજ સાલે છે. જો બેકારી સાલતી હોય, બેકારોનાં દુ:ખો જેઓને સાલતા હોય, દુખીઓની દયા જેમને આવતી હોય અને બેકારોને મદદ કરવાની તથા કરાવવાની જેમની ઇચ્છા હોય તે જુવાનો હોટેલમાં, નાટકમાં, સીનેમામાં જાય? દુનિયાના બેકારોનાં દુખોની વાતો કરે અને નાટક, સીનેમામાં પૈસા ખર્ચે! એમ કરે તે સાચો છે કે ઉડાઉગીર છે? યુવક મોજમજાહથી દુર રહે. મોજમજાહના સાધનો એને ન આકર્ષે, એની ઇન્દ્રિઓ એને આધીન હોય. આ યુવક જગતનો વિશ્વાસુ હોય! એના તરફથી સૌને ઉપકાર થતો હોય, કદીએ કોઇના પણ અપકારમાં એનો હાથ ન હોય. આ રીતિએ વર્તવાની તાકાત તેનું નામ યુવાની. આવી તાકાતવાળાની યુવાવસ્થા એ ધર્મસાધક અવસ્થા છે. આથી ઉલટી રીતિએ વર્તી ઇન્દ્રિયોને અને કષાયોને આધીન બની જગતભરના વિષયો ભોગવવાનો અખતરો કરતાં, યુવાનીનું ઘોડાપુર ક્યાંય દુર્ગતિના ખાડામાં હડસેલી મૂકશે. શ્રી વીતરાગ આજ્ઞાને માથે ધરનાર યુવાન આ જીંદગીમાં સાધ્ય-સાધક બની ઉત્તરોત્તર ઉત્તમ સામગ્રી મેળવી સાચી સ્વતંત્રતાનો ભોક્તા બની શકે છે. અસ્તુ

---

## પુણ્ય ઉપાર્જન કરો!

### સિંધપ્રાંતના ઉમરકોટમાં ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમા નીકળી.

**ઉમરકોટ [ સિંધ ] શ્રી જૈન સંઘ તરફથી શ્રી રૂપચંદ કપુરચંદ નિવેદન કરે છે કે, ઉમરકોટમાં તા. ૨૦ ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે કુવો ખોદતાં શ્રી સંભવનાથ ભગવાનની ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમાજી નીકળ્યાં છે. ઐતિહાસિક તપાસ કરતાં માલુમ પડયું છે કે, જે જગ્યાએથી પ્રતિમાજી નીકળ્યાં છે તે જગ્યાએ પ્રાચીન જૈન મંદિર હોવું જોઇએ.**

ઉમરકોટની એક વખત જાહોજલાલી હતી. જૈનોનાં ૨૫૦-૩૦૦ ઘર હતા. આજે જૈનોનાં ફક્ત આઠ ઘર અને એક પ્રાચીન જિનાલય છે. તેનો જિર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર ઉભી થઇ છે. જિનાલય જિર્ણ હાલતમાં છે.

સંઘે એક જિર્ણોદ્ધાર કમીટી નીમી છે. તેની દેખરેખ નીચે જિર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

**અમારા તરફથી જિર્ણોદ્ધાર કમીટીના મેમ્બર તથા શ્રી દેવન્દ્રસાગરજી આદિ ટીપને માટે બહાર નીકળ્યા છે. તો શ્રીમંત દાનવીર મહાશયો તન, મન અને ધનથી સહાયતા કરી પુણ્ય ઉપાર્જન કરશે.**

| સહાયતા મોકલવાનું ઠેકાણું | નિવેદક | સહાયતા મોકલવાની બ્રાંચ ઓફીસ |
|---|---|---|
| **શેઠ ચુનીલાલજી ભૈરવદાસજી** | **શેઠ રૂપચંદ કપુરચંદ** | **શ્રી ચિંતામણલાલ ભણશાલી** |
| ઠે, ભાવરોકા ચોક મુ. **હાલા;** | ઉમરકોટ [ સિંધ ] | મુનીમ; **ચાંદભુવન પાલીતાણા.** |
| જિ, હૈદ્રાબાદ. N. W Ry | | [ કાઠિઆવાડ ] |

# મોક્ષમાર્ગનો ઉપાય;

પૂ. પં૦ પ્રવિણવિજયજી મહારાજ

શ્રી ભરત ચક્રવર્તી અને ઇલાચી પુત્રના દ્રષ્ટાંત વડે પુરવાર કરવામાં આવ્યું છે કે, જીવનમાં દ્રવ્યચારિત્ર પ્રત્યે શ્રદ્ધા ધરાવ્યા સિવાય ભાવચારિત્ર આવતું નથી. ભાવચારિત્ર એ મોક્ષનું કારણ છે તેમ દ્રવ્યચારિત્ર એ ભાવચારિત્રનું કારણ છે. આ હકીકત પૂજ્ય મહારાજશ્રીએ સુંદર શબ્દો અને શૈલીદ્વારા સચોટ રજૂ કરી છે. સં૦

જેમ સુખ–દુઃખમાં મૂખ્યતયા તો શુભાશુભ કર્મો જ કારણ છે. સુખ–દુઃખ આપનાર તો નિમિત્ત માત્ર ગણાય છે. તે જ મુજબ ભરતજીને તથા ઇલાચી પુત્રને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં મુખ્યતયા તો તેમની અંતરંગ શુદ્ધિ તથા સંસારની અનિત્યતાનું જ્ઞાન જ કારણ છે. આરિસા ભુવન અને દોરડા ઉપરનું નૃત્ય એ તો નિમિત્ત માત્ર હતાં. નિમિત્ત કોઇ મોક્ષનું મુખ્ય કારણ ન ગણાય અને એટલા જ માટે પૂ. ઉમાસ્વાતીજી મહારાજ તત્ત્વાર્થ સૂત્રના પહેલા જ સૂત્રમાં મોક્ષમાર્ગના સાધન તરીકે જણાવતાં કહે છે કે,

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**

અર્થાત્ સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર એ ત્રણ મલીને જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે. ગમે તે નિમિત્તથી અને ગમે ત્યાં ઉપરોક્ત રત્નત્રયીની હાજરી, જેના હૃદયમાં બેઠી છે તેને કેવળજ્ઞાનની લક્ષ્મીને વરવામાં કશો વાંધો–વચકો છે જ નહિ.

વળી ભરત ચક્રવર્તી અને ઇલાચી પુત્ર એ કાંઇ દ્રવ્યચારિત્રના (સાધુવેષના) વિરોધી ન હતા. જો વિરોધી હોત તો તેમણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી સાધુવેષ ગ્રહણ કર્યો છે તે કરત જ નહિ. વળી તેમને કેવળજ્ઞાન ઝટ થવામાં પણ તેમણે પૂર્વભવમાં પાળેલું ચારિત્ર જ કારણ છે. દ્રવ્યચારિત્રના વિરોધીને ભાવચારિત્ર કદી આવતું નથી. અનંતા દ્રવ્યચારિત્રના પાલન પછી ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે, એટલે ભાવચારિત્રને ખેંચી લાવવામાં સહાયભૂત દ્રવ્યચારિત્રની આવશ્યકતા કાંઇ ઓછી નથી. જો કે ભાવચારિત્ર ચોખા તુલ્ય છે અને દ્રવ્યચારિત્ર ફોતરા સમાન છે. પરન્તુ ચોખાને ઉગાડવા માટે ફોતરાવાલા ચોખા (ડાંગર)ની જરૂર પડે છે. ફોતરા વિનાના ચોખા કદી ખેતરમાં ઉગતા જ નથી. તેમજ એકલા ફોતરા વાવો તોપણ ચોખા ઉત્પન્ન થઇ શકશે નહિ. ફોતરા અને ચોખા બન્ને ભેગા જ (નવીન) ચોખાની ઉત્પત્તિ કરી શકે છે. તેવીજ રીતે દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર દ્વારાજ મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે.

વળી મહારાજા ભરતજી સર્વજ્ઞ છે એટલે વંદનની સંપૂર્ણ યોગ્યતા પામી ચૂકયા છે; છતાં ઇન્દ્ર મહારાજા તેમની પાસે આવીને કહે છે કે, આ સાધુવેષ ગ્રહણ કરો પછી હું વંદન કરૂં. આથી પણ સાધુવેષની મહત્તા સિદ્ધ થાય છે. વ્યવહારમાં પણ તેજ રૂપીઓ સાચો ગણાય છે કે, જેનામાં ચાંદી પણ હોય અને સરકારનો સિક્કો પણ હોય. ચાંદી હોય પરન્તુ ઉપર ગવર્નમેન્ટની છાપ ન હોય, છાપ હોય પરંતુ અંદર ચાંદી ન હોય, છાપ પણ નથી અને ચાંદી પણ નથી એ ત્રણે જાતના રૂપીયા બજારમાં ચાલી શકતા નથી. તે જ મુજબ સાધુવેશ એ મહાવીર ગવર્નમેન્ટની સુંદર છાપ છે અને અંદરનું શુદ્ધ ચારિત્ર એ ચાંદી છે. આવો સાધુ જ્યાં જાય ત્યાં પૂજ્ય બની શકે છે અને મોક્ષપ્રાપ્તિ ઝટ કરી લે છે.

વળી ભરત મહારાજાને આરિસા ભુવનમાં કેવળજ્ઞાન થયું છે, એમ કહી દ્રવ્યચારિત્રની

અવગણના કરનારાઓએ સંસારમાં રહેવા છતાં તેમની ધર્મ પ્રત્યેની અપૂર્વ લગનીને તપાસવાની તસ્દી લીધી હોત તો તેમનું જીવન પણ આજ અનોખું હોત. આપણે તેમના જીવનમાં રહેલી એક સુંદર કાર્યવાહીને તપાસીએ.

ભરત મહારાજા છ ખંડના સ્વામી છે. તેવી વિશાળ રાજ–ઋદ્ધિમાં પોતે એકાંતે લટ્ટુ બની જઈ ધર્મને ન વીસરી જવાય એ હેતુથી તેઓશ્રીએ પોતાના આત્માને જાગૃત રાખે એવા અનેક માણસોને લાખ્ખો રૂપીયાનો રસોડાનો ખર્ચ વેઠી રોકયા હતા. તેમણે તેમને કહી મૂકયું હતું કે, જ્યારે હું પ્રમાદગ્રસ્ત બનું ત્યારે તમારે મને **जीतो भवान् वर्धते भीः तस्मात् मा हन मा हन** અર્થાત્ આપ જીતાયા છો; ભય વધી રહ્યો છે; માટે મારો નહિ, મારો નહિ એમ કહી મને સાવધાન બનાવવો. ઉપરના પ્રસંગથી તેમની ધર્મધગશનું માપ નીકળી શકે છે. તેઓશ્રીને પોતાના આત્મા માટે પરલોકની ચિંતા ન હોત તો આવી સુંદર ગોઠવણ તેમણે કરીજ ન હોત. કહો ? ભરતજીનું દૃષ્ટાંત લેનારાએ પોતાનો આત્મા જાગ્રત રહે એ માટે કાંઇપણ બંદોબસ્ત કર્યો છે ખરો ? ખેર; બંદોબસ્તની વાત તો જવા દ્યો. પણ પરલોકમાં મારૂં શું થશે ? એની ચિન્તા પણ સારા જીવનમાં કદી ઉદ્ભવી છે ખરી ? જો જવાબ નકારમાં જ હોય તો પછી આરિસા ભુવનમાં કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાની કેવળ અજ્ઞાની વાતો શું જોઈને કરતા હશે ? એની કાંઈ સમજ પડતી નથી.

હવે ભરતજીને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્ત બનેલો વીંટીનો કિસ્સો તપાસીએ. જ્યારે મહારાજા સ્નાન કરી આરિસા ભુવનમાં શરીરની વિભુષા કરી રહ્યા હતા, તે અરસામાં અચાનક તેઓશ્રીના હાથથી વીંટી સરી પડી. વીંટી વિનાની કઢંગી અને બેડોળ દેખાવ આપતી આંગળીએ તેમને જડ અને ચેતન વચ્ચેના ભેદભાવનું જ્ઞાન કરાવ્યું. તેઓશ્રીને એમ માલુમ પડયું કે, ખરેખર જડથી જડની શોભા છે. આત્માનો શણગાર કોઈ જુદો જ છે. આ નિમિત્તને પામી તેઓશ્રી એટલા બધા અનિત્ય ભાવનામાં આરૂઢ થઈ ગયા કે, પૂર્વ–ભવમાં ચારિત્રને પાળતા અવશેષ રહેલા કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકયા.

કેવળ વીંટીના વિરહમાં નાગી દેખાતી આંગળીનું દૃશ્ય નીહાલી અખૂટ વૈભવો વચ્ચે ભરત મહારાજા પૌદ્ગલિક અનિત્યતાને સમજી જે ભાવનામાં આરૂઢ બની શકયા, તેવીજ ભાવનામાં આરૂઢ થવા માટે, કર્મ સંયોગે ચોર, અગ્નિ અને પાણીના ઉપદ્રવોથી તમામ વૈભવ વિલાસોથી પરવારી બેઠેલાઓને તેવા દુઃખદ પ્રસંગે પણ સંસારની અનિત્યતાનો ખ્યાલ આવતો હશે કે કેમ ? તેની જ જ્યાં શંકા છે, ત્યાં ભરતજીની માફક દીવાનખાનામાં ખાઈ–પીઇ તાગડધીન્ના ઉડાવનારા, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની દીવાની વાતો કરનારા કેવળ આત્મવંચના જ કરી રહ્યા છે, એમ કહીએ તો તેમાં કશું જ ખોટું નથી.

હવે ઈલાચીપુત્રના પ્રસંગમાં બનેલી ઘટનાને તપાસીએ. ઇલાચીપુત્ર એક ધનાઢ્ય શેઠનો પુત્ર છે. જે નટડીના ઉપર તે મોહિત થાય છે તે તેના પૂર્વભવની પત્ની છે. તેના પિતાએ અનેક રૂપવાન કન્યા સાથે પાણીગ્રહણ કરી આપવા માટે અત્યંત આગ્રહ કરવા છતાં, તેણીના સ્નેહમાં વિવશ બનેલા તેણે તેવા અનુચિત્ત કાર્યથી વીરમવાનું પસંદ નહિ કરતાં પિતાની આજ્ઞાને અવગણીને નટ જ બનવું પસંદ કર્યું. તે નટની કન્યા સાથે લગ્ન કરવા માટે તે નૃત્યકળામાં અત્યંત કુશળ

બની રાજાને ખુશ કરી ઇનામ મેળવવા માટે દોર ઉપર નોંધારો નાચ નાચી રહ્યો છે. આ પ્રસંગે રાજાની પણ ભાવના તે જ નટીને હસ્તગત કરવાની થાય છે. એટલે ઇલાચીના મરણને ઇચ્છનારો તે રાજા તેને વારંવાર નાચ કરવાનું ફરમાન કરે છે. એ અરસામાં દોર ઉપર નાચતા તેની સામે દ્રવ્ય અને ભાવ-ચારિત્રને ધારણ કરનારા ત્યાગનિષ્ઠ મુનિવરને વહોરતા જુવે છે. વહોરાવનાર બાઈ અધિક રૂપવાન છે. મુનિશ્રી નીચી દ્રષ્ટિ રાખી વહોરી રહ્યા છે. આ અનુપમ દ્રશ્ય નિહાળતાં ઇલાચી પુત્રને પોતાના અનુચિત કૃત્ય માટે ધિક્કાર-નાદ છૂટયો. સંસારથી વિરક્ત બનેલા, અને સદાચારની સાક્ષાત્ મૂર્તિસમ મુનિવરના દર્શને નટડી વિવશ બનેલા હૃદયને ત્યાગ વિવશ બનાવ્યું. તેમના ત્યાગી જીવનની પ્રશંસાની પરાકાષ્ટાએ ઇલાચીપુત્રને ત્યાં જ કેવળજ્ઞાન સમર્પ્યું. કહેવું જ પડશે કે, ઇલાચીપુત્રને કેવળજ્ઞાન થવામાં પણ કોઇ નિમિત્ત હોય તો સાધુનો વેશ જ છે. ઇલાચીપુત્ર દ્રવ્યચારિ-ત્રના વિરોધી હોત તો સાધુવેશને ધારણ કરનારા તે મુનિશ્રીની પ્રશંસા કરત જ નહિ. સાધુવેશની મહત્તાને માન આપનારને સાધુ-વેશ વિના પણ પૂર્વભવમાં પાળેલા ચારિત્રના પ્રભાવે કેવળજ્ઞાન પ્રાપ્તિ ખુશીથી થઇ શકે છે. પરન્તુ દ્રવ્યચારિત્રના વિરોધીને તો કદી થતું નથી, થયું નથી અને થશે પણ નહિ એ નિઃસંદેહ વાત છે. અરે! કેવળજ્ઞાન થયા પછી પણ જો કેવલીઓનું આયુષ્ય બાકી હોય તો તેમને પણ વેશ ગ્રહણ કર્યા વગર ચાલતું નથી. વેશની મહત્તા સિદ્ધ કરવા માટે આનાથી વિશેષ પુરાવાની જરૂર જણાતી નથી. વળી જે જે આત્માઓને ભરત ચક્રવર્તિ આદિની માફક કેવળજ્ઞાન થયું હોય તેમની માત્ર વર્ત-માન કાલીન ક્રિયાને નહિ નિહાળતાં ભૂત-કાલીન તેમની સુંદર આરાધનાને પણ તપા-સવાની તસ્દી લેવા અમારી ભલામણ છે. દુનિયાની સરકારે પણ સુંદર વ્યવસ્થા જળવાઈ રહે એજ હેતુથી પોલીસ, ફોજદાર, કોન્સ્ટે-બલ, સારજન્ટ આદિના પણ જુદા જુદા વેશો રાખ્યા છે, તે જ મુજબ મહાવીર ગવર્નમેન્ટે પણ ધર્મની સુંદર વ્યવસ્થા જળવાઇ રહે અને ભાવચારિત્રના બ્હાને ડોળઘાલુઓ ફાવી ન જાય એ માટે અનાદિ કાળથી મુકરર થએલા સાધુવેશની પણ અનિવાર્ય આવશ્યક્તા સ્વી-કારી છે. ટુંકમાં ભાવચારિત્રને જ સ્વીકારી દ્રવ્ય ચારિત્રની અવગણના કરનારાઓએ જૈન-શાસનના અપૂર્વ મર્મને હજુ પણ સમજી, શ્રદ્ધાને મજબુત બનાવી લેવાની જરૂર છે.


## અમારાં ધાર્મીક પ્રકાશનોઃ

| | | |
|---|---|---|
| સામાયિક સૂત્ર-ભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૧૧-૮-૦ |
| દેવસીરાઈ સૂત્ર-ભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૩૫-૦-૦ |
| પંચપ્રતિક્રમણ મૂળભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૧૨૫-૦-૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ કોર્શ સાથે | ૧૦૦ ના | ૧૬૦-૦-૦ |
| પોકેટ પંચ પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૩૫-૦-૦ |
| પૂજા સંગહ ભા. ૧-૯ | ૧૦૦ ના | ૪૦૦-૦-૦ |
| નિત્ય પ્રકરણ સ્વાધ્યાય સંગ્રહ | ૧૦૦ ના | ૪૦૦-૦-૦ |
| સાધુ-સાધ્વી આવશ્યક— | | |
| ક્રિયાનાં સૂત્રો | ૧૦૦ ના | ૫૦-૦-૦ |
| મહામંગલિક નવસ્મરણ | ૧૦૦ ના | ૩૦-૦-૦ |

**માસ્તર રતિલાલ બી. શાહ**

ડોશીવાડાની પોળ; સિમંધર સ્વામીનો ખાંચો

**અમદાવાદ.**

**તા. ક.** ફક્ત બે માસ માટે અમદાવાદના એક ગૃહસ્થ તરફથી ઉપરનાં પુસ્તકો ઉપર કરતાં પણ ઓછી કિંમતે આપવાનાં છે.

મહામંગલકારી મહામંત્રનું શ્રદ્ધાપૂર્વકનું સ્મરણ, જીવન જ્યોતિ પ્રગટાવે છે

# નમસ્કાર મહામંત્ર!

શ્રી મફતલાલ સંઘવી

મહામંત્રનું મૂલ્ય અબ્ધિના અતલ-તલમાં છૂપાયલા અમૃત-ઝરણાં જેટલું છે.

અકળાતા પથિકને પવન, જેમ પ્રાણદાયક ઔષધરૂપ બની રહે છે, તેમ આ મહામંત્રનું એકાદવારનું સ્મરણ પણ માનવ-પ્રાણીનાં અનેકવિધ સંકટદળોને વીંધવાનું સામર્થ્ય ધરાવે છે.

નમન કરવાની આજ્ઞા કરવામાં આવી છે આ મહામંત્રમાં, પણ તે કોને? તે ખાસ વિચારવા જેવું છે.

'નમો અરિહંતાણું' તે આ મહામંત્ર યા મૂખ્ય સૂત્રનું પ્રથમ પદ, તેનો સરળ અર્થ તે 'શત્રુઓના નાશ કરનાર શૂરવીરને મારા નમસ્કાર થાઓ'. પણ તેનો વિશાળ અર્થ આપણા હૃદયને ફૂલાવી દે તેવો એ છે કે, 'સારાયે વિશ્વમાં જેનો કોઈ શત્રુ નથી એવા નિજ આત્માના આત્મ-પ્રકાશને બહલાવી સર્વત્ર મૈત્રીભાવ જગાવનાર 'અરિહંતને' મારા નમસ્કાર થાઓ'. આ છે આ પ્રથમ પદનો વિશાળ અર્થ.

'નમસ્કાર મહામંત્ર' તે શત્રુતાને જીતનાર જૈનોના પવિત્ર ધર્મસૂત્રોમાંનું પ્રથમ પવિત્ર સૂત્ર. આત્મા જેટલું જ આયુષ્ય ગણાય આ પવિત્ર સૂત્રનું. આત્માની જ્યોતિમાંથી પ્રગટતો સૂક્ષ્મ ચેતનરવ આ સૂત્રના રટન ટાણે પણ રટનારને સંભળાય છે. આત્માને આત્માઓના દિવ્ય ધામ પ્રતિ દોરી જવાની આ સૂત્રની જીવનનીતિ છે.

શાંત રાત્રે, ચળકતી ચાંદનીમાં બેઠેલા પ્રશાન્ત યોગીની આત્મરંગી મુખમુદ્રા પર આ મહામંત્રનું દર્શન થાય છે. આત્માના થનગનાટને આ સૂત્ર ખીલવે છે. ધીરે ઝરતી ચાંદની જેમ સૃષ્ટિની બાહ્ય ઉપાધિઓને શમવે છે, તેમ આ સૂત્ર આંતરિક રોગોને નિર્મૂળ કરે છે.

'**नमो अरिहंताणं**' પાતાળમાંથી ફૂટતા ગેબી અવાજને બ્રહ્માંડ તરફ ખેંચતું પવિત્ર બળ આ પ્રથમ પદની સંકલનામાં પણ કામ કરી રહ્યું છે. આ પદનું રટણ આત્માના આત્મત્વને ખીલવી, સર્વત્ર આત્મમયતા જગાવી દે છે અને રટનારના અંતરને અબ્ધિથીયે વિશેષ મોકળું બનાવી દઈ અનેકને તેમાં શમાવી દેવાની તાલીમ આપે છે.

આ મહાસૂત્રનો રચનાકાળ 'ॐ' ની જેમ આત્માનાં જન્મકાળ જેટલો જ પ્રાચીન છે.

નવપદનો બનેલો છે આ મહામંત્ર. એના એક એક પદે આત્માનાં અજવાળાં પથરાયેલાં છે. અંતરમાં પ્રભુતા પમરાવતા આ મંત્રનું મૂળ રહસ્ય સારાયે વિશ્વમાં પ્રભુતા પ્રસરાવવાનું છે. ગૃહે ગૃહે ચેતન-દીપિકા પ્રગટાવવાનું છે; અંતરે-અંતરે ઓજસ્વી ઐક્ય ખીલવવાનું છે.

આ 'નવપદ' સૂત્ર જૈનધર્મની જીવન્ત આત્મકથા જેવું છે. જૈનધર્મની સૂક્ષ્મ પ્રાસાદીનો આ 'નવપદ' સૂત્રમાં મર્મધ્વનિ ગાજી રહ્યો છે. આ સૂત્રે જ જૈનોના આત્મવાદનો સાચો પ્રચાર કર્યો છે. આ સૂત્ર જૈનોને શત્રુતાના શત્રુ બનવાનું ફરમાવી સર્વત્ર આત્મમયતા ખીલવવાનો ઉપદેશ કરે છે. 'જૈન' કહેવડાવનાર પ્રત્યેક માનવીને આ સૂત્રમાં આવતા સરળ સિદ્ધાન્તોનું પાલન કરવું પડે તેમ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજને નમસ્કાર કરવા પડે તેમ છે. ટુંકાણમાં 'નમસ્કાર મહામંત્ર' એટલે જૈન ધર્મનું નવનીત, જૈન ધર્મનો ઝળહળતો માણિક્યપ્રદિપ.

"જ્યાં જ્યાં આત્મપ્રભા ઝળકતી જણાય ત્યાં ત્યાં તમારૂં ઉન્નત મસ્તક નેહે નમાવજો". એવો પ્રભામય નમ્ર ઉપદેશ છે, આ સૂત્રનો. એના પ્રત્યેક ધારક અને અનુયાયીને, સૃષ્ટિના અણુએ. અણુમાં આત્મ-પ્રભાને વિલસતી કરવાના ઉત્તમ ધ્યેયપૂર્વક આ મહાસૂત્રની રચના કરવામાં આવેલી જણાય છે.

**'नमो सिद्धाणं'** તે આ સૂત્રનું બીજું માંગલિક પદ. 'સર્વ પ્રકારની સાંસારિક રિદ્ધિ-સિદ્ધિઓથી પર બની આત્માના એકાંત પ્રદેશમાં વિહરનાર વીરને મારા નમસ્કાર થાઓ,' એવો સરળ અર્થ છે આ પદનો. કણે કણે આત્માની શુભ્ર કલાનો પ્રકાશ રેલાવવા સિવાય આ મહામંત્રનાં પદો બીજું કશું કાર્ય કરતાં નથી.

**'नमो आयरियाणं'** તે ત્રીજું પદ. "સૂક્ષ્મ આચાર-વિચારની એકતા વડે આત્મા પરનાં મલિન પડોને દૂર કરતા ધીરને મારા નમસ્કાર થાઓ." એવો આ પદનો સરળ અર્થ થાય છે. એક એક પદની રચના આત્માના ક્રમિક વિકાસને લક્ષમાં રાખીને કરવામાં આવેલી છે.

**'नमो उवज्झायाणं'** "આધિ, વ્યાધિ અને ઉપાધિથી પર બની ધીમે પદે આત્માના દિવ્ય પ્રદેશ તરફ પગલા માંડતા ઉપાધ્યાય મહારાજને મારા નમસ્કાર થાઓ." તેવો આ પદનો અર્થ થાય છે.

**'नमो लोए सव्वसाहूणं'** તે આ સૂત્રનું પાંચમું પ્રભાવર્ણું પદ. "લોકમાં વિચરતા સાધુઓને મારા નમસ્કાર થાઓ" તેવો તેનો અર્થ. આત્માના પાવિત્ર્યને ખીલવવામાં મસ્ત એવા પ્રત્યેક મહામાનવને આ પદ વડે નમન કરાય છે. આત્માની અદ્‌ભૂત કલાઓને ખીલવવાની સુવર્ણરંગી લિપિ તુલ્ય ઉક્ત પાંચેય પદને જૈન ધર્મશાસ્ત્રમાં 'પંચ પરમેષ્ઠી' તરીકે ઓળખાવવામાં આવેલ છે અને તે યુક્તજ છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચેય વર્ગના દિવ્યાત્માઓ કે જે પરમના દિવ્ય ધામ પ્રતિ જવાના પ્રયાસમાં રહી, સૃષ્ટિને ચેતનવન્ત બનાવી પરમના પ્રચારકો બને છે; તેમને ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, હૃદય અને આત્માના એક ભાવથી નમન કરતાં જરૂરા જરૂર પોતાનામાં આત્મદર્શન કરી શકાય.

આ પાંચ પદ પછીનાં ચાર પદ (૬) એસો પંચ નમ્મુક્કારો (૭) સવ્વપાવપ્પણાસણો (૮) મંગલાણંચ સવ્વેસિં. (૯) પઢમં હવઇ મંગલમ્ પાંચ પદના મહાત્મ્યને વધારી, અંતરમાં એકતાનતા જગવે છે.

આ સૂત્રનું એક મને રટણ કરતાં આત્મા હસું હસું થઇ રહે છે અને અણકલ્પ્યા પ્રદેશો પર પોતાની પાંખ પ્રસરાવવા તત્પર થઈ જાય છે. સંસારની સાંકડી દિવાલોમાં ગોંધાતા આત્માઓને સાચો મુક્તિમંત્ર પઢવો હોય તો તે આ સૂત્રના રટણ વડે પઢી શકાશે.

આજના કપરા કાળમાં કે જ્યારે જડવાદનો પાયો ઉંડો ઉતરી રહ્યો છે અને આત્મ-પ્રભા ઝાંખી પડી રહી છે, ત્યારે આ મહામંત્રનું ઘર-ઘરમાં રટણ થવું એ અતિ આવશ્યક છે. આ મહામંત્રમાં એટલું બધું પાવિત્ર્ય બળ છે કે, જે સામે આવતી તમામ સાંસારિક યાતનાઓને તોડી શકે છે અને માનવીને શાંતિના રાહે પગલાં ભરવાનું ઉમદા સૂચન કરે છે. અમૃતમયી ચંદાનું દર્શન, આત્મા અને નયનને જેમ શિતળ લાગે છે, તેમ આ મંત્રનું રટણ સર્વત્ર શિતળ આંદોલનો વહાવી અનેક આત્માઓની કટુતાને ધોઈ નાંખે છે

# જ્ઞાન ગોચરી

દૈનિક, અઠવાડિક, કે માસિક ઈત્યાદિ સામયિક પત્રોમાં તેમજ પુસ્તકો કે ગ્રંથોમાં કે અન્ય કોઇ સાહિત્ય ક્ષેત્રમાં પ્રસિદ્ધ થતાં લખાણોના સાર ભાગને ચૂંટી આવિભાગમાં અમે રજૂ કરીએ છીએ. તે નિર્દોષ, સરળ અને ધર્મ સાહિત્ય કે સંસ્કારની દ્રષ્ટિએ ન્યાય આપનારું હશે. આવું સાહિત્ય રજૂ કરવામાં તે તે પ્રકાશકોનો અને લેખકોનો સહૃદયતા પૂર્વક આભાર માનીએ છીએ.

સં૦

## હિન્દી વિદ્યાર્થીની અપમાન કથાઃ

**[ પ્રજાબન્ધુ સાપ્તાહિક ]**

[ પરદેશમાં હિન્દીઓનું સખ્ત અપમાન થવા છતાં પરદેશનો મોહ છોડાતો નથી. ભણવા માટે, વ્યાપાર માટે કે ઉદ્યોગો માટે હિંદીઓને પરદેશ વેઠવા પડે એ એક કમનસીબી છે. વાંચો ! પરદેશ ગયેલા હિન્દી વિદ્યાર્થીની આપવીતી. ]

હમણાં શ્રી. ચંદ્ર આર. સકસેના નામના હિંદી વિદ્યાર્થીનું એજ દેશમાં રંગીન ચામડીના કારણે કેવું અપમાન થયું, તે એ ભાઇએ જાતેજ 'એશિયા એન્ડ ધ અમેરિકાઝ' માસિકમાં વર્ણવ્યું છે.

એમની આપવીતી એમના જ મુખે સાંભળો.

" બોસ્ટન યુનિવર્સિટીમાં વ્યાપારી પેઢીના વહીવટનો મારો અભ્યાસ પૂરો થાય તેના થોડાક મહિના

---

અને વિશ્વનું દૈનિક જીવન સરળ અને શાન્તિમય બનાવે છે.

આ સૂત્રનાં નવપદો ભાગ્યહીન માનવીની નવલ સૌભાગ્ય તિથિને ગમે ત્યાંથી ખેંચી લાવી શકે છે. આત્માની અમૃત–કણિકાઓ વડે ગૂંથાયેલાં આ મહામંત્રનાં ઓજસ્વી પદો સર્વ કાળમાં એક સરખું તેજ વહાવી શકે છે. તે તેજ પીવાની જેવી માનવીની ઝંખના હોય તે મુજબ તે પામી શકે. કારણકે ઇચ્છાશક્તિમાં આકર્ષણબળ રહેલું હોય છે.

ખરા તાપે તપતા તપસ્વીનું શરીર શું તે તાપમાં નહિ દાઝતું હોય ? દાઝે જ. પણ તેના આત્માના ઉચ્ચ પ્રદેશમાંથી ઝરતી અમૃત નિર્ઝરણિ વડે તેના અંતરમાં પ્રશમતા ખીલવાથી તે પોતાના શરીરને ગમે તે સ્થિતિમાં રાખી, શરીર પરના આત્માના અમલને સાબિત કરી બતાવે છે. ખરીરીતે તો શરીર એ શરીરની માલિકીની વસ્તુ છે. શરીરનો શરીરી પરનો કાબુ જડવાદનોજ પ્રચાર કરે છે.

આત્માની ઉજ્વળ છબિ પર સુવર્ણાક્ષરે આ મહાસૂત્રનાં નવેય પદો કોતરવા જેવાં છે અને તે માટે સૌથી પ્રથમ આ પદોને જીભ પર સ્થાપવાં જોઇએ. તે પછી માનસ પર, તે બાદ બુદ્ધિના સૂક્ષ્મ પ્રદેશોમાં અને ફાલતાફૂલતા હૃદય પદ્મદલમાં તેનું સ્થાન જમાવવું જોઇએ. એમ ધીમે ધીમે કરતાં આ મંત્ર આત્માના ગહન પ્રદેશો સુધી પહોંચી શકે.

અનપેક્ષ મને આ મહામંત્રનું રટણ કરનાર, તિમિરમાં તેજ પ્રગટાવી શકે તેમ છે. આ 'નમસ્કાર મહામંત્ર, આજની તિમિરમય રાતે આપણા અંતરનું સાચું સ્મરણ બની આલમની આફતને ટાળો !

નમસ્કાર મહામંત્રની નોબત વિશ્વના અંતરમાં વાગતી રહો !

પહેલાં મેં મારા ભાવિની યોજના ઘડવા માંડી હતી, હું એશિયા (હિંદ) વાસી હોવાથી યુ. એસ. એ. માં તો રહી શકું તેમ નથી એટલી તો મને ખબર હતી. મારી વિદ્યાપીઠના પ્રમુખે બ્રાઝીલ જોયું હતું અને ત્યાં ત્વચાભેદની સુગ નહોતી એવો એમનો ખ્યાલ હતો, તેથી તેમણે મને બ્રાઝીલ જવા સૂચવ્યું. પછી મારા 'ડીને' (વિદ્યાપીઠના સંચાલક) વોશિંગ્ટનમાં 'પાન અમેરિકન યુનિયન'ના ડાયરેક્ટરને, બ્રાઝીલમાં વસવાટ કરવામાં મને મદદ કરવા લખ્યું. એક દિવસે સવારે દશ વાગે હું વોશિંગ્ટનમાં એ ડાયરેક્ટરને મળ્યો. એમની સાથેના વાર્તાલાપથી મને આનંદ થયો, તે દિવસે બપોરના બે વાગ્યે, ત્યાંના બ્રાઝીલના એલચી સાથેની મારી મુલાકાતની ગોઠવણ કરી આપી.

## અપમાનોની પરંપરા

દરમિયાન ભોજન કરવાના વિચારથી મેં રસ્તામાં ઊભેલા પોલીસને પૂછ્યું: "નજીકનું કોઈક રેસ્ટોરાં કઇ તરફ હશે?" કર્કશતાથી તેણે કહ્યું. "મને ખબર નથી." અને તે ફેરણી કરવા ચાલ્યો! આતો દેખીતો જ અવિવેક હતો, પણ વોશિંગ્ટનમાં હું છેક જ અજાણ્યો, એટલે મેં એ બાબતની ઉપેક્ષા કરી.

રેસ્ટોરાં શોધી કાઢી એક ટેબલ પાસે જઇને હું બેઠો. મેં એક પીરસનારી તરફ જોયું, તે ધીમા સ્વરે બડબડાટ કરી રહી હતી, મારી પાસે કોઈ ફરકયું સુદ્ધાં નહિ. પછી એકદમ મેનેજર આવ્યો તેણે મને કહ્યું. "અહીંથી નીકળવાનું ને જ્યાં તારૂં સ્થાન હોય ત્યાં ચાલ્યો જા."

એક તરફ આટલું બધું અપમાન ત્યારે બીજી તરફ બ્રાઝીલના એલચીના મંત્રીએ કરેલું દિલભર સ્વાગત! બન્નેની વચ્ચે કેટલો બધો ફરક? મંત્રીએ મને આશ્વાસન આપ્યું કે, 'આવા પ્રસંગો અમારા બ્રાઝીલમાં કદીયે બનશે નહિ.' મૈત્રીભાવે આવી વાતો કરીને તેણે ન્યૂયોર્કમાંના એલચી પર ચિઠ્ઠી લખી આપી.

## ઉતારાની હાડમારી

તે રાતે હું ન્યૂયોર્ક પહોંચીને સ્ટેશન પાસેના એક હોટલમાં ઉતારાની ગોઠવણ માટે ગયો. એક હોટલનો કારકુન ઢચુપચુ કરતાં બોલ્યો. "અહીં જગા નથી." બીજા હોટલમાં ગયો; ત્યાંતો મને સાફ સાફ સંભળાવી દીધું કે, "અમે રંગીન ચામડીવાળાને સંઘરતા નથી." ત્રીજામાં દેખાવેજ ક્રૂર લાગતા કારકુને જરાકે ખચકાયા વિના કહી નાખ્યું. "અલ્યા અધમ! અહીંથી બહાર નીકળ! અહીં તને જગા નહિ મળે તે તારે સમજવું જોઈતું હતું" પછી હું આંતરરાષ્ટ્રીય નિવાસમાં ગયો, પણ કમભાગ્યે ત્યાંનો એકે એક ઓરડો ભરાઇ ગયો હતો. થાકી, હારી હું પાછો સ્ટેશને આવ્યો અને એક બાંકડા પર મેં કાયાને લંબાવી. પણ એક વાગ્યા પછી કેટલાક તોફાની મવાલીઓની ટોળકી ત્યાં આવી ચડી. તેઓ બીભત્સ ભાષા બોલતા હતા. અને જુગુપ્સા પ્રેરે તેવાં આચરણોથી ગમ્મત મેળવતા હતા. આવી ટોળીઓ રાતની વેળાએ ન્યૂયોર્કમાં કેવી ભયપ્રેરક બને છે તે વિષે ખૂબ વાતો સાંભળેલી, એટલે વ્યગ્રચિત્તે ત્યાંથી હું નીકળ્યો, ફરીથી આંતરરાષ્ટ્રીય નિવાસને ફોન કરીને કરગર્યો. ત્યાંથી એમ કહેવામાં આવ્યું કે, 'તમે કલેરમોન્ટ રેસીડેન્સ કલબ' માં જાઓ, ત્યાં કોઇ કોઇ વખત વિદેશી વિદ્યાર્થીઓને ઉતારો આપે છે.' એટલે મેં તેમને ફોન કરી મારા પર ગુજરેલી આપદાઓનું એમની પાસે બયાન કર્યું. જવાબમાં એમણે તો પૂછ્યું. "તમે શ્મામળા છો?"

મેં કહ્યું: "બેશક, અતિશામળો, પણ તેનું શું?"

"જુઓ ભાઇ હું તમને કોઇ વાતની ખાતરી તો આપી શકતો નથી, પણ જો તમે અહીં આવો અને અમને, તમને જોઇ લેવા દ્યો.

ઉપરાઉપરી થતાં અપમાનો પછી આતો પરાકાષ્ઠા થઈ; મારી આંખોમાં આંસુ ઉછળી આવ્યાં; પણ આઘાતના ઊભરાનો ધક્કો હેઠો બેઠા પછી હું કલેરમોન્ટ કલબમાં ગયો, એ લોકો બીજાઓ સાથે જે શિષ્ટાચાર અને વિવેકી વર્તન બતાવે તેવું તો કશું ન મળ્યું પણ રાત ગાળી નાખવા ઉતારો મળ્યો.

## અમેરિકા છોડી જજો!

બોસ્ટન પાછો ગયો તે પછી થોડા સમય બાદ વસાહતી ખાતા તરફથી મને એક પત્ર મળ્યો. તેમાં

મને એ વાતનું સ્મરણ કરાવ્યું હતું કે, તમારો અભ્યાસ જૂનમાં પૂરો થાય છે, એટલે, તમે એશિયાવાસી હોવાથી 'એકક્ષ્કલુઝ કાનૂન' અનુસાર જૂનમાં તમારે આ દેશમાંથી ચાલ્યા જવું. મેં એમને લખી જણાવ્યું કે, ઓગષ્ટની ૨૨ મી એ રીઓડી જાનેરો જતી સ્ટીમરમાં નીકળવાનો મારો વિચાર છે. તે દિવસે હું સ્ટીમરમાં મારા કેબીન દેખાડનાર નોકરની રાહ જોતો ઊભો હતો ત્યાં એક તગડો માનવી આવી ચડયો; તેણે મને સત્તાવાહી સુરે કહ્યું, 'તમારો પાસપોર્ટ મને આપો' પછી સ્ટીમરના "સ્ટીવર્ડ" (કારભારી) ને સંબોધી તેણે પૂછ્યું: "આને આ સ્ટીમરમાં 'કેબીન' મળેલી છે એ વિષે તમારી ખાતરી છે?" પછી તેણે મારો પાસપોર્ટ મારા હાથમાં ફેંકયો, અને ઇમીગ્રેશન ઓફિસરનો પોતાનો સરકારી બિલ્લો બતાવીને કહ્યું, "તું આ દેશ છોડીને જાય છે કે નહિ તેની ખાતરી કરવા હું ડક્કા ઉપર ઊભો રહીને જોઇશ."

સ્ટીમર તરતી તરતી બંદર બહાર નીકળી ત્યારે મને થયેલા આ બધા કડવા અનુભવોના વિચારોથી મારી લાગણીઓનો જે આવેશ ચડયો તેના ઉપર મારે પ્રયત્નપૂર્વક સંયમ મૂકવો પડયો; તે વખતે જે સંખ્યાબંધ સજ્જન અમેરિકન મિત્રોનાં ઘરોમાં દીકરાની જેમ મારી સરભરા થયેલી એમનુંય મને સ્મરણ થયું.

## જાતીય સાહિત્યનો ઉશ્કેરાટ

**[ ચેતન; ડો. હરકીશનદાસ ડી. ગાંધી ]**

યુવાનોની મનોવૃત્તિ ઉશ્કેરે એવા સાહિત્યનો આજે ધોધ વહી રહ્યો છે. યુવાનો આથી પોતાની જાતિય વૃત્તિને સંતોષવા ફાંફાં મારે છે. વિકારી સાહિત્ય, યુવાનોની મનોવૃત્તિ ઉશ્કેરી એના પવિત્ર જાતિય અંગોમાં એક જાતનો જોશ પેદા કરે છે.

પ્રેમની કથા, પ્રેમનાં ગીતો અને જાતિય વૃત્તિને પોશનારા હાવભાવો સિવાય આપણાં ચિત્રપટોમાં બીજી વસ્તુ કયાં મળે છે? આવા ચિત્રોથી સમાજ અને સમાજની ઉછરતી ઓલાદ પર કેવી બુરી અસર થાય છે તે બતાવવા માનસશાસ્ત્રીઓની જરૂર નથી. અસલ બાળકની ઉપર ગામનો વડિલ પુરૂષ નિગાહ રાખતો. કોઇ યુવાન જરા સારાં કપડા પહેરે, પાન ખાય, વાળ ઓળે અને એટીકેટમાં ફરવા નિકળે એટલે ગામનો ડોસો ટકોર કરે, "કેમ દિકરા! શું છે? આજે તો બહુ વટમાં દેખાય છે ને? જરા સંભાળીને પગ મૂકતો રહે બેટા". ઇત્યાદિ. ત્યારબાદ બાળકને સાચા માર્ગ પર રાખવાનો હક પિતાનો અને છેવટે શિક્ષકનો હતો. આચાર્ય, બાળકના ચારિત્રનો રક્ષક મનાતો. આજે આખી પરિસ્થિતિ ઉલ્ટી થઇ છે. ડોસો એટલે ગામનો દોકડો. એ ડોસાને યુવાનનું ઈન્સલ્ટ (અપમાન) કરવાનો શો અધિકાર? મા-બાપ સમજે છે કે, દિકરો અંગ્રેજી ભણે છે. સાહેબ જેવા તે દિકરાને શિખામણ આપી શકાય? અને દિકરાએ બાપને પણ એવો આંજી દીધો હોય છે કે, બિચારો પિતા નિચાપણાનો ભાવ (Inferiority Complex) માં જીવે છે અને એ આપણું આધુનિક શિક્ષણ? એની સ્થિતિ તો ધોબીના કુતરાથી પણ બુરી છે; પ્રભુ જાણે અમારૂં શું થશે?

મનને ઉશ્કેરી ખોટો જુસ્સો પેદા કરનાર સાહિત્યથી સાવધ રહેજો. જાતિય જ્ઞાન આપવાને બહાને યુવાનોની મનોવૃત્તિને ભ્રષ્ટ કરનાર સાહિત્ય બહાર પડે છે. તેનો સર્વથા ત્યાગ કરવો. સ્ત્રીઓના રૂપની, સ્ત્રીઓના સંબંધને લગતી, સાંભળવાને પ્રિય લાગે એવી વાતો કરનાર મંડળીથી અને મિત્રોથી દુર રહેવું.

## પતિ—પત્નીની પ્રતિજ્ઞાઓ

રજૂ કરનાર : **સૌ. લલિતાગૌરી આચાર્ય.**

લગ્નની પ્રાચીન ભાવનાઓમાં જે રહસ્ય સમાએલું છે, તે તત્ત્વો હજારો વર્ષથી વારસામાં ઉતરતા આવે છે અને હજુયે એ અનંત કાળ સુધી ટકી રહેશે એમાં તો જરાપણ સંશય નથી. શાસ્ત્રના એ સિદ્ધાન્તો જે ઉચ્ચ આદર્શો સાથે રચાયા છે; તે સનાતન છે અને સનાતન રહેશે.

લગ્નની પવિત્રતાનો મૂળ પાયો લગ્ન સમયે પતિપત્ની વચ્ચે જે પ્રતિજ્ઞાઓ લેવાય છે–તેમાંજ છે. સ્ત્રીપુરુષોએ ગૃહસ્થાશ્રમ કેવી રીતે ચલાવવો, એનો સંપૂર્ણ ચિતાર સપ્તપદીમાં છે.

આપણી એ પ્રાચીન સંસ્કૃતિનાં મૂળ ઉંડાં છે. આ યુગના કહેવાતા સુધારાના વાવાઝોડા સામે તે અડગપણે ટકી રહ્યાં છે. તેમાં સામર્થ્ય છે, બળ છે, શક્તિ છે. બાળલગ્નની કુરૂઢી ધીમે ધીમે કમી થવા લાગી છે. તે છતાં એટલું તો ચોક્કસ વિચારવું જોઈએ કે—લગ્ન સમયે પતિપત્ની (માટે) પરસ્પરની જે શાસ્ત્રોક્ત પ્રતિજ્ઞાઓ રચાએલી છે, તે પરણનાર દંપતિ સંપૂર્ણ સમજી શકે તે ખાતર રજૂ કરી છે.

**: પહેલું પગલું ભરીને પત્ની કહે છે :**

જ્યાં જ્યાં જશો પ્રભુ ! ત્યાં તમ સાથ આવું,
હો દુઃખ કે સુખ જરા મનમાં ન લાવું;
સેવા વિષે રહી પતિ ગુણ ગાવું,
છાયા રૂપે અનુસરી પતિની હું કહાવું.

**પતિનો ઉત્તર—**

છે ધર્મપત્ની નરનું અર્ધાંગ જાણ્યું,
અર્ધાંગ અર્પ્યું તુજને મનથી પ્રમાણ્યું;
તેથી સદા હૃદયમાં શુદ્ધ પ્રેમ ધારી,
રક્ષા કરૂં અરધ અંગ ગણી હું તારી.

**: બીજે પગલે પત્ની કહે છે :**

પાળું કુટુંબ નહિ દ્રોહ ધરૂં જરાએ,
સેવા કરૂં વડીલની વિધિથી સદાએ;
ઇચ્છ્યું મળે નવ મળે રહું હર્ષ માંહે,
સ્વામી તણી થઈ રહું મન–વાણી–કાયે.

**પતિનો ઉત્તર—**

પાળે કુટુંબ નહિ કલેશ જરા કરે તૂં,
વૃદ્ધો તણાં વચનો નિત્ય શિરે ધરે તૂં;
કર્ત્તવ્ય તારૂં મનમાં સમજે અરે તૂં,
પાળું સદા પ્રણયથી તુજને ખરે હું.

**: ત્રીજે પગલે પત્ની કહે છે :**

ભક્તિ કરૂં પ્રભુ ગણી પતિ હું તમારી,
સ્વામી તણા ચરણમાં રહું ભાવ ધારી;
વાણી વદું કટુ કદી નહિ દુભનારી,
ભાખું સદા મધૂર વાક્ય વિનોદકારી.

**પતિનો ઉત્તર—**

જો તું રહે નિત્ય પતિવ્રત પાળનારી,
સંસાર–કાર્ય અડધું ઉઠાવનારી;
વાણી મૃદુથી તમતાપ શમાવનારી,
પાળું ગણી અધિક પ્રાણથી પ્રિય નારી.

**: ચોથે પગલે પત્ની કહે છે :**

સ્વામી તણા સુખ વિષે રહું પૂર્ણ સુખી,
થાઓ કદિ દુઃખી તમે થઉં હુંય દુઃખી;
એ રીત નિત્ય સુખ–દુઃખ વિભાગી થાઉં,
આજ્ઞા તમારી સઘળી શિરથી ઉઠાવું.

**પતિનો ઉત્તર—**

આજ્ઞા ધરી શિર પરે સહુ સુખ દેતી,
સંસાર કાર્ય સુખ–દુઃખ વિભાગ લેતી;
એવી કુલીન પ્રમદા પર રાખી પ્રીતિ,
પાળું ધરી વડીલ સજ્જન કેરી રીતિ.

**: પાંચમે પગલે પત્ની કહે છે :**

થઈ સ્નાનથી ઋતુ થકી અતિ શુદ્ધ દેહે,
ક્રીડા કરૂં નિજ પતિ થકી નિત્ય ગેહે;
ચક્ષુ તથા મન થકી ન ગણું બીજાને,
માનું અવર પુરૂષ ભ્રાત પિતા સમાને.

**પતિનો ઉત્તર—**

શાસ્ત્રોનું શાસન સદા કહ્યું પાળનારી,
થઈ ધર્મપત્ની પતિના પદ સેવનારી;
સંસાર સાગર પાર ઉતારનારી,
છે ધન્ય ! જન્મ મુજને મળી ધર્મનારી.

**: છઠ્ઠે પગલે પત્ની કહે છે :**

વાણી શરીર મનથી ઠગું ના પતિને,
સાક્ષી કર્યા વચનના કમળાપતિને;
સાથે વસીશ જગમાં સુખથી સુપ્રીતે,
ના કલેશ થાય કદિ વર્તીશ એવી રીતે.

**પતિનો ઉત્તર—**

હુંયે નહિ ઠગું તને કદિ કોઇ રીતે,
સાક્ષી કરી જગપતિ અતિ ચાહું ચિત્તે;
પાળીશ અંગ ગણી તુજને હુંય પ્રીતે,
જે ધર્મપત્ની સમજે નિજ ધર્મ નિત્યે.

**: સાતમે પગલે પત્ની કહે છે :**

વ્હેલી ઉઠી પતિ થકી ગૃહકાર્ય ત્યાગી,
યાગાદિ કાર્ય કરવા થઉં અર્ધ ભાગી;

ધર્માર્થ-કામ સમયે રહું નિત્ય સાથે,
સર્વસ્વ મેંય અર્પ્યું નિજ નાથ હાથે,

**પતિનો ઉત્તર—**

સંસારકાર્ય સઘળાં દઇને સુધારી,
ધર્માર્થ કાર્ય વિષે બની સાહ્યકારી;
આ લોકમાં સુરલોક બતાવનારી,
મુક્તિ તદા સહજ દંપતિની થનારી.

બ્હેનો તમારા ઘરમાં સૌથી વધારે જવાબદારી તમારી છે. હાલના જમાનામાં ગૃહસ્થાશ્રમના ઉત્તમ ભાવોની ફરજો કંઇક અંશે ભૂલાતી જવાય છે. સાસરે જઇ સાસુ-સસરાથી સ્વતંત્ર બનવું, મરજી પ્રમાણે હરવું ફરવું, ખાવું-પીવું ને એશઆરામ કરવો, એમાંજ હાલનાં દંપતિઓ ગૃહસ્થાશ્રમની સફળતા માને છે. આ ભૂલભરેલી માન્યતાથી સંસારનું ગૌરવ નષ્ટ થતું જાય છે, ખરૂં સુખ ખોવાતું જાય છે, માટે બ્હેનો ! એને ટકાવી રાખવા, પુનઃ પ્રાપ્ત કરવા તમારે તમારી ફરજ ન ભૂલવી જોઇએ.

[ "વસુંધરા" વાર્ષિકના "છઠ્ઠા દર્શન"માંથી ]

## સુસંસ્કારોની ખામી

[ વિશ્વમંગલ **શ્રી પુરૂષોતમ છ. શાહ**, એમ એ. ]

મુસલમાનનું બાળક નાનું હોય છે ત્યારથી મૌલવી પાસે જાય છે અને ઇસ્લામધર્મની બાબતોના સંસ્કાર તેના કુમળા મગજ પર નાખવામાં આવે છે. આ સંસ્કાર સમય જતાં બલવત્તર થાય છે. તે ધર્મને સમજે છે અને મોટપણે સાચો ઇસ્લામ બની શકે છે.

ખ્રિસ્તી લોકનાં બાળકો પર પણ આવા સંસ્કારો નાનપણથી જ નાખવામાં આવે છે. તે સંસ્કારો ભુંસાઇ ન જાય પણ જાગૃત રહે તેમજ વધુ ગાઢ બનતા જાય તેટલા માટે દરેક રવિવારે પ્રાર્થના, ભાષણો વગેરે આપેલાં હોય છે. તે દિવસે ધર્મના કામકાજ સિવાય બીજું કાંઇ કામ થઇ ન શકે તેવા દૃઢ સંસ્કાર નાનપણથી જ તેમનામાં નાંખેલાં હોય છે.

હિંદુ ધર્મમાં આવી કશી વ્યવસ્થા નાનાં બાળકો માટે નથી. ઘરમાં પવિત્ર અને સંસ્કારી જીવન હોય તો ઠીક, નહીં તો મોટા ભાગનાં બાળકો ગંદા વાતાવરણમાં અશ્લિલ સંસ્કારો ઝીલે છે. સામાન્ય હિંદુ માબાપને પોતાનાં નાનાં બાળકો પર નૈતિક તેમજ ધાર્મિક સંસ્કારો નાખવાની કશી જ પડી હોતી નથી. તેમને મનતો એક જ વસ્તુ ખાસ મહત્ત્વની છે અને તે એ કે દીકરો ઝટપટ ભણીગણી કમાતો થઇ જાય અને તેનું ઘર સંભાળે એટલે બસ, સંસ્કારનો ખ્યાલ સરખો પણ તેમને હોતો નથી. પરિણામ એ આવે છે કે, બાળકોપર સારા સંસ્કાર પડતા નથી, તે ધર્મ વિષે કૈં પણ જાણતો હોતો નથી. અંગ્રેજી કેળવણી લેતાં ફેશનને અવળે ચીલે ચડે છે, તેમાંથી ઉદ્ધતાઇ, બેપરવાઇ વગેરે અનેક દૂષણો જન્મે છે. જેને માટે માબાપો, શિક્ષકોને અને કેળવણીને જવાબદાર ગણે છે પરંતુ ઊંડો વિચાર કરતાં જણાશે કે, માબાપ પોતે જ આને માટે જવાબદાર છે. નાની ઉમરનાં બાળકો પર સારા સંસ્કાર નાખવા તે માબાપોની ફરજ છે અને તે ફરજ તેઓ બજાવી શકતાં નથી.

આ રીતે આખા સમાજની વસ્તુસ્થિતિ ઘસડાયે જાય છે. જે માબાપો સમજુ હોય છે, ઇશ્વરને ઓળખતાં હોય છે તેમના ઘરમાં સામાન્ય રીતિ ધાર્મિક કે સંસ્કારી વાતાવરણ જોવા મળે છે. તેની છાપ તેમનાં બાળકો પર પડે છે. કદાચ તે બાળકો ધર્મનું ઉંડું જ્ઞાન નહીં ધરાવતાં હોય પણ તેઓ વિવેકી અને વિનયી તો અવશ્ય હોય છે જ.

તેમની વૃત્તિ ઉર્ધ્વગામી હોય છે તેથી તે ભવિષ્યમાં સાચા સંસ્કારી હિંદુ થઈ શકે છે. બીજાં કેટલાંક માબાપો કે જેમના ઘરમાં ધાર્મિક વાતાવરણ હોતું નથી, જેઓ ધર્મને એક તૂત ગણે છે. તેમનાં બાળકો સામાન્યતઃ સંસ્કાર વગરનાં, સ્વચ્છંદી અને ઉદ્ધત જોવામાં આવ્યાં છે, કદાચ અપવાદ હશે પણ અપવાદને અહીં સ્થાન નથી. આ વસ્તુસ્થિતિ ટાળવા માટે બાળકો જ્યારે બહુ નાનાં હોય ત્યારથી જ તેમના મગજ પર ધાર્મિક સંસ્કારો નાખવાની ખાસ જરૂર છે.

# એનો વિચાર કર્યો ?

શ્રી શાસનસેવક.

હિંદ આજે કોમી દાવાનળમાં સળગી રહ્યું છે, એમાં બંધુત્વ અને મનુષ્યત્વની ભાવનાઓ પ્રત્યક્ષ પળે હોમાઇ રહી છે. **એનો વિચાર કર્યો ?**

બી એ. ભણ્યા, એમ. એ. થયા પણ મારી મનુષ્ય તરીકે શુ ફરજો છે **એનો વિચાર કર્યો ?**

દુનીયામાં લાખો જન્મે છે, લાખો મરે છે, પણ મારે જન્મી કયા કાર્યો સાધવાના છે, **એનો વિચાર કર્યો ?**

'ઇઝી ચેરો' ( આરામ ખુરસીઓ ) પર બેસી સીગારના ધુમાડાથી ગેબી વાતાવરણ બનાવનાર, વાતના ગપાટામાં જ સમય બરબાદ કરનારને પોતાની અમુલ્ય ક્ષણો કેમ વેડફાઇ રહી છે **એનો વિચાર કર્યો ?**

કરફ્યુ ઓર્ડરમાં, ઘરમાં ગોંધાઇ, બાર બાર વાગ્યા સુધી પાના ચીપનારમાં જ આનંદ માનનારા, સ્વકર્તવ્યો શું છે ? **એનો વિચાર કર્યો?**

સવારના ઉઠતાની સાથે જ બાવળના દાતણનો કુચડો મોઢામાં નાખી કલાકો સુધી એ જ ચાવ્યા કરનારને પ્રભાતનું પ્રથમ કાર્ય પ્રભુ પ્રાર્થનાનું છે. **એનો વિચાર કર્યો ?**

હરીજન ફંડનો એક પૈસો પણ બીજા ફંડોમાં નહિ લઇ જવાનું યોગ્ય માનનારો, દેવદ્રવ્યને સ્વઉપયોગમાં વાપરવું ઉચીત કેમ મનાય ? **એનો વિચાર કર્યો ?**

એકાદ નાનું સત્કાર્ય કરવા માટે, પાંચ દસ મિનીટના ભોગમાં પણ 'નો ટાઇમ' ના ઉદ્ગારો, ત્યારે ત્રણ ત્રણ કલાક ફિલ્મોમાં કેમ ફગાવી દેવાય ? **એનો વિચાર કર્યો ?**

કલાકો ગયા, દિવસો ગયા, વર્ષો વીતી ગયાં પણ રહેલા સમયને કેમ સફળ બનાવવો ? **એનો વિચાર કર્યો ?**

દાનવીર કહેવડાવી, ચાર જણમાં નામના મેળવનાર, આવા તંગ વાતાવરણમાં પોતાની તરતિજોરીના દ્વારો સ્વામિ ભાઈઓ માટે કેમ ખોલતા નથી, **એનો વિચાર કર્યો ?**

પશ્ચિમની વાંદરા પેઠે નકલ કરવાથી પોતાના જીવનમાં કેટલા અનિષ્ટોએ ઘર ઘાલ્યાં છે **એનો વિચાર કર્યો ?**

પૂનર્લગ્નના કોડ સેવતી યુવાન વિધવા કે પોતાના શિયળના નાશથી સર્વસ્વનો નાશ થાય છે. **એનો વિચાર કર્યો ?**

પ્રગતિ, પ્રગતિ, પ્રગતિના સૂરો સહુ પુરી રહ્યા છે, પણ પ્રગતિ ક્યાં હોવી જરૂરી છે, **એનો વિચાર કર્યો ?**

અહિંસાના ફિરસ્તાઓ તરીકે વિખ્યાત થયા પછી પંચેદ્રિય જીવોના મહાઘાતનો ઉપદેશ કેમ જ અપાય ? **એનો વિચાર કર્યો ?**

ફુરસદની પ્રત્યેક ક્ષણો પરનિંદામાં અને વિકથામાં કેમ ગુમાવાય ? **એનો વિચાર કર્યો ?**

હું મરૂં તો ભલે મરૂં, પણ પાંચને તો મારીને જ મરૂં આવી પિશાચી ભાવનાઓને કેમ સ્થાન અપાય ? **એનો વિચાર કર્યો ?**

એક બાજુ મનુષ્યોને રોગથી મુક્ત કરવા ક્રોડો રૂપીયાને ખર્ચે અખતરાઓ થાય, જ્યારે બીજી તરફ મનુષ્ય સંહારના કાર્યમાં જ રાત દિવસ ભેજાનો ઉપયોગ કરનાર વિજ્ઞાનીઓને અગ્રપદે કેમ સ્થપાય ? **એનો વિચાર કર્યો ?**

## :: बिखरे फूल ::

(१) वह मनुष्य अपनेको धोखा देता है जो यह कहता है कि मुजें भगवानको पुकारने या भगवानका नाम लेनेके लिये समय नहीं मिलता। भगवानको पुकारनेके लिये किसी बाहरी आडम्बरकी आवश्यकता नहीं है, किसी भी स्थितिमें किसी भी समय संसारका कोई-सा भी काम करता हुआ मनुष्य भगवानको पुकार सकता है और भगवानका नाम ले सकता है।

(२) शरीर उस सूखे पत्तेके समान है, जो हवाके झोंकेसे इधर-ऊधर उडता रहता ह और आत्मा ऊस वृक्षके समान है; जो सदा साक्षीकी भांति पत्तेका ऊडना देखता है। अतएव आत्मनिष्ठ महात्मा पुरुष प्रारब्धवश संयोग-वियोगके चक्करमें भटकनेवाले शरीरके द्रष्टा रहकर परमानन्दमें निमग्न रहते है। न शरीरके रहनेमें उन्हें स्पृहा है और न उसके नष्ट होनेमें उन्हें दुःख है।

(३) जहां धर्मका सहारा लेकर स्वार्थ अपना साम्राज्य विस्तार कर बैठता है, वहां निर्दयता, बर्बरता हिंसा, विनाश और मानव-चरित्र तथा मानव-सभ्यता पर अमिट कलंक लगना अवश्यम्भावी है।

(४) धर्मके नामपर होनेवाली स्वार्थकि क्रियासे धर्मकी जितनी हानि होती है, उतनी प्रत्यक्ष अधर्माचरणसें नहीं होती।

(५) महापुरुषोंके प्रति जबतक श्रद्धा-विश्वासका उदय नहीं होता, तबतक भगवत्तत्त्व प्राप्तिकी कामना और आशा कभी पूरी नहीं हो सकती।

(६) नाटकमें यदि हमारें पिता या हमारें कोइ प्रिय मित्र राक्षस, भूत या सिंह-बाघके वेषमें आते हैं तो उन्हें पहचान लेनेपर हम क्या ऊनसे डरते हैं या ऊनसे द्वेष करते है? ऐसे ही आत्माको जब समस्त रुपोंमें हम पहचान लेते हैं, तब किसी भी रुपसे न द्वेष रहता है, न भय और न घृणा ही।

(७) यदि हृदयमें निर्मल प्रभुभक्ति नहीं है तो समझना चाहिये कि अभी सच्ची साधुताका विकास नहि है। क्योंकि जहां प्रेम नहि होता, वहां गंदा स्वार्थ रहता हे और जहां स्वार्थ है वहां न है त्याग, न है उंची साधना और न है विषयासक्तिका अभाव। प्रेमहीन मनुष्यका जीवन घोर विषयी जीवन है, वह सर्वथा मरुभूमिके सदृश शुष्क और उत्तप्त ह।

(८) वह शान्ति व्यर्थ है जिसमें भगवान पर सरल निर्भरता न हो, वह साधना निकृष्ट है, जो अपने अंदर उंचेपनका अभिमान पैदा कर दे और वह भक्ति विष है, जो भगवानकी गद्दी पर बैठनेके लिये मनमें लालच पैदा करदे।

(९) जितने भी पार्थिव सुख है, सभी अशुद्ध और अकल्याणकारी है, योंकि उनकी उत्पत्ति ही अशुद्ध, अनित्य और दुःखदायी भोगोंसे होती है। सच्चा सुख वही ह जो सत्यस्वरुप भगवानकी स्मृतिसे मीलता है।

(१०) सच्चे परतन्त्र और गुलाम वही हैं जो इन्द्रिय और मनकी दासतामें जकडे ह जो इन्द्रियोंकी तृप्ति और मनकी मुराद पूरी करनेमें ही जुटे हुए है। मन-इन्द्रियोंपर जिसका प्रभुत्व है. जो इनके इच्छानुसार नहि चलता बल्कि इन्हे अपने. इच्छानुसार चलाता हैं, सच्चा स्वतन्त्र और स्वामी तो वही है।

(११) जो बीत गया है ऊसकी चिन्ता करना व्यर्थ है, इसी प्रकार भविष्यके लिये भी चिन्ता करनेमें कोइ लाभ नही। वर्तमान तुम्हारे हाथमें है, इसे सुधारो जिसका वर्तमान सुधर गया ऊसका भविष्य आप ही सुधर जायगा।

(१२) सच्चा पश्चात्ताप वही है जो फिर वैसा कर्म न होने दे। वह पश्चात्ताप व्यर्थ है जिससे कुकर्मका प्रवाह रुके नहीं।

(१३) किसी पापका सच्चा प्रायश्चित्त तब होता है जब १. उसके लिये मनमें भयानक पीडा-घोर पश्चात्ताप हो, २. भविष्यमें वैसा न करनेका दृढ निश्चय हो, ३. अपने पापको प्रकट करके नीचातिनीच कहलाने और सम्मान करनेवाले लोगोंके द्वारा भी तिरस्कृत होनेका साहस हो, ४. पापके फलस्वरुप किसी भी दण्डके सहनेमें प्रसन्नता हो और ५. श्रीभगवानसे यह कातर प्रार्थना हो कि उनकी कृपासे फिर कभी ऐसा कुकर्म बनें ही नहीं।

(१४) क्रोध जिसको आता है उसको पहले जलाता है और जिसपर आता है उसको पीछे क्रोध आनेपर यदि मनुष्य चुप रह जाय तो अंदर-ही अंदर ऊसे जलाकर क्रोध भी जल जाता है; पर यदि क्रोधके वशमें होकर शरीर या वचनसे कोइ क्रिया हो जाय तो फिर वह दूसरोंको भी जलाता है और आगकीं तरह चारों और फैलकर तमाम वातावरणको संतापसे भर देता है। फिर वह गरमी सहज ही शान्त भी नहीं होती।

(१५) क्रोधमें जब जबान खुलती है तब विवेककी आंखे मुंद जाती है। उस समय ऐसी बातें मुंहसे निकल जाती है, जिनके लिये केवल इसी जीवनमें नहीं, कइ जन्मोंतक पश्चात्ताप करना पडता है।

(१६) वही सच्चा शूर है जो मनके क्रोधको मनहीमें मार डालें, बाहर प्रकट होंनें ही न दे। और वह तो सर्वविजयी है जिसके मनमें भी क्रोध उत्पन्न न होता हो।

(१७) कामकी कुक्रिया एकान्तमें होती है, अतः बुद्धिमान् पुरुषोंको एकान्तकी कामोत्तेजक परिस्थितिसे सदा बचना चाहिये। अर्थात् एकान्तमें किसी भी पुरुषसे स्त्रीको और किसी भी स्त्रीसे पुरुषको नहीं मिलना चाहिये।

(१८) मनुष्य कितना धोखा खा रहा है। अपना सुधार करना अपने हाथ है, उसको नहीं करता और अपनेको परिस्थितिके वश मानकर अपने दोषोंका समर्थन करता है, पर दूसरेका सुधार करनेके लिये प्रयत्न करता है, जो उसके हाथमें नहीं है।

(१९) जिसका जीवन जितना ही आडंबर और विलाससे युक्त है, जिसको रहन-सहन जितना ही व्यर्थके शौकोंसे भरी है, ऊसका जीवन ऊतना ही अधिक अभावयुक्त, धनकी दासता तथा धनके लिये अन्यायका आश्रय लेनेवाला, अशान्त और दुःखी है। ऐसे मनुष्यके लिये सबसे अधिक हानिकी बात यह है कि वह धनियोंका मुखापेक्षी, धनियोंका पदानुगामी, धनीयोंका गुलाम, धनीयोंके दोषोंका समर्थक और धनियोंके बुरे आचरणोंका अनुसरण करनेवाला बनकर शीघ्र ही पतित हो जाता है।

(२०) जिसका जीवन जितना ही सीधा-सादा और सन्तोषयुक्त है, वह उतना ही स्वालम्बी, न्यायप्रिय, शान्त, सुखी और निष्पाप है।

(२१) किसोको नीचा दिखाकर या किसीकी निन्दा करकें अपना गौरव बढानेका प्रयास करना बहुत बडी मूर्खता और नीचता है।

(२२) संसारमें ऐसा कोई नहीं है, जिसमें दोष-ही-दोष हों। खोजनेपर निकृष्ट-से निकृष्ट वस्तुमें भी अद्‌भुत गुण मिल सकते हैं। गुण देखनेवाली आंखें चाहिये।

(२३) दोष देखनेवाला सदा घाटेमें रहता है। दिन-रात दोषदर्शन और दोष-चिन्तनसे ऊसके अंदरके दोष पुष्ट होते और नये-नये दोष आ-आकर अपना घर करते रहते है, फलतः उसका जीवन दोषमय बन जाता है।

(२४) जो सबमें दोष देखता है, उसका गुण ग्रहण करनेकी शक्ति नष्ट हो जाती है

## શાશ્વત સુખ મેળવવા માટે મહાપુરૂષોએ દુન્યવી ભોગવિલાસોને ત્યજ્યા છે.

# ધન્ય મહાપુરૂષો !

પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ.

કલિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ જૈન રામાયણ પર્વ સાતમાના ચતુર્થ સર્ગની શરૂઆતના ત્રીજા જ શ્લોકમાં આ પ્રમાણે જણાવે છે કે, ભગવાનશ્રી ઋષભદેવસ્વામીથી માંડી ભગવાનશ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થ દરમ્યાન ઇક્ષ્વાકુ કુલની અંતર્ગત આવેલા સૂર્યવંશમાં થયેલા રાજાઓ પૈકી તેમાંથી કેટલાક તો મોક્ષપદને પામ્યા ત્યારે કેટલાક મહારાજાઓએ દેવગતિ મેળવી. ખૂબી એ છે કે, પલ્યોપમો અને સાગરોપમોના અસંખ્યાત કાળ દરમ્યાન એમના વંશજોમાંથી ન તો કોઇ તિર્યંચ ગતિમાં કે ન તો કોઇ નરકગતિમાં ગયું. કેવી એમની પવિત્ર પરંપરા હશે એ વાંચકોને વિચારતાં સ્હેજે ખ્યાલ આવશે. "રાજેશ્વરી નરકેશ્વરી" એ સૂત્રને તો જેણે દફનાવી દીધું હતું. માટેજ અસંખ્યાત કાળના મોજાં ફરી વળ્યાં છતાંય તે પુણ્યપુરુષોની કીર્તિ અને તેમનો યશોદેહ આજે પણ અમર છે.

ધન્ય છે એ પવિત્ર પરંપરાના વાહક સૂત્રધારોને કે જેઓ એક સામાન્ય નિમિત્ત મળતાં રાજપાટને ત્યાગી, શિવરમણીના રાગી બની, લાડી, વાડી ને ગાડીની મોજને ઠોકરે મારી, વૈભવવિલાસોને લાત મારી સંયમના પૂનિતપંથે પ્રયાણે કરતાં અનેક દૃષ્ટાંત આપણને એમાંથી મળી આવે છે. તે મહારાજાઓ પૈકી કેટલાક તો પુત્ર થતાંની સાથે જ પ્રવ્રજ્યા અંગીકાર કરતા. જેમકે અનરણ્ય રાજાએ માત્ર એક માસની નાની વયવાળા દશરથજીને રાજગાદી આપી ચારિત્ર અંગીકાર કર્યું. સુકોશલ રાજાએ તેમની રાણી ચિત્રમાળા ગર્ભવતી હતી, તે ગર્ભવતી સ્ત્રીને તજી સુકોશલ રાજા પ્રવ્રજ્યા અંગીકાર કરવા તૈયાર થાય છે ત્યારે ચિત્રમાળા મંત્રીઓને સાથે લઇ, સુકોશલ રાજાને વિનવણી કરે છે કે, "મહારાજ! આપ દીક્ષાને અંગીકાર કરો છો પણ રાજગાદીનો વારસદારતો કોઇ હોવો જોઇયેને? સ્વામી વગરના રાજ્યને છિન્નભિન્ન થતાં વાર લાગતી નથી. માટે મહારાજ આપને પુત્ર થાય ત્યારબાદ પુત્રને રાજગાદી અર્પી ભલે પછી આપ દીક્ષા અંગીકાર કરો, હું આપના પવિત્ર માર્ગમાં કાંટા વેરવા નથી ચ્હાતી,"

---

**और दोष ग्रहण करनेकी शक्ति बढ़ जाति है, वह जहां-तहांसे दोषोंका ही आकर्षण, ग्रहण और संग्रह करता है।**

**(२५) वाणीके कथनकी अपेक्षा मनके दृढ़ विचार और विचारकी अपेक्षा वैसा ही आचरण कहीं उंचा है। वह विचार किस कामका जो आचरणमें न परिणत हो।**

**(२६) शुद्ध आचरण ही यथार्थ आचार है और शुद्ध भाव ही यथार्थ विचार है। इसि आचार-विचारको अपनाना चाहिये।**

**(२७) जिसमें अपना और दूसरोंका परिणाममें कल्याण हो, ऐसा भाव शुद्ध विचार है; और ऐसा आचरण शुद्ध आचार है।**

**(२८) किसी दूसरेके आचरणकी मीमांसा करते समय पहले अपनेको उसकी उस परिस्थितिमें ले जाना चाहिये, इसमें पडकर उसने वह आचरण किया था; तभी यथार्थ मीमांसा और निर्णय हो सकेगा।**

**(२९) जो मनुष्य अपने सुख-दुःखको गौण समझकर दूसरोंके सुख-दुःखको मुख्य समझता है, वही दूसरोंको दुःख पहुंचानेसे बच सकता है और वही दूसरोंको सुख भी पहुंचा सकता है। जिसकी दृष्टिमें अपना दुःख-सुख ही सब कुछ है, वह दूसरोंके सुख-दुःखकी परवा क्यों करने लगा।**

**(३०) आत्मवत् व्यवहार वाणीसे नहीं होता, आचरणसे होता है और उसका यथार्थ सम्बध मनसे है। जीसके मनमे आत्मीयता है, वही सच्चा आत्मीय है।**

[ हिन्दी कल्याणका सौजन्यसे ]

ચિત્રમાળા રાણીની વાણી કર્ણગોચર કરી વૈરાગી બનેલા સુકોશલ રાજાએ સત્વર જવાબ વાળ્યો કે "જા ત્હારા ગર્ભમાં રહેલા પુત્રને હું આજથીજ રાજ્યનો અભિષેક કરૂં છું." **भाविन्यप्युपचारो हि भूतवत्.** આ પ્રમાણે સકલ જનસમુદાયની સન્મુખ કહી સંભળાવી પોતાના પિતા કીર્તિધરમુનિની સમીપે સુકોશલ રાજાએ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

કેટલાએક રાજાઓ તો મસ્તક પર સફેદ વાળ આવતાંની સાથેજ કાળરાજાનો દૂત આવ્યો એમ વિચારી સંયમના પુનિત પંથે વિચરતા. આમ એક બે પેઢી નહિ, શત–સહસ્ર નહિ બલ્કે અસંખ્યાત પાટ સુધી અસંખ્યાત રાજા–મહારાજાઓ, ઠેઠ શ્રી ઋષભદેવસ્વામીથી લઇ ભગવાનશ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થ દરમ્યાન તેજ સંયમમાર્ગના પૂનિત પંથે વિચર્યા છે.

તે કાળ અને તે સમયની બલિહારી છે. કેવો સુંદર તે સમય હશે, કેવા વિચક્ષણ તે મહારાજાઓના મંત્રીઓ હશે, કેવી સુંદર તેમની પતિવ્રતા પત્નીઓ હશે, કેવા વિનીત તે રાજવીઓના પુત્રો હશે, કેવી તેમની મનોરમ પ્રજા હશે; કે કોઇપણ વ્યક્તિ આવા પવિત્ર સંયમમાર્ગમાં પ્રયાણ કરતા રાજવીઓને વિઘ્નરૂપ ન નિવડતાં ભવ્ય મહોત્સવો ઉજવી તે મહા મંગળકારી દીક્ષાના પૂનિત પંથમાં સહાયક થતા.

ઇતિહાસના પાને સુવર્ણાક્ષરોથી કોતરાયેલી એ સુંદર ઘડી–પળો, તેમનો યશસ્વી અમર દેહ આજે પણ આપણી નજરે ચઢી રહ્યો છે.

પરંપરા હો તો આવી પવિત્ર હો, કે જે પરંપરામાં આત્મકલ્યાણના બીજ રોપાણાં છે.

અંધ પરંપરા આત્માની ભવ પરંપરાને વધારનારી છે જ્યારે પવિત્ર પરંપરા તે આત્માની ભવ પરંપરાને કાપનારી છે. વિચારો કે આવી પવિત્ર પરંપરા જ્યારે ચાલતી હતી ત્યારની સ્થિતિ, ત્યારની નીતિ–રીતિ કે તે સમયની સુખ સાહ્યબી, તે કાળના આચાર–વિચાર, તે સમયનો પારસ્પરિક પ્રેમ, તે સમયનું કેવું સુંદર વાતાવરણ હશે.

ધન્ય છે તે પટરાણીઓને! ધન્ય છે એ રાજપુત્રોને! ધન્ય છે તે અરસાની પ્રજાને! ધન્ય છે તે મહામંત્રીઓને કે જેઓએ જૈનશાસનનો વિજયધ્વજ ફરકાવવામાં, જૈનશાસનનો ડંકો બજાવવામાં પોતાનું ગૌરવ સમજ્યું હતું.

માત્ર એકજ પ્રસંગ બસ છે. જે સમયે વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીનું તીર્થ પ્રવર્તી રહ્યું હતું. અયોધ્યા નગરીમાં વિજય રાજાનું શાસન હતું. હિમચૂલા નામે તે રાજવીની પટરાણી હતી. તેની કુક્ષીથી વજ્રબાહુ અને પુરંદર એમ બે નરરત્નોનો જન્મ થયો હતો.

તે અરસામાં નાગપુર નગરમાં ઇલીવાહન નામે રાજા હતો, જેની ચૂડામણિ નામની પટરાણી હતી. ચૂડામણિ રાણીએ, મનોરમ એવી મનોરમા નામની પુત્રીને જન્મ આપ્યો હતો. ઇલીવાહન રાજાની પુત્રી મનોરમાને વિજય રાજાના પુત્ર વજ્રબાહુ સાથે પરણાવવામાં આવી. વજ્રબાહુએ નાગપુર નગરથી મનોરમાને પરણી અયોધ્યા નગરી તરફ પુનઃ પ્રયાણ લંબાવ્યું. સાથે તેમનો સાળો ઉદયસુંદર તેમ જ અન્ય કુમારો પણ હતા. રસ્તામાં જતાં-જતાં તેમની દૃષ્ટિ તપતેજથી જેમનું ભવ્ય લલાટ ચમકી રહ્યું હતું, તેવા યથાર્થનામા ગુણસાગર નામના મહામુનિ વસંતશૈલ પર્વત ઉપર તપતપી રહ્યા હતા તે મહામુનિ પર પડી, તે મહામુનિની દૃષ્ટિ સૂર્ય સન્મુખ હતી, જાણે મોક્ષમાર્ગનેજ ન જોતા હોય, તેમ તેઓ ઘોર તપ તપતા ઉભા હતા. મહામુનિઓને નિહાળી કોનાં હૈયડાં હર્ષથી ન નાચે ? વજ્રબાહુનું હૃદય પણ ઘણુંજ પુલકિત બન્યું. મયૂર જેમ મેઘને જોઇને નાચી ઉઠે તેમ વજ્રબાહુ અતુલ આનંદિત બન્યો. ઉદયસુંદરે ધીમે રહીને પોતાના બનેવી વજ્રબાહુને કહ્યું, કેમ શેઠ દીક્ષાના ભાવ છે? જો વિચાર હોય તો જરાય વિલંબ કરવાની જરૂર નથી. હું તમારા તે કાર્યમાં સહાયક થઇશ.

ઉદયસુંદરે તો મશ્કરીમાં પૂછયું, પણ જવાબમાં વજ્રબાહુએ હા પાડી. વજ્રબાહુએ જણાવ્યું, જો જો ક્ષત્રિયપુત્ર છો, સમુદ્ર જેમ મર્યાદાનું ઉલ્લંઘન નથી કરતો તેમ તમે પણ વચનમાં બદ્ધ રહેજો.

વજ્રબાહુ રાજકુમારના હાથના મીંઢળ પણ હજુ તો છુટયાં નથી, માત-પિતાને મળ્યા પણ નથી, હજી ઘેર ભેગાય થયા નથી. તાજેતરમાં પરણેલી પત્ની મનોરમા સાથે છે; છતાંય ભર યૌવનાવસ્થામાં તરતજ દીક્ષા લેવાની તીવ્ર ઇચ્છાથી વાહનમાંથી નીચે ઉતરે છે. નીચે ઉતરી વસંતશૈલ પર્વત પર રહેલા ગુણસાગર મહામુનિની નજીક ઉદયસુંદરાદિ પરિવાર સાથે પહોંચી જાય છે.

વજ્રબાહુ કુમારની પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઉત્કટ ભાવના નિહાળી તેમનો સાળો ઉદયસુંદર બોલી ઉઠયો, "હે સ્વામિન્! અરે આપ શું કરવા તૈયાર થયા છો? શું દીક્ષા લેવી છે? નહિ, નહિ, હું તો મશ્કરી કરતો હતો. પરસ્પરની હાંસીના વચનો સત્ય હોતાં નથી; માટે મહારાજ ! ક્ષમા કરો. ધિક્કાર છે મને કે આપની આવી મશ્કરી કરી."

ઉદયસુંદર હવે ગભરાયો, આ શું થયું! મશ્કરી પણ સાચી થઇ. ઉદયસુંદરે પુનઃ કહેવા માંડયું, હે વજ્રબાહુ રાજકુમાર! હું તો એમ સમજતો હતો કે; આપ મ્હારા સુખદુઃખમાં હંમેશને માટે સહાયક થશો. મારા એ મનોરથોને અકાળે આપે ભૂકો કરી નાંખ્યો, ભોગવિલાસની સુંદર વયમાં આપને આ શું સુઝયું? એ પણ આપે ન વિચાર્યું કે, આ નવયૌવના મનોરમાનું શું થશે! તેનું જીવન પતિવિહીન દશામાં કેવીરીતે પૂર્ણ થશે. જેને આપ તૃણ સમ સમજી તૈયાર થયા છો.

વજ્રબાહુએ સાફ સાફ જણાવી દીધું કે, "હું તો મારી ભાવનામાં અડગ છું. ખરેખર સંસાર એ મને અસાર ભાસે છે, આપે કરેલી મશ્કરી પણ મારે માટે તો પરમાર્થરૂપ નિવડી છે. સ્વાતિ નક્ષત્રમાં વરસેલો વરસાદ જેમ કાળુ માછલીમાં મોતીને પેદા કરે તેમ આપની વાણી મારે માટે તો અતિ હિતકારી થઇ પડી." વજ્રબાહુએ ખૂબ જ હૃદયદ્રાવક વાણીથી સૌકોઇને પ્રતિબોધ પમાડયો. સઘળાયની દીક્ષા લેવાની ભાવના થઇ. તરતજ તે મહામુનિ ગુણસાગર મહારાજની પાસે વજ્રબાહુ તેમજ તેમના સાળા ઉદયસુંદર, તેમની પત્ની મનોરમા તેમજ સાથે રહેલા પચીસે કુમારોએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. વિજય રાજાના કાને પણ વજ્રબાહુ આદિની દીક્ષાના સમાચાર વાયુવેગે પહોંચ્યા.

વિજય રાજાએ એમ નથી વિચાર્યું કે, કોણ એ મુનિ કે જેણે મારી અનુજ્ઞા સિવાય પાધરી જ દીક્ષા આપી, અરે હજી તો હાથના મીંઢળ છૂટયા નથી, પરણીને ઘેર ભેગોય થયો નથી, બાળક છે. તેમ યદ્વાતદ્વાપણે તે ન્હોતા બકયા તો પછી રોકકળ પણ શાનીજ કરે?

કેવી અદ્દ્ભુત તેમની વાણી હતી. એ વાણીમાં શબ્દે શબ્દે ધર્મનો રંગ હતો. એ હતી એમની વાણી કે ધન્ય છે એ પુત્રને કે તે બાળક પણ શ્રેષ્ઠ છે, પુણ્યશાળી છે, ખરેજ હું નિર્ભાગી છું. આટઆટલી અવસ્થા થવા છતાં મને વૈરાગ્ય ન થયો. એમ વૈરાગ્ય ભાવનામાં ચઢી તે વિજય રાજા પણ દીક્ષાના પુનિતપંથે વિચરવા તૈયાર થાય છે. પોતાના પુત્રના ચારિત્ર માર્ગમાં જરાય વિઘ્ન ન કરતાં પોતાના બીજા પુત્ર પુરંદરને રાજગાદી અર્પણ કરી, દીક્ષાને અંગીકાર કરી.

ધન્ય છે આવા પુણ્ય પુરૂષોને!

---

**સં૦ ૨૦૦૩ ના ચૈત્રથી ૨૦૦૪ ના ફાગણ સુધીનું**

# વિધિ સમય દર્પણ

**બહાર પડી ચુકયું છે.**

**મૂલ્ય આઠ આના**

**—: મળવાનાં સ્થળો :—**

૧. **શા ઉમેદચંદ રાયચંદ** ઠે. જૈન દેરાસર પાસે, મુ. ગારીઆધર ( વાયા, દામનગર ) કાઠીયાવાડ.

૨. **સોમચંદ ડી. શાહ** ઠે. જીવનનિવાસ સામે, પાલીતાણા (કાઠીયાવાડ).

૩. **નાગરદાસ પ્રાગજી** ઠે. દોશીવાડાની પોળ સામે, મુ. અમદાવાદ.

૪. **માસ્તર ગોરધનદાસ છગનલાલ**
c/. **જાસુદબેન** ઠે૦ જૈન પાઠશાળા
૧૪, ધનજી સ્ટ્રીટ,
ઠે. રીફાઇનરી બીલ્ડીંગ બીજે માળે મુંબઇ નં. ૩.

## ભાતભાતની વાનગીઓ:

પીરસનાર; શ્રીચંદ.

અમેરીકામાં અત્યારે ૬૦,૦૦,૦૦૦ ગુનેગારો છે, તેમાં નિત્ય વધારો થતો રહે છે. ૧૯૪૫ કરતાં ૧૯૪૬ માં ગુનેગારોની સંખ્યામાં ૧૨/૪ જેટલો વધારો થયો છે. [છતાં દેશની પ્રગતિ મનાય તે આશ્ચર્ય!]

અમેરીકામાં દર ૨૦/૧ સેંકડે એક ભયંકર ગુન્હો બને છે. ત્યારે દર ૬/૪ મિનિટે ખૂનને બળાત્કાર જેવા પ્રકાર બને છે. [ગુન્હાઓ વધતાં ગુન્હો કોને કહેવો એ મુંઝવણ ઉભી થશે.]

વિમાનમાં લગ્ન કરવામાં આવે તો તે કાયદેસર ગણાય નહિ એવો વાદ અમેરિકામાં ઉઠયો છે. કેટલાક ન્યાયાધીશો કહે છે કે, હવામાં પૃથ્વીના કાયદા લાગુ પડતા નથી, એટલે હવાઈ લગ્નોને કાયદાની અસર થાય નહિ. તેથી લગ્ન નોંધનાર કામદારે વિમાનમાં બેસી લગ્ન કરનાર યુગલને પરણ્યાનું પ્રમાણપત્ર આપવાનો ઇન્કાર કર્યો છે. [આકાશમાં લગ્ન કરનારાઓને દેવો પાસે પ્રમાણપત્રો માગવાનો અધિકાર રહે છે]

વોશિંગ્ટનની એક સ્ત્રીને તેના પતિએ સ્નાનગૃહ બંધાવી આપ્યું નહિ તેથી લગ્નવિચ્છેદની ફરીયાદ કરી છે. [ઘેલછા ભરેલી આઝાદીનો એક પ્રકાર છે.]

૨૧ વર્ષની એક અમેરિકન સ્ત્રીની તસ્વીર પર એના પતિએ મૂછો અને ચશ્માં ચિતર્યાં તેથી તેણે લગ્ન-વિચ્છેદ માગ્યો ને કોર્ટે પરવાનગી આપી. [સ્વમાન ઘવાવાનો પ્રશ્ન ખરોને?]

પોતાના પતિને પારકી સ્ત્રીની રકાબીઓ લૂછતા જોવાથી એક અમેરિકનનારીએ માગેલા છૂટાછેડાને અદાલતે મંજુરી આપી છે. (પોતાનો પતિ પારકી સ્ત્રીનું કામ કરે તે ખમાયું નહિ હોય!)

પહેલો અણુબોમ્બ બનાવવા પાછળ અમેરીકાની સરકારે રોકેલાં એક લાખ માણસોએ અઢીવર્ષ ગાળ્યાં હતાં અને તે પાછળ રૂા. ૭૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ખર્ચ્યા હતા. [તે ભોગનું પરિણામ ખતરનાક નિવડયું. છે].

બ્રિટનની મહિલાઓ સૌન્દર્યવર્ધક સુગંધી દ્રવ્યો પાછળ દર વર્ષે ૧૨૦,૦૦૦,૦૦૦ પાઉન્ડ ખર્ચે છે. યુ. એસ. એ. ૨૯૦,૦૦૦,૦૦૦ પાઉન્ડ ખર્ચે છે. [પૈસાની રેલમછેલ બીજું શું કરાવે?]

૧૯૩૮-૩૯ માં બ્રિટીશ કારખાનામાં ૪૦,૦૦૦ મણ, ચહેરા પર ચોપડવાનો પાઉડર, ૮૦,૦૦૦ મણ ક્રીમ અને ૫૦,૦૦૦ મણ બીજાં કોસ્મેટીકો બનાવ્યાં હતાં; તેની કુલ કીંમત ૫૫,૦૦૦,૦૦૦ પાઉન્ડ થઇ હતી. [પાઉડર ચોપડી રૂપાળા મોઢાવાળા થવાનો ચેપ લાગુ પડે ત્યાં શું થાય!]

૧૯૩૮ માં બ્રિટનમાં ૩૧૨૦૦ કેશકલામંદિરો અને ૧૦૦૦ સૌન્દર્યવર્ધક ધામો ચાલતાં હતાં તેની પાછળ આંગ્લ રમણીઓએ વર્ષે કુલ ૭૫૦૦૦,૦૦૦ પાઉન્ડ ખર્ચ્યા હતા. આ ખર્ચ વર્ષે સરેરાશ માથાદીઠ રૂા. ૭૫) જેટલું આવ્યું હતું. [છતાં કુદરતી સૌંદર્ય વધાર્યું વધતું નથી.]

સૌંદર્ય સંરક્ષણની સારવારમાં બ્રિટનની પ્રત્યેક મહિલા વર્ષ દહાડે ૪૨૪ કલાકો ગાળે છે. (કલાકોના કયાં દામ ખરચવા પડે છે!)

બ્રિટનના પુરૂષો દાઢી, અને બાલની સારવાર પાછળ વર્ષ દિવસે ૩૫૦૦૦,૦૦૦ ખર્ચે છે. [હજામ તે વાળ ઉતારી લે તો કેટલી કિંમત ઉપજે?]

યુરોપ અમેરિકાનાં ગામનાં ગામ એકથી બીજે સ્થળે ખસેડવામાં આવે છે. ન્યુયોર્કમાં ૮૦૦૦ ટન વજનનું એક મકાન પાયામાંથી ખસેડતાં ૨૦૦૦ સ્ટીલ રોલર્સ અને પાંચમાઇલ લાંબા પોલાદના તાર વપરાયા હતા.

**અમે**રિકામાં એક એવા સૂક્ષ્મદર્શક યંત્રની શોધ થઈ છે, જે મૂળ વસ્તુને બે લાખ ગણી મોટી કરી બતાવે છે. તેથી માથાનો એકવાળ જાડા લાકડા જેવો બતાય છે ( તેમ હિંદમાં એક નાના પણ ગુણને મોટો બતાવવાની ટેવ પડી છે. )

**બ્રિ**ટીશ પાર્લામેન્ટની ઉમરાવોની સભા માટે એવો કાનૂન છે, ત્યાં સ્ત્રીઓએ માથું ઢાંકવુંજ જોઇએ. [ ત્યારે હિંદની સ્ત્રીઓ ઉઘાડું માથું મૂકવામાં અભિમાન લે છે. ]

**હિં**દુસ્તાનમાં આજે ૪૧૭ કાપડની મીલો છે. તે ઉપરાંત ૧૨૫ નવી મીલો બાંધવાની યોજના તૈયાર છે. ( છતાં હિંદુસ્તાનમાં કાપડનો દુકાળ છે ! )

**આ** પદાર્થ (વનસ્પતિ ઘી) પ્રથમ હોલેંડ બેલ્જીઅમ, જર્મની વગેરે યુરોપિયન દેશોમાંથી હિંદમાં આયાત કરવામાં આવતો હતો. ૧૯૪૨ થી એ ધંધો હિંદમાં શરૂ થયો. આજે હિંદમાં દરરોજ ૩૦૦ ટન વનસ્પતી "ઘી" તૈયાર થાય છે. ૧૯૩૭ માં આ દેશમાં એની વાર્ષિક વપરાશ ૨૬,૦૦૦ ટનની હતી. ૧૯૪૫ માં તે વધીને ૧,૩૭,૦૦૦ ટને પહોંચેલી. ( મુંબઈનું ઘી મરચંટસ એસોસીએશન ) (વનસ્પતિના ઘીથી હિંદની પાયમાલી વધી પડી.)

**મિ** અલરોય, હાથ વિનાનો એક અજબ પુરૂષ છે તે પોતાના પગના અંગુઠાથી લખવાનું અને ચિત્રકામ અત્યંત સરળતાથી અને વળી હસ્તાંગુલિથી ચિત્ર દોરતા ચિત્રકાર કરતાંયે વિશેષ ખૂબીથી કરી શકે છે [ છતાં, વખતે હાથની ખોટ માનવને સાલે તેવી છે ]

**ના**નકડું ઘરગથ્થુ સેવકનું કાર્ય કરતું યંત્ર માનવીને પ્રાતઃકાળની અનેક ખટપટોમાંથી મુક્તિ અને આરામ આપશે ઘડિયાળ, બત્તી અને ચાંદાની સાથે જોડીને બનાવેલા વીજળીક સાધનની રચના એવી છે કે, તમે નક્કી ઠરાવેલા સમય પર કાંટો મૂકીને સૂઇ જાઓ એટલે તે સમયે ચા તૈયાર કરી. વીજળીનો દીવો પ્રગટાવી, ઝીણી ઝીણી ટકોરીથી તમને જગાડી દે. ગૃહિણીઓની કેટલી બધી જંજાળ આ ત્રિવિધ કાર્ય કરી દેનાર સેવક હરી લેશે. [ યંત્રથી ગૃહિણિઓની કળા નાબુદ થવાનો ભય રહે છે ]

**૧૯૪૫** ના ઓગસ્ટમાં યુદ્ધ પુરું થયું ત્યારથી ૧૯૪૬ ની આખર સુધીમાં હિંદી સૈન્યમાંથી કુલ ૧૨, ૫૨, ૭૬૫ માણસોને છુટા કરવામાં આવ્યા છે. [ બેકારીમાં વધારો ! ]

**હિ**દુસ્તાનની મીલોમાં દરવર્ષે ૪ અબજ ૮૦ કરોડ વાર કાપડ પેદા થાય છે. તે ઉપરાંત બીજું બે અબજવાર કાપડ હાથશાળો ઉપર તૈયાર થાય છે આ રીતે કેટલાંયે વર્ષોથી સરેરાશ હિંદી જનને ફાળે વર્ષે ૧૬ વાર સુતરાઉ કાપડ આવે છે. [ છતાં લડાઈ પહેલાં કાપડ ઢેઢે પીટાતું હતું. ]

**૧૯૪૪-૪૫** ના વર્ષ દરમ્યાન હિંદુસ્તાનમાં સીનેમા જોનારાઓએ ૧૧ કરોડ રૂપીઆનો ખર્ચ કરેલો. તેમાંથી પોણો કરોડ રૂપિઆ પરદેશી ફિલ્મોના વિક્રેતાઓને ફાળે ગયા હતા [ રળીરળીને પરદેશીઓને જ આપવાનું છે ને ? ]

**૧૯૨૮-૨૯** દરમિયાન હિંદુસ્તાનમાં ૪ કરોડ ૮૮ લાખ રતલ **ચા** વપરાઇ હતી; ૧૯૪૫-૪૬ દરમિયાન ૧૩ કરોડ રતલ વપરાઈ હતી. [ ઝેરનો પ્રચાર વધતો જાય છે. ]

**દર** અઠવાડીએ દુનિયાનાં ૨૩ ૧/૨ કરોડ માણસો સીનેમા જોવા જાય છે એમાંના ૧૦ કરોડ તો એકલા અમેરિકનોજ હોય છે. દુનિયાની કુલ વસ્તી બે અબજની છે, એમાં અમેરિકનો ૧૩ કરોડ છે. [ સીનેમા પાછળ સમય અને દ્રવ્યનો વ્યય આંધળીયો છે. ]

# આધુનિક દશા:

પૂ૦ મુનિરાજશ્રી નિરંજનવિજયજી મહારાજ

[ ફુલચંદ પોતાના ઘરે ખુરશીમાં બેઠો બેઠો આજની વર્તમાન અવદશાનો વિચાર કરી રહ્યો હતો તેવામાં તેનો મિત્ર મનહર ઘરમાં પ્રવેશ કરે છે. તેને પણ બેસવા ખુરશી આપે છે. મનહર પૂછે છે કે– ]

મનહર—કેમ ભાઈ! શા વિચારમાં છો? બહુજ ઉંડા વિચારમાં ડુબી ગયા લાગો છો. જરા કહો તો ખરા? અમને ખબર પડે કે, ભાઈને શું દુઃખ છે!

ફુલચંદ—મનહર! તને તો હરવખત મશ્કરીજ સુઝે છે; તારે તો ખાઈપીને લહેર જ કરવી છે. જરા ભવિષ્યનો કોઇ દિવસ વિચાર કર્યો છે? કે આપણો સમાજ અને આપણો દેશ પહેલાં કેટલી ઉંચી કક્ષાએ હતો અને અત્યારે કેવી અધોગતિએ પહોંચ્યો છે, તેનો તને જરાએ ખ્યાલ છે?

(મનહરે જરા હસીને કહ્યું)

મનહર—એ જ કે બીજું કાંઈ? સૌના કર્યાં સૌ ભોગવે. ભૂલનો ભોગ ભોગવે જ છૂટકો! રોદણાં રોયે કાંઈ શકરવાર વળવાનો નથી. ઉપાય શોધવા કરતાં કારણ શોધવામાં આવે અને તે દૂર કરવામાં આવે તો જ કાંઈ દહાડો વળે!

ફુલચંદ—આપણે અને આપણા પૂર્વજોએ એવી શી ભૂલો કરી હશે કે, આ દશાએ આપણો દેશ આવી પહોંચ્યો છે. ખરૂં વિચારીએ તો ઉલટું આપણા દેશે તો જગતને બોધપાઠ આપ્યો છે. ઉંધે રસ્તે ચઢેલી દુનિયાને સીધો રસ્તો બતાવ્યો છે. જેટલા મહાપુરુષો આ ભૂમિ ઉપર જન્મ્યા છે તેટલા દુનિયાના બીજા કોઈ પડમાં થયા નથી. પ્રતિ યુગે આ દેશમાં એક એક વ્યક્તિ તો જરૂર બહાર આવી છે અને ભાનભૂલ્યા જગતને માર્ગ બતાવ્યો છે. જ્ઞાનની પરબો એમણે માંડી અને દુર–દુરથી લોકોએ આવી એ પરબોનાં મીઠાં–મધુરાં અમૃત પીધાં છે અને થોડું પોતાની સાથે લઈ ગયા. નાની છતાં દુનિયામાં (બાહ્ય દૃષ્ટિએ) સૌથી વધુ ફેલાવો પામેલી ખ્રીસ્તી કોમના સ્થાપક ઈશુ હિંદુસ્તાનમાં લગભગ બાર વર્ષ રહ્યા, તક્ષશીલા અને નાલિંદામાં રહી હિન્દમાં ચાલતા ધર્મોનો અભ્યાસ કર્યો અને પશ્ચિમની દુનિયાને અહિંસાનો ઉપદેશ આપ્યો. પાકદિને ઈસ્લામના પ્રવર્તક હજરત મહમદ પયગંબરે પણ હિંદુસ્તાનમાં આવેલા અને જ્ઞાનનાં અમૃત ચાખેલાં આ પ્રમાણે આખી દુનિયાને ઉપદેશ આપનારની આ દશા?

મનહર—ભાઈ! તારૂં કહેવું ખરૂં છે. મહાનપુરુષોએ તો ઘણું કહ્યું, ઘણો ઉપદેશ આપ્યો, પણ આપણે તેનું કેટલું પાલન કરીએ છીએ? તે તો તું વિચાર! આવી દશા આપણા એકલાની નથી, બધાની છે. ખ્રિસ્તી ધર્મમાં અહિંસાનો ઉપદેશ એટલે સુધી આપ્યો છે કે, "તમારા એક ગાલ ઉપર તમાચો મારે તો બીજો ગાલ ધરજો". આજે જે જે દેશો ખ્રીસ્તી ધર્મ માને છે તે તે દેશો તરફ વિચાર દૃષ્ટિએ જોશો તો જણાશે કે, માનવસંહારની કેટલી બધી સામગ્રી એમણે જ તૈયાર કરી છે. ઝેરી ગેસથી માંડીને અણુબોંબ સુધીની અનેક ઝેરી–તત્ત્વોથી ભરપુર સામગ્રીઓનો પણ સમાવેશ થાય છે.

ખરેખર! આપણે આપણા ધર્મને સગવડીયો પંથ બનાવ્યો છે. આપણે ફાવે તેટલું ગ્રહણ કરીએ છીએ અને ન ફાવે તેને જતું કરીએ છીએ છતાં આપણે ધર્મની અને આપણી પૂર્વ સ્થિતિની ખોટી બડાઇઓ મારીએ છીએ.

ફુલચંદ—ભાઈ મનહર! તું કહે તે બધું

ખરૂં છે. પણ આપણે ઢોંગી બન્યા છીએ અને ખાડામાં પડયા છીએ પણ એમાંથી શી રીતે નીકળવું તેનો ઉપાય તું બતાવીશ? કે જેમ ચાલે તેમ ચાલવા દેવું અને શાન્તિથી જોયા કરવું!

મનહર—ભાઈ ફુલચંદ, મારૂં કહેવું તને કડવું લાગશે પણ હું તો મોઢે જ કહેનારો છું, પછી ખોટું લાગે કે ખરૂં. જો સાંભળ! મારી પોતાની માન્યતા પ્રમાણે હાલની આ સ્થિતિ માટે પહેલા આપણે એટલે આપણા વડીલો જ જવાબદાર છે. આપણા બાળકોમાં આપણે ધાર્મિક સંસ્કાર નથી દેખતા તેના કારણભૂત આપણે જ છીએ!

ફુલચંદ—શાથી? તે તો તું કહે?

મનહર—જો સાંભળ, આપણામાં જ ધાર્મિક ભાવના નથી, આપણા વિચાર, વાણી અને વર્તન ધર્મથી ઉલટાં છે. આપણા બાળકોને આપણે સુસંસ્કારનો વારસો આપવાને બદલે કુસંસ્કારનો વારસો આપીએ છીએ. પછી બાળકોમાં ધાર્મિક સંસ્કાર તે ક્યાંથી હોય?

ફુલચંદ—એ કેવી રીતે?

મનહર—ભાઇ ફુલચંદ, બાળકોના દેખતાં મા-બાપો ગમે તેમ વર્તે એટલે તેમનું વર્તન બાળકના જોવામાં આવતાં તેઓ પણ એ જ શીખે છે. આપણા ધર્મમાં રાત્રીભોજનની અને રાત્રીમાં પાણી પીવાની પણ મનાઇ છે છતાં કેટલાક ઘરોમાં રાત્રિભોજન થાય છે, તથા ચા પણ મૂકાય છે! બાળકો આ બધું જુએ, પછી તેમનામાં પણ એ જ સંસ્કારો ઘર કરી બેસે ને? બીજું; મા-બાપો કહે છે કે, અમારા બાળકોમાં અમારે તો ધાર્મિક ભાવના ખીલવવી છે, ધાર્મિક સંસ્કારો પાડવા છે, પણ એના માટે કોઇ જાતનો પ્રબંધ એ લોકોએ કર્યો છે? ધર્મના સિદ્ધાન્તો પોતાના આચારથી અને બાળકો સમજી શકે તેવી સરળ ભાષામાં બાળકોને સમજાવવા જોઇએ અને જો એમ કરવામાં આવે તો ભવિષ્યની પ્રજામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય, ધાર્મિક ભાવના ખીલવી શકાય. નહિતર અત્યારે છે એના કરતાં પણ અધમ દશા થવાની એ ચોક્કસ વાત છે.

ફુલચંદ—ભાઈ મનહર, તારૂં કહેવું અક્ષરે અક્ષર ખરૂં છે. જ્યાંસુધી મા-બાપો વિચાર, વાણી અને વર્તન સુધારશે નહિં ત્યાંસુધી બાળકોને સુધારવાની આશા ફોગટ છે. બીજ સારૂં હશે તો જ સારાં ફળ આવશે. અત્યારે આપણે તો બીજું શું કહી શકીએ? ફક્ત દરેક માબાપોને વિનંતી કરી શકીએ કે, તમો તમારાં બાળકોના ભલાને માટે પણ તમો તમારા વિચાર-વાણી અને વર્તન એક સરખાં જ રાખો. તમો ભલે તેમને પૈસાનો વારસો ન આપી શકો પણ તેઓને તમારા સારા સંસ્કારનો વારસો તો જરૂર આપી શકશો કે જેના ઉપર આપણા ધર્મની, આપણી કોમની અને આપણી ઉન્નતિનો ખરો આધાર છે; વળી જડ જેવા બાળકોને હીરા જેવા કરવાની જવાબદારી જો કોઈની હોય તો સદાચારી માબાપોની અને તે ઉપરાન્ત સારા શિક્ષકોની પણ છે અને તેથી જ તેઓનો દરજ્જો-સ્થાન ઉંચું ગણાય છે અને જો મા-બાપો અને શિક્ષકો ન્યાયવાન્ અને સદાચારી હોય તો તેમના સારા આચરણની સચોટ અસર બાળકો ઉપર ઘણીજ સારી થવા પામે એ નિઃશંક વાત છે માટે જો બાળકોનું જીવન સુધારવું જ હોય તો માબાપો તથા શિક્ષકોએ અને તેમના વડીલોએ પણ પોતાનું વર્તન સુધારવું પડશે.

[ બન્ને મિત્રો જુદા પડે છે. ]

# મનસ્વીપણે વાણીનો વિલાસ ખેલી રહેલા અજબ જાદુગર સોનગઢના સ્વામીજી.—————શ્રી દર્શક

[ લેખાંક: ૩ ]

જ્યારે માનવ હૃદયમાં જાતનું ઘમંડ જન્મે છે, હુંપદનો હુંકાર સતત જાગૃત બને છે ત્યારે તે પોતાની જાતને ભૂલી જાય છે. મિથ્યાભિમાનમાં અટવાતો તે માનવ પોતાની વાણીના શસ્ત્રથી પોતાના જ આત્માનો ઘાત કરવાનું દુઃસાહસ તે કરી નાંખે છે. આવા આત્માઓની હુંશીયારી કે વિદ્વત્તાનો આડંબર કેવળ અન્ય ભોળા અને શ્રદ્ધા ઘેલા અજ્ઞાત આત્માનું અહિત કરનારો બની, પરિણામે તેના પોતાના જ આત્માને મોહ–અજ્ઞાનના બંધનમાં જકડી રાખનારો બને છે.

તાજેતરમાં 'સોનગઢના સ્વામી' તરીકે પ્રસિદ્ધ કાનજી સ્વામીના જીવનમાં આવુંજ બનવા પામ્યું છે. હાલ તેઓ 'હુંપણાના હુંકારમાં' એટલી હદે ભાન ભૂલા બન્યા છે કે, એક સામાન્ય ધર્મોપદેશક તરીકેની પણ પોતાની જવાબદારી ને સમજ્યા વિના બે–ચાર મન માન્યાં શાસ્ત્રોના બહાને, તેઓ **મે માતા વંધ્યા** ની જેમ પરસ્પર અસંબદ્ધ રીતે વાણીનો વિલાસ ખેલી રહ્યા છે.

શ્રીમાન્ કુંદકુંદાચાર્ય પ્રણીત 'સમયસાર' એ એમનું મુખ્ય શાસ્ત્ર તેમજ વાણીના વિલાસ ખેલવાનું શસ્ત્ર છે. એ પુસ્તક પર તેઓ પોતાનાં પ્રવચનો આપે છે, જે પ્રવચનો 'આત્મધર્મ' માસિકમાં પ્રગટ થાય છે. કેવળ નિશ્ચયપ્રધાન 'સમયસાર' ગ્રન્થના વિષયને સાંભળનાર શ્રોતાઓના અધિકારને સમજ્યા વિના ભેંસ આગળ ભાગવતની જેમ તેનુંજ પિંજરણ કરી તેઓ નિશ્ચયનયાભાસની જે દેશના આપી રહ્યા છે, તે નિશ્ચયનયની પારમાર્થિક શુદ્ધ ભૂમિકાને હજુ તેઓ પોતે પણ સ્પર્શી શકયા નથી, તેમજ તે નિશ્ચયનયની છેલ્લી ભૂમિકાના જે શાસ્ત્ર ગ્રંન્થોના અધ્યયનને માટે ખુદ સ્વામીજી પોતે હજુ પણ યોગ્યતા પામી શકયા નથી તે ગ્રંન્થને, સંસારના ગૃહસ્થીઓ કે જેઓ હજુ કોઇપણ આચારો કે વિચારોમાં શાસ્ત્રીય દૃષ્ટિયે નિયમન–નિયંત્રણ કરવાની સ્થિતિ કેળવી શકયા નથી, તે માટેની ઉત્સુકતા કે સાચી મુમુક્ષુવૃત્તિ હજુ જેઓના જીવનમાં પ્રાપ્ત થઇ નથી તેવા સંસારના આરંભ-સમારંભોમાં મુંઝાયેલા પ્રાયઃ બહિરાત્મ દૃષ્ટિવાળા અવિરત આત્માઓની સમક્ષ 'સમયસાર' ગ્રન્થનું પારાયણ કાનજીસ્વામીજી જે રીતે કરી રહ્યા છે એ ખરેખર સ્વપર ઘાતક બાલીશ કાર્ય કહી શકાય.

નિશ્ચયનું પ્રતિપાદન કરતાં તેઓ વ્યવહાર પ્રધાન શ્રી જૈનશાસનનાં શાસ્ત્રીય સિદ્ધાંતોનો પણ છડે ચોક અપલાપ કરીને ઉત્સૂત્ર પ્રરૂપણ દ્વારા જાત માટે અનંત સંસારની વૃદ્ધિનું મહાપાપ આચરી રહ્યા છે. આનિશ્ચય પ્રધાન સમયસાર ગ્રન્થની બીજી બાજુ વ્યવહાર શૈલી કે જેને ખુદ કુંદકુંદાચાર્યે પ્રવચનસાર, નિયમસાર વિગેરે ગ્રન્થોમાં સ્વીકારી છે, તેનો કાનજી સ્વામી કેટ–કેટલો વિરોધ કરે છે તે આત્મધર્મના નીચેનાં અવતરણો પરથી સ્પષ્ટ સમજી શકાય છે.

તેઓ કહે છે, 'ધર્મમાં ધર્મનાં વખાણ કરાય છે. પરંતુ પુણ્યના કે પુણ્યનાં ફળ–પૈસા વિગેરેના આધારે ધર્મ નથી. જેને પુણ્યનો મહિમા છે તેને ધર્મનો મહિમા નથી કેમકે પુણ્ય તે વિકાર છે. અને જેને વિકારનો મહિમા છે તેને અધર્મનો મહિમા છે [ આત્મધર્મ, ભાદ્રપદ વર્ષ ૩ અંક ૧૧ મુખપેઇજ. ]

કાનજીસ્વામી એક ધંધાદારી જાદુગરની અદાથી શબ્દોની કેવી અટપટી ચાલબાજી, આ વાકયમાં ખેલી રહ્યા છે? ખરી ખૂબી તો આ સમગ્ર લખાણમાં રહેલા તેઓના પોતાના શાસ્ત્રીય બોધના અધૂરાપણાંને ઢાંકવાના પ્રયત્નની છે. પોતાને શાસ્ત્રજ્ઞાન તેમજ વ્યવહાર, નિશ્ચય કે તેનાં રહસ્યોનું સાપેક્ષપણે પારમાર્થિક જ્ઞાન નથી, છતાં જેમ આવે તેમ શબ્દોની ફેંકાફેંકી કરી તેઓ કોઇપણ વસ્તુને પીંખી નાંખે છે, આ રીતે પોતાનોજ એક કક્કો ખરો કરવાની કાનજીસ્વામીની જુગજૂની આદતનો પરિચય આત્મધર્મ માસિકમાં પ્રકટ થતાં તેઓનાં દરેક લખાણોમાંથી આપણને થઈ આવે છે.

ઉપરનું લખાણ જે પ્રશ્નના જવાબરૂપે છે તે પ્રશ્ન અને તે સમગ્ર લખાણનું મથાળું આ રીતે છે. 'પ્રશ્ન–ધર્મમાં કોનાં વખાણ કરાય છે? આના

જવાબમાં તેઓ ઉપર મુજબ જણાવે છે.

'ધર્મમાં ધર્મીનાં વખાણ કરાય છે' આ વાક્ય પણ કેટલું અટપટું છે. પ્રશ્ન પણ અટપટો અને જવાબ પણ તદ્દન મન ઘડંત તેમજ અટપટો છે, કદાચ પ્રશ્નતો પૂછનારની અજ્ઞાનતાથી અટપટો હોઇ શકે પણ જવાબ તો તદ્દન સીધો, સરળ અને શાસ્ત્રદૃષ્ટિને યોગ્ય રીતે રજુ કરનારો હોવો જોઇએ.

શાસ્ત્રીય શૈલી સ્હમજનાર કોઇપણ સામાન્ય જ્ઞાનીનો જવાબ આ સ્થાને એજ હોઈ શકે કે, 'ધર્મમાં, ધર્મીનાં વખાણ હોય છે, કારણકે જ્યાં જ્યાં સદ્ધર્મ છે ત્યાં ત્યાં તે પ્રશંસનીય છે' આટલા જવાબથી પરિપૂર્ણ સત્ય આવી જાય છે. છતાં કાનજીસ્વામી 'સત્યના એક અંશને–અર્ધસત્યને પકડીને સત્યની બીજી બાજુનું ખંડન કરવાની પોતાની જુની આદત પ્રમાણે અહિં આગળ વધીને જણાવે છે કે-'પરંતુ પુણ્યનાં કે પુણ્યનાં ફળ–પૈસા વગેરેનાં વખાણ ધર્મમાં હોતાં નથી કેમકે પુણ્ય તે વિકાર છે અને જે જે વિકારનો મહિમા તે તે અધર્મનો મહિમા છે.'

કાનજીસ્વામીનું આ કથન શાસ્ત્ર વિરૂદ્ધ છે. પુણ્યાનુબંધી પુણ્યનાં તે તે પ્રકારનાં ફળરૂપ જે જે સામગ્રીઓ ગણાય છે, તેનાં વખાણ તેની પ્રશંસા અને અનુમોદના, એ ધર્મ્ય અને શાસ્ત્ર વિહિત છે. પુણ્યતત્ત્વની જે પ્રકૃતિઓ પુણ્યાનુબંધી પુણ્યરૂપ છે તે બધીયે પુણ્ય પ્રકૃતિઓ યાવત્ તીર્થંકર નામકર્મ અને તેનાં ફળરૂપ અરિહંત દેવના આઠ પ્રાતિહાર્ય, વાણીના ૩૫ ગુણ, ૩૪ અતિશય, આ બધાનાં વખાણ શાસ્ત્રોમાં ઠામઠામ થયાં છે.

જૈનશાસનમાં પુણ્યના–પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થતી સામગ્રીઓ તેમજ તેનાં સાધનો, દયા, દાન, દેવ–ગુરૂની ભક્તિ, શીલ, સંયમ આ બધી અનુપમ કોટિની સામગ્રીઓનાં વખાણ જૈન શાસ્ત્રકારોએ કર્યાં છે; વળી જે જે પુણ્યશાલી આત્માઓ પુણ્યાનુબંધી પુણ્યના ફળરૂપ ઉત્તમ સામગ્રીઓને પ્રાપ્ત કરી, તેનો સદુપયોગ કરનારા બન્યા છે, તે મહાપુરૂષોનાં તન, મન અને ધનની પ્રશંસા, સર્વ સંવરરૂપ વિરતિ ધર્મને અંગીકાર કરનારા નિર્ગ્રન્થ મહાપુરૂષોએ પણ ધર્મ કથાનુયોગના ગ્રન્થો દ્વારા કરી છે. આ હકીકત સ્પષ્ટ દીવા જેવી છે. છતાં એકાદ સામાન્ય અને જૈનશાસનની શાસ્ત્રીય શૈલીથી તદ્દન અજ્ઞાન આત્માની જેમ આ રીતે વ્યવહાર માર્ગનો ઉચ્છેદ કરવાની ધૂનમાં ને ધૂનમાં કાનજીસ્વામી બોલી નાંખે છે કે, 'પુણ્યનાં વખાણ એ અધર્મનો મહિમા છે'. સાચે તેઓનું આ કથન કેવળ નિશ્ચયનયાભાસ રૂપ હોવાથી મિથ્યાત્વના દોષથી ઘેરાયેલાં માનસના પ્રતીક રૂપ છે.

જ્યારે પોતાના આશ્રમમાં પોતાની મહત્ત્વાકાંક્ષાને પોષનાર એકાદ કોઇ ધનવાન લક્ષ્મી ખરચનાર મળી જાય છે, ત્યારે આજ કાનજીસ્વામી સ્વયં તે ધનવાનનાં હદ ઉપરાંત વખાણ કરતાં પણ ખચકાતા નથી. તે વેળા તેના સત્કાર્ય (?) ની, તેના પુણ્યની, તેનાં ધનની પ્રશંસા કરવામાં આ સ્વામીજીને સ્હેજ પણ સંકોચ જેવું જણાતું નથી. ઉદાહરણ તરીકે 'આત્મધર્મ' માસિક વર્ષ ૩ અંક ૧૨ ના પૃષ્ઠ ૨૨૬ પર પ્રગટ થયેલું લખાણ જે ઋષભ જિન સ્તોત્ર પરના પ્રવચનોના સાર રૂપે પ્રકટ થયું છે.

આ લખાણમાં 'વીતરાગના ભક્તને સ્વર્ગ–મોક્ષ' ના હેડીંગ નીચે કાનજી સ્વામી જણાવે છે કે, 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ને શ્રીમંત શેઠ સર હુકમીચંદજીના હસ્તે (શ્રી. નાનાલાલભાઈ જસાણી તરફથી) ચાંદીનું 'સમયસારજી' અર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે શેઠજીના હાથમાં શ્રી સમયસારનું ચાંદીનું પાનું આવ્યું ત્યારે શાસ્ત્ર ભક્તિથી તેઓ બોલી ઉઠયા કે, 'ધન્ય સરસ્વતી માત! આપ મેરા શિરછત્ર હો'. એમ કહીને ભક્તિ વડે એ હાથમાં તે પાનું લઇને શિરપર ચઢાવ્યું હતું. અહિં ઋષભદેવ ભગવાનની ભક્તિ કરતાં મહાન સંત મુનિ કહે છે કે, હે નાથ! તારા ભક્તો તને નમસ્કાર કરતાં બે હાથ જોડીને શિરપર ચઢાવે છે. તેથી અમે એમ જાણીએ છીએ કે, તેમને ઉંચી બે દશાનો સંગમ થવાનો છે. હે નાથ! તારા ભક્તોને સ્વર્ગ અને મોક્ષનો સંગમ થાય છે. પ્રભો! તારી ભક્તિ કરતાં જે **શુભરાગ** છે તે વડે **ઉંચા પુણ્ય બંધાઈ** જાય છે, તેથી એકાદ ભવ ઉંચી દેવગતિનો પ્રાપ્ત

થાય છે અને તારી ભક્તિ કરતાં જે વીતરાગતાની ઓળખાણ અને બહુમાન છે તે અલ્પકાળમાં મોક્ષ આપે છે. આ રીતે તારા ભક્તોને સ્વર્ગ–મોક્ષનો સંગમ થાય છે.

આ લખાણમાં કાનજીસ્વામી, પુણ્યને **ઉંચ** વિશેષણથી તેમજ રાગને **શુભ** વિશેષણથી જે ઓળખાવે છે તે વ્યવહાર પ્રધાન જૈનશાસનની શાસ્ત્રીય શૈલીને અનુરૂપ છે. પણ જે વ્યક્તિ પુણ્યને અધર્મ, વિકાર અને પરભાવ કહીને એકાન્ત નિશ્ચય નયાભાસનું પ્રતિપાદન વારંવાર કહી રહેલ છે એટલું જ નહિ પણ દાન, દયા, તીર્થભક્તિ, દેવપૂજા વગેરેના પુણ્યબંધને એકાંત અધર્મ કહેવાપૂર્વક બાલજીવોને સુદેવ, સુગુરૂ અને સદ્ધર્મથી ખસેડી મૂકવા માટે આકાશ પાતાળ એક કરી મૂકે છે. તેજ કાનજીસ્વામી પોતાના આશ્રમમાં ચાલી રહેલી આ બધી ધામધૂમીયા આ આડંબર પ્રવૃત્તિઓની પ્રશસ્તિઓ ગાતાં જૈનશાસનના એ જ મૂળ માર્ગ પર જાણે–અજાણે ફરી પાછા આવી જાય છે. એ એમનાં પોતાના મગજની અને વાણીવ્યવહારની પરસ્પરની વિસંવાદીતાનો પૂરાવો ગણાય. ખરી વાત છે કે, ' ગઢવી ઘેરના ઘેર '.

મૂળ હકીકત એ છે કે, જે વસ્તુ વાસ્તવિક અને સ્વાભાવિક છે. તેને ગમે ત્યારે ગમે તે સંયોગોમાં પણ જાણે–અજાણે જૈનશાસનના વિરોધી મહા મિથ્યાત્વીઓને પણ સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી. પણ આગ્રહી આત્માઓ સીધી રીતે નહિ સ્વીકારતાં આમ ' દ્રાવિડ પ્રાણાયામ ' ની જેમ આડી રીતે કબૂલે છે આમાં તેઓ સત્યના અર્થી બની ગયા છે યા તેઓ સત્યના અનુરાગવાળા છે એમ નથી પણ શાસ્ત્રીય સત્યનો સ્વભાવ જ એવો છે કે, તેને યેનકેન કબૂલ્યા વિના મહામિથ્યાત્વીયોનો પણ વ્યવહાર ચાલી શકતો નથી.

તેઓ વારંવાર લખે–બોલે છે કે, ' પુણ્યની ક્રિયાથી ધર્મ થતો નથી. પુણ્ય ક્રિયાથી ધર્મ થાય એ માનવું તેમાં સાચી સમજણ રૂપ ધર્મક્રિયાનું ઉત્થાપન છે. શરીરની ક્રિયા મોક્ષનું કારણ નથી. જે પુણ્ય–પાપની લાગણીઓ થાય તે બધી બંધનું કાર્ય કરે છે. શરીરની ક્રિયાથી ધર્મ નથી'. [આત્મધર્મ વર્ષ ૩; અંક ૧૨ પૃષ્ઠ ૨૧૧.]

આની સ્હામે તેઓનું પોતાનું ઉપરોક્ત લખાણ સરખાવી જોતાં સ્હમજી શકાય કે, આ બોલનાર આદમી મગજની કેટકેટલી અસ્વસ્થતાથી ઘેરાયેલ હશે ? પૂર્વાપરના સબંધ વિનાનાં આવાં દ્વિમુખી નીતિ–રીતિવાળાં લખાણોનો ઢગલો ' આત્મધર્મ ' ના પાને પાને વિચારક વાચકોને જરૂર મળી રહેશે. જો તે સહૃદય વાચક, કાનજીસ્વામીના અંધશ્રદ્ધાળુ ભક્તોએ બિછાવેલી સોનેરી જાળથી અલિપ્ત અને નિષ્પક્ષ હશે તો !

' પુણ્યને અધર્મ કહેનાર અને શરીરની ક્રિયાને મોક્ષનું સાધન નથી ' એમ છાતી ઠોકીને એક જ પાના પર કે એકજ પ્રવચનમાં સેંકડો વખત બોલનાર કાનજીસ્વામી, અહિં પૃ, ૨૨૬ ના પહેલા પેજ પર ' શ્રીમંત શેઠ સર હુકમીચંદજીની બે હાથને જોડવા રૂપ શરીરની ક્રિયાનાં, તેમજ ચાંદીના 'સમયસાર ' બનાવીને લક્ષ્મીનો વ્યય કર્યો તે દાન રૂપ પુણ્ય કાર્યનાં, કઇ રીતે વખાણી રહ્યા છે ? તેઓ ગર્ભિત રીતે આ પ્રવચનમાં બોલે છે કે, ' શ્રીમંત શેઠ સર હુકમીચંદજીને આ આશ્રમમાં લક્ષ્મીનો શુભ વ્યય કરવાથી, અને સમયસારને ચાંદીથી મઢવાના સત્કાર્યથી ભગવાનની ભક્તિનો લાભ મલ્યો અને ભક્તિ કરતાં શુભરાગ પ્રકટયો. જેના યોગે શેઠજીએ **ઉંચું પુણ્ય** ઉપાર્જ્યું આથી તેમને એકાદ ભવ ઉંચ દેવગતીનો થશે અને ત્યારબાદ તેઓને મોક્ષનો સંગમ થશે '.

વાહ કેવી અપૂર્વ ભવિષ્ય વાણી, ખરે ભકતોની ભાવઠ હવે ભાંગી ગઇ, કારણ કે આ રીતે સ્વર્ગ–મોક્ષનો પરવાનો–પાસપોર્ટ સોનગઢમાં કહાન પ્રભુના શ્રીમુખેથી મળી રહ્યો છે પછી બીજું શું જોઇએ ? માટેજ ભોળા ભાવુકોનું ટોળું ત્યાં જામતું જાય છે, એક પંથ દોકાજમાં માનનારા સ્વાર્થ ઘેલા માનવોને સ્વર્ણગઢ તીર્થ (?) ની યાત્રા આજે આથી સસ્તી પડે છે. ખાધે–પીધે સ્વર્ગ અને મોક્ષગતિની ટીકીટ, કાનજીસ્વામીજી આમ કાઢી આપે છે. પછી બીજી તકલીફ ઉઠાવવાની જરૂર શી ?

આ કથનમાં સ્વામીજીએ શરીરની ક્રિયાનાં, ધનનાં અને દેવગતિનાં જે સઘળું પુણ્યનાં ફળરૂપ છે, તેનાં ખૂબ ખૂબ વખાણું ગર્ભિત રીતે કરીને

શેઠ હુકમીચંદજીની વખાણ કરવામાં ખામી રાખી નથી તદુપરાંત તે બધાંને મોક્ષનાં કારણ તરીકે સ્વીકારીને જાહેર કર્યાં છે.

બીજું; કાનજીસ્વામીજી પોતાનાં પ્રવચનોમાં વારંવાર એ મુજબનું બોલી રહ્યા છે કે, શરીરની ક્રિયા કંઇ કરે છે એ મિથ્યાત્વ છે, પુણ્યનો મહિમા એ અધર્મનો મહિમા છે, ઇત્યાદિ આત્મધર્મમાં પ્રગટ થઇ રહ્યું છે, તે બધું આ લખાણની સાથે મેળવતાં 'હાથીના દાંત' જેવું માયાવી અને પોકળ લાગે છે,

વાસ્તવિક વાત એ છે કે, કાનજીસ્વામીને નિશ્ચય નહિ પણ નિશ્ચયનયાભાસનું ઘેલું વળગ્યું છે, એટલે જ્યાં હોય ત્યાં તેઓ આરીતે પૂર્વાપર વિરોધી હકીકતો રજૂ કરી, જૈનશાસનની ત્રિકાલાબાધ્ય અવિચ્છિન્ન પ્રભાવશાલી સિદ્ધાન્ત વ્યવસ્થાના અભેદ્ય કિલ્લાની સ્હામે પોતાનું માથું મારવા જાય છે પણ તેમાં તેઓ અકંપ્ય એવા મેરૂ ગિરિરાજને ઉખેડી નાંખવાનું સાહસ કરનાર વન પશુની જેમ છેવટે હારીને પાછા પટકાઈ પડે છે.

કેટલાકોનું કહેવું છે કે, 'કાનજીસ્વામી, નિશ્ચયનયની વાતો કહે છે એમાં ખોટું શું છે? એઓનાં નિશ્ચયપ્રધાન પ્રવચનોનો આટ–આટલો વિરોધ શા માટે? વ્યવહાર અને નિશ્ચય આ બન્ને જૈન શાસનના અંગો છે. જૈનશાસનરૂપ રથનાં બે ચક્રો છે. એક ચક્રથી રથ ચાલે નહિ, તેમ વ્યવહાર અને નિશ્ચય વિના જૈનશાસનની વ્યવસ્થા નભી શકે નહી, આથી વ્યવહાર વાદી વ્યવહારની વાત કરે અને નિશ્ચય વાદી નિશ્ચયની વાત કરે તેમાં જૈનશાસનની દૃષ્ટિયે હરકત શી?

આના જવાબમાં આપણે કહેવાનું ઘણું છે. પણ પ્રાસંગિક રીતે કાનજીસ્વામીના આત્મધર્મની લખાણશૈલી અને તેઓનાં પોતાનાં પ્રવચનોમાં પ્રગટ થતી તેઓની વિચારશ્રેણીઃ આ બન્ને પૂરતો આનો જવાબ એ છે કે, અલબત્ત વ્યવહાર અને નિશ્ચય આ બન્ને જૈનશાસનના અંગરૂપ છે. આથી વ્યવહાર પ્રધાન ધર્મદેશનાના ઉપદેશકો પણ શુદ્ધ માર્ગ પ્રરૂપક કહેવાય તેજ રીતે નિશ્ચય પ્રધાન ધર્મ દેશના પ્રરૂપકો પણ અવશ્ય ધર્મમાર્ગના શુદ્ધ પ્રરૂપકો કહેવાય; પણ તે બન્ને પ્રકારના ધર્મ પ્રરૂપકોની શૈલી પરસ્પર સાપેક્ષ રીતે અને નય પ્રધાન હોવી જોઇએ. કારણ કે, એકાન્ત નિરપેક્ષ–એટલે પરસ્પર એક બીજાના નિષેધ પૂર્વક કોઇ પણ નયની દેશના તે, ધર્મદેશના રૂપ નથી. પણ અધર્મ માર્ગની દેશના રૂપ બને છે. આ કારણે, આ પ્રકારની એકાન્તવાદની ધર્મદેશનાના પ્રરૂપકો જૈનશાસનના શુદ્ધ નયમાર્ગની શૈલીના અજાણ અને મિથ્યાદૃષ્ટિ ગણાય છે. માટે જ સ્યાદ્વાદશૈલીના યથાર્થપણે જાણકાર હોય તેજ આત્મા ધર્મદેશના આપવાને લાયક કહેવાય છે. આવા મહાન પુરૂષોથીજ જૈનશાસન કલિકાળમાં પણ અવિચ્છિન્નપણે વિરોધ રહિત જયવંતુ વર્તી રહ્યું છે, અને ઠેઠ પંચમકાળના પર્યંત ભાગ સુધી આ રીતે નિરાબાધપૂર્વક વર્તતું રહેશે.

કલિકાળ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ, શ્રી વીતરાગ દેવ અરિહંત પરમાત્માની સ્તુતિ કરતાં પોતાના હૃદયની પવિત્ર ઉર્મિઓની લાગણી શબ્દોમાં પ્રગટ કરવાપૂર્વક અપૂર્વ ઉલ્લાસથી પરમકૃપા સાગર પરમાત્માને સંબોધીને આ મુજબ બોલે છે કે,—

**श्राद्धः श्रोता सुधी र्वक्ता युज्येयातां यदीश तत्**
**त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि ॥**

આજ ભાવને ગુજરાતી ભાષામાં વ્યક્ત કરવા પૂર્વક શ્રી મહાવીર ભગવાનના સ્તવનમાં પં. શ્રી જિન વિજયજી મહારાજા કહે છે કેઃ—

'જૈનાગમવકતા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચી બોધજી,
કલિકાલે પણ પ્રભુ! તુજ શાસન વરતે છે અવિરોધજી.
વીર જિણંદ જગત૦

સ્યાદ્વાદ અનેકાન્તવાદ એ જૈનશાસનનું મૂળ છે. તેનાં યથાર્થ જ્ઞાન વિનાનો આત્મા જૈનશાસન કે તેનાં મૂળ ગુણ સમ્યગ્દર્શન તેને સ્પર્શી શકતો નથી. જ્યારે કાનજીસ્વામીની સમગ્ર વિચારશ્રેણી કે પ્રવચનશૈલી એકંદરરીતે, આ જૈનશાસનના સ્યાદ્વાદમાર્ગનો ડગલે ને પગલે તે અપલાપ કરવાપૂર્વક સ્વચ્છન્દપણે હળવા શબ્દોમાં કહીએ તો નિરંકુશપણે વહી જાય છે, જેને જૈનશાસ્ત્રો નયાભાસ કહે છે, તે નિશ્ચયનયાભાસનું પ્રતિપાદન કરનારા વાક્યો કે

# આપણાં તીર્થો; ગુજરાતનું પાટનગર અમદાવાદ —શ્રી અભ્યાસી.

'કલ્યાણ' ના વાચકો માટે, આજના અંકથી એક નવું પાનું ઉઘડે છે. હિંદભરમાં જૂદે-જૂદે સ્થાને આપણાં પવિત્ર તીર્થો આવેલાં છે, તે બધાં તીર્થસ્થાનોની ઐતિહાસિક તેમજ ભૌગોલિક છેલ્લામાં છેલ્લી વિગતો એકઠી કરી, આ વિભાગમાં રજૂ કરવાને અમે ઇચ્છીએ છીએ. આથી તે તે વિષયના અભ્યાસીઓ, આને અંગે અમને બધી વિગતો પૂરી પાડી, અથવા સ્વતંત્ર લેખ મોકલી અમારા આ કાર્યમાં જરૂર સહકાર આપશે. સં૦

દૂર-સુદૂર વિંધ્યાચલની ગિરિમાલાને ભેદીને વહી આવતી 'સાબરમતી-સાભ્રમતી' ના કિનારે આવી વસેલું અમદાવાદ શહેર, એ ગુજરાતનું પાટનગર ગણાય છે. ઐતિહાસિક દૃષ્ટિયે એનું મહત્ત્વ ઘણું જ વધી જાય છે. ઇ. સ. ૧૪૧૦ માં ગુજરાતનો પહેલો સ્વતંત્ર સુલતાન મુઝફ્ફરશાહ પાટણમાં ગુજરી ગયો, અને એની પછી એનો પૌત્ર અહમદશાહ ગાદીએ આવ્યો. એક વખત લડાઇમાંથી પાછા ફરતાં અહમદશાહે અમદાવાદની બાજૂમાં રહેલા આશાવલ્લીની વીરભૂમિમાં પડાવ નાખ્યો. અને તે સ્થાનનું પૌરૂષત્ત્વ તેમજ નૈસર્ગિક સુંદરતા પ્રત્યે તેને આકર્ષણ થયું. આથી તે આશાવલ્લી ગામની આજૂબાજૂ એક મહાન નગર વસાવવાનો તેણે નિશ્ચય કીધો.

ઇ. સ. ૧૪૧૧ માં અહમદશાહના હાથે ઉભું થયેલું જે શહેર તે જ આજનું 'અમદાવાદ'. અમદાવાદે પોતના ઇતિહાસમાં ઘણી ચડતી-પડતીના રંગો અનુભવ્યા છે. સમસ્ત ભારત વર્ષમાં જૈનોની વિશાળ વસ્તિવાળું આ એક જ શહેર છે, કે જે જૈનોના વ્યાપાર-ઉદ્યોગનું મહાન મથક તરીકે હજુ પણ અણનમ ઉભું છે. ગૂજરાતના સુલતાનની રાજનગરીનું બિરૂદ ધરાવનાર આ શહેરનું બીજું નામ રાજનગર અથવા જૈનોની નગરી જૈનપુરી પ્રસિદ્ધ છે.

લગભગ ઈ. સ.ની ૧૬ મી સદી સુધી, અમદાવાદ દિનપરદિન ખૂબ જ ખીલતું ગયું. વ્યાપાર ઉદ્યોગ અને વસતિની દૃષ્ટિયે ભારતવર્ષમાં અમદાવાદને પહોંચી શકે એવું કોઇપણ શહેર તે વેળા ન હતું. મોગલ બાદશાહોએ અને જૈનોએ મ્હોટે ભાગે મસ્જીદો અને જૈન મંદિરોમાં આખી દુનિયાનું શિલ્પ, સ્થાપત્ય તેમજ ચિત્રકલાનું સૌંદર્ય તે વેળાયે આ શહેરમાં ખડકી દીધું હતું.

ઈ. સ. ૧૬૩૮ માં મી. 'ડેસ્લેક' નામના એક પરદેશી મુસાફરે અમદાવાદની મુલાકાત લીધી હતી. પોતાની પ્રવાસપોથીમાં તે લખે છે કે, 'અમદાવાદ જેવું સૌંદર્ય, કલા, શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિયે મહત્ત્વનું બીજું શહેર મેં જોયું નથી'. તે સમયે અમદાવાદ ૩૦ માઇલના ઘેરાવામાં હતું અને ૨૦ લાખ માણસોની વસ્તી હતી. અહમદશાહના સમયમાં અમદાવાદની ચડતી છેક છેલ્લી ટોચે હતી. ઉત્તરે મારવાડમાં નાગોર સુધી, પૂર્વમાં ભોપાલની પેલેપાર અને મુંબઈની દક્ષિણે છેક વિજાપુર સુધી તેમજ પશ્ચિમે સૌરાષ્ટ્રના સાગર કિનારા સુધી અમદાવાદની બાદશાહીનો ધ્વજ ફરકતો હતો. ગૂજરાત-મહાગૂજરાત, સૌરાષ્ટ્રના બંદરો દ્વારા જાવા, સુમાત્રા, એડન, ઇરાન, ઇરાક આ બધા દેશોનો માલ અમદાવાદની બજારોમાં આવતો.

આ રીતે ઈ. સ.ની ૧૭ મી સદી સુધી અમદાવાદે જાહોજલાલી ભોગવી, તે વેળા અમદાવાદ શહેરનો ભપકો કોઇ ઓર હતો. એની ચારે બાજુ ફરતા

---

વિચારો, પ્રતિપાદનો એઓનાં પ્રવચનોમાં આપણને જોવા-જાણવા મળે છે.

આના પુરાવા તરીકે 'આત્મધર્મ' માસિકનાં પાને પાને પ્રગટ થતી એક એક વાક્યરચના રજુ કરી શકાય તેમ છે, પણ આ બધું સ્હમજવાની શક્તિ દરેકે દરેક વાચકોમાં હોતી નથી. એટલી ઉંડી બુદ્ધિ સામાન્ય વાચક વર્ગમાં ન હોવી સંભાવ્ય છે; કારણકે કાનજીસ્વામીની શબ્દ રચના બહુજ અટપટી હોય છે. તેઓ વાણીના પ્રપંચમાં ઘણા કુશળ છે. વાક્પટુતા તેઓમાં અસાધારણ છે, અને અવસરે વાક્છલને પણ તેઓ રમી જાણે છે.

[શેષભાગ આગામી અંકમાં]

લીલાંછમ બગીચા હતા. ' શાહીબાગ ' એટલે 'બાદશાહીબાગ ' તરીકે આજે પણ શહેરની પૂર્વમાં આવેલો વિભાગ આ હકીકતને પૂરવાર કરે છે. અનેક ધનપતિ શ્રીમાનો, અમીર, ઉમરાવોના મહેલો તે વેળા અમદાવાદના શણગાર હતા. હજારો સુંદર મીનારા, અગણિત બગીચા અને અનેક જૈન મંદિરો પર ઝળહળતા સુવર્ણ કલશોની ભવ્ય શોભાથી આ શહેર તે વેળા કેવું ભભકતું હશે ? તેની તો આજે કેવળ કલ્પના જ કરવી રહી !

૧૭ મી અને ૧૮ મી સદીમાં મુસલમાનો અને મરાઠાઓના વિગ્રહ કાળમાં અમદાવાદે ઘણું ઘણું સહન કર્યું છે અને બીજી-બીજી રીતે જોઇએ તો બાદશાહોએ અને કલાપ્રેમી શ્રીમંતોએ એને બહુ બહુ રીતે ખીલવ્યું છે. આ જૈનપુરીમાં કળા અને સ્થાપત્યનાં એવાં છુટાં છવાયાં તેમ છુપાયેલાં સ્થાનો છે, કે જે જોઇને કોઇને પણ આશ્ચર્ય ઉપજ્યા વિના ન રહે. જૈનોએ પોતાની ભક્તિ અને કલાપ્રેમને અઢળક દ્રવ્યના વ્યયદ્વારા અહિં સજીવ કર્યાં છે. એકંદરે સવાસો-૧૨૫ થી ૧૫૦ લગભગ ભવ્ય અને રમણીય જૈન મંદિરો, આજે પણ અમદાવાદ શહેરમાં જુદાજુદા વિભાગોમાં રહ્યાં છે. જે જૈનપુરી તરીકે અમદાવાદ શહેરની પ્રસિદ્ધિને સાર્થક બનાવે છે.

સૌ પહેલું જુનામાં જુનું જૈનમંદિર શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું બાવન જિનાલયનું શિખરબંધી દેરાસર ગણાતું, જે શાંતિદાસ શેઠે સં. ૧૬૯૪ માં સરસપુરમાં બંધાવ્યું હતું. એ વખતે ઔરંગઝેબ ગુજરાતનો સુબો હતો. તેણે ૧૭૪૪ માં એ તોડી પાડયું અને મસ્જીદ કરી. આથી આખા ગુજરાતમાં મોટું બંડ ઉઠયું. બાદશાહ શાહજહાંએ પોતે એ મંદિરને ફરી નવેસરથી કરી અપાવવાનું વચન આપ્યું હતું. તે વેળા અમદાવાદના જૈન મહાજનોની વીરહાક દુર દીલ્હીના દરબારમાં વાગતી હતી.

કહેવાય છે કે, નગરશેઠ શાંતિદાસે લાખ્ખોના ખરચે આ દેરાસર બંધાવ્યું હતું. એનો ઘાટ બહારની વાડીના હઠીભાઈના દેરાસર જેવો હતો. ફેરફાર એટલો હતો કે, હઠીભાઈની વાડીનું દેરાસર પશ્ચિમાભિમુખ છે અને આ દેરાસર ઉત્તરાભિમુખ હતું.

આ દેરાસરમાં મોટું એક ભોંયરૂં હતું. તે ભોંયરામાં મુખ્ય ભવ્ય ચૌમુખ પ્રતિમાજી હતાં. દેરાસરના અંદરના ભાગમાં ઠેઠ ત્યાંથી ઝવેરીવાડાના નગરશેઠની હવેલી સુધી એક ગાડું જાય એવી મોટી ભુગર્ભ સુરંગ હતી. મોગલ યુગમાં અવારનવાર થતાં તોફાનોથી ચેતી આ સુરંગ શાંતિદાસ શેઠે ઇરાદાપૂર્વક કરાવી હતી.

જ્યારે મોગલ સમ્રાટના યુગમાં અમદાવાદના મુસલમાન સુબાએ આ દેરાસરને ભાંગી મસ્જીદ બંધાવવાનું નક્કી કર્યું તે વાતની નગરશેઠને જાણ થઇ, એટલે નગરશેઠે આ સુરંગદ્વારા આ દેરાસરના ચૌમુખની ચાર પ્રતિમાઓને ગાડામાં બેસારી ઝવેરીવાડ વાઘણપોળમાં લાવ્યા. તેમાંની ત્રણ મૂર્તિઓ ઝવેરીવાડ વાઘણપોળમાં શ્રી આદિશ્વરનું ભોયરૂં કહે છે, ત્યાં ભોંયરામાં પધરાવ્યા ને ચોથી મૂર્તિ ઝવેરી વાડામાં નીશાપોળમાં શ્રી જગતવલ્લભજીના ભોંયરામાં પધરાવ્યા તથા મૂળનાયકની મૂર્તિ ન્હાના શ્યામ પાષાણના જે ચિંતામણી પાર્શ્વનાથનાં, તે ઝવેરીવાડ વાઘણપોળમાંના દેરાસરમાં પધરાવી, જે હાલ પણ ત્યાં બીરાજમાન છે.

શેઠ હઠીસીંગનું દેરાસર આજે અમદાવાદમાં કળા અને શિલ્પનું એક મોટું ધામ મનાય છે. એક કળાવિદ કહે છે કે, 'હઠીસીંગનું દેરાસર એમ સિદ્ધ કરવાને બસ છે કે, અમદાવાદના કારીગરો હજી પણ પોતાની શિલ્પકળા ભૂલી ગયા નથી.' હઠીસીંગના મંદિરને કેટલાકો આબુના મંદિરોનું સફળ અનુકરણ રૂપ માને છે. ગુજરાતના સલાટોનું કળા-કૌશલ્ય એમાં આબાદ દેખાઇ આવે છે. મંદિરના બહારના દ્વારના મંડપની અને કમાનની રચના પણ અદ્દભુત છે. મૂખ્ય મંદિરમાં ધર્મનાથ ભગવાનની મૂર્તિ છે. આસપાસ બાવન જિનાલય છે અને બ્હારના ભાગમાં સુંદર પુતળીઓ કોરેલી છે.

શહેરમાં આવેલું ઝવેરીવાડ-વાઘણ પોળમાંનું શ્રી અજિતનાથસ્વામીનું દેરાસર પણ સુંદર બાવન જિનાલયથી વીંટાયેલું છે. મૂળ તીર્થંકરની પ્રતિમા ઉપરાંત બીજી ઘણી પ્રતિમાઓ શોભે છે. કાળુપુર રોડ પર ડોશીવાડાની પોળના નાકે આવેલું શ્રી અષ્ટા-

પદજીનું દેરાસર પણ મનને આહ્લાદ આપે છે. તે એક મંદિરમાં અષ્ટાપદજીનું મંદિર અને એક બીજા મંદિરમાં શ્રી નંદીશ્વરદ્વીપની બાવન દેરીઓનું મંદિર છે.

**શ્રી** સમેતશીખરજીની પોળમાં આવેલું શ્રી સમેતશીખરજીનું નાનું દેરાસર છે, એની વિશેષતા એ છે કે, *જે તીર્થસ્થાનોના નકશા કે આકૃતિઓને* બીજે ઠેકાણે પત્થરમાં રંગવામાં કે કોરણી કરવામાં આવે છે તે અહિં બીલકુલ લાકડામાંથી કોરી કાઢયા છે. નાચતા, ગાતા દેવતાઓ અને હાથીઓના મસ્તકની પંક્તિઓ ભીંતો ઉપર અને છજામાં રહેલ સમચોરસ આકૃતિવાળા બારીની આસપાસ શોભે છે. સમેતશીખરજીનો આ લક્કડ પહાડ, જે શ્રાવક, શ્રાવિકા, સાધુ, સાધ્વી, દેવ, દેવીઓ, પશુઓ અને વનસ્પતિઓથી ભરચક છે; તેમજ જેના જુદા જુદા ભાગો હલાવી શકાય તેમ છે, તે તો આખા અમદાવાદનું એક મોટું આશ્ચર્ય છે, એમ કહીએ તો કાંઇ ખોટું નથી.

**શ્રી** જગતવલ્લભ પાર્શ્વનાથના દેરાસરના ઊંડા ભોંયરામાંથી જગતવલ્લભ પાર્શ્વનાથની ચમત્કારિક *મોટી પ્રતિમા પ્રતિષ્ઠિત છે, એમની ભક્તિ કરવા* દેવો પણ આવે છે, એમ કહેવાય છે. આ પ્રતિમાજીનાં દર્શન કરવા માટે પહેલાંના સમયમાં એક સોના મહોર આપવી પડતી. આ મંદિરમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથજીની એક અસાધારણ ભવ્ય મૂર્તિ શોભે છે.

**આ** ઉપરાંત હિંદુસ્તાનના મોટા મોટા તીર્થોનો વહીવટ કરનારી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી પણ અહીં ઝવેરીવાડા પટણીની ખડકીમાં છે અને અહીં જૈનોની વસ્તી હાલ લગભગ ત્રીસ હજારની ગણાય છે. જે હિંદભરના જૈન વસ્તીવાળા કોઇપણ શહેર કરતાં ઘણી સારી સંખ્યામાં ગણી શકાય તેમ છે. અહીંના જૈનો, જાહેર જીવનમાં તેમ જ ઉદ્યોગ હુન્નર, સખાવતોમાં ઘણો અગત્યનો ભાગ લઇ રહ્યા છે.

ઇતિહાસ અને કારીગરીની દૃષ્ટિએ અહિં ઘણી પ્રાચીન ઇમારતો જોવા જેવી છે. દાખલા તરીકે—(૧) ત્રણ દરવાજા (૨) ભદ્રનો કીલ્લો (૩) આઝમખાંનો મ્હેલ—હાલની ભદ્રની પોસ્ટ ઓફીસ (૪) લાલ દરવાજા આગળની સીદી સૈયદની મસ્જીદની પ્રસિદ્ધ જાળીઓ (૫) રાણી રૂપવતીની મસ્જીદ, મીરજાપુર (૬) જુમા મસ્જીદ (૭) શેખ હસન ચિસ્તીની મસ્જીદ શાહપુર (૮) બાદશાહનો હજીરો, માણેક ચોક (૯) શાહીબાગમાંની બંગાલી ઘાટની દરગાહો (૧૦) શાહીબાગ (૧૧) *દરિયાખાનનો ઘુમટ (૧૨) મીયાંચિસ્તીની* મસ્જીદ (૧૩) બીબી અચુત કુક્કીની મસ્જીદ તથા રોજો દુધેશ્વર આગળ (૧૪) રાણસિપ્રીની મસ્જીદ તથા રોજો આસ્તોડીઆ (૧૫) શાહઆલમનો રોજો, રસુલાબાદ પરામાં (૧૬) કાકરીયું તળાવ (૧૭) સારંગપુર દરવાજા બહારની સીદી બશીરની મસ્જીદ (૧૮) રેલ્વેસ્ટેશન ઉપરના બે મિનારા (૧૯) સારંગપુર દૌલતખાનામાં મુહમદઘૌસ ગ્વાલીયરની મસ્જીદ (૨૦) સરખેજ પરની મસ્જીદો પહેલાં અમદાવાદ શહેરમાં ગણાતું હતું. ત્યાં સંખ્યાબંધ મસ્જીદો છે. વધુમાં સ્વામીનારાયણનું મંદિર. આ બધાં સ્થાનો હાલ પણ અમદાવાદની ઐતિહાસિક ભૂમિનાં છેલ્લા અવશેષરૂપ ગણાય છે,

**સેં**કડો કાપડની મીલોના ભુંગળાઓથી અમદાવાદ, હિંદનું માંચેસ્ટર ગણાય છે. આજનું અમદાવાદ આ રીતે અન્યાન્ય યાંત્રિક તેમજ હસ્તકળાના ઉદ્યોગોદ્વારા નવી દુનીયામાં પલટાઇ ગયું છે. બી. બી. સી. આઇ. રેલ્વેનું મથક ગણાતું. આ શહેર સૌરાષ્ટ્ર, દીલ્હી અને મુંબઈ, તેમજ કરાંચી આ બધાની મધ્યમાં સાંકળના અંકોડાની જેમ જોડાયેલું છે. આશરે ૬ થી ૮ લાખ લગભગની જનસંખ્યાવાળા અમદાવાદનો વિસ્તાર હજુ ચોમેર વધતો જ જાય છે. સાબરમતીના પશ્ચિમ કીનારે પણ બીજું નાનકડું અમદાવાદ હજુ વધતું જ રહ્યું છે. આ બે પ્રદેશોને સાંકળનારા બીજા બે પૂલો હમણાં લાખોના ખર્ચે નવા બંધાયા છે. અમદાવાદને બંદર બનાવવાની યોજના આજે વિચારણારૂપે વહેતી થઈ છે. જેમાં સાબરમતીને ઊંડી ખોદીને ઠેઠ અમદાવાદના કાંઠે સ્ટીમર આવી શકે તે રીતે પ્લાનો યોજાઇ રહ્યા છે.

આ બધું છતાં હિંદભરમાં વધુમાંવધુ તેમ જ વિશાલ અને રમણીય જૈન મંદિરોવાળું 'અમદાવાદ' થી ચઢીયાતું બીજું એકેય તીર્થ નથી.

પ્રભાવના માટે સુંદર પુસ્તિકા

# રાજા શ્રીપાલ

શ્રી જયભિખ્ખુની ઓજસ્વી કલમથી લખાએલ નવપદ આરાધનાનું મહાત્મ્ય સમજાવતી, આબાલ વૃદ્ધ સૌને વાંચવી ગમે તેવી સુંદર કથા રાજા શ્રીપાલ............

મૂલ્ય-આઠ આના પ્રભાવના માટે ૧૦૦ ના રૂ. ચાલીશ.

મુનિરાજશ્રી જયંતવિજયજી કૃત તીર્થ વર્ણનનાં બે સુંદર પુસ્તકો

અચલગઢ [ સચિત્ર ] .... ....સવારૂપીઓ

હમીરગઢ [ સચિત્ર ] .... ....છ આના

[ બધાનું ટપાલ ખર્ચ જુદું સમજવું ]

૧ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાલા
ગાંધીચોક; ભાવનગર ( કાઠિઆવાડ )

૨ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય—અમદાવાદ

૩ સોમચંદ ડી. શાહ—પાલીતાણા

# શંકા અને સમાધાન

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ–લોદ્રા

**શં૦** સૂરિયાભદેવે પ્રતિમા પૂજી પણ તેણે એક વાર પૂજેલી હોવાથી વ્યવહારબુદ્ધિએ પૂજી છે, પણ ધર્મબુદ્ધિએ પૂજી નથી, તો તે ઉપરથી દરેક ધર્મીઓને પૂજવાનું કેમ સાબીત થાય?

**સ૦** સામાનિક દેવે, સૂરિયાભદેવને કહ્યું કે–શ્રી જિનપ્રતિમાની અને અસ્થિની પૂજા પહેલાં અને પછી હિતકારી છે, ઈત્યાદિ જે કહ્યું તેમાં પૂર્વ અને પછી આ બે શબ્દોથી તે દેવ પોતાની નિત્યકરણી સમજે છે. આથી તે દેવે હંમેશાં પૂજા કરી છે.

**શં૦** સૂરિયાભદેવે ભલે હંમેશાં પૂજા કરી હોય, પણ તે તો તેણે દ્રવ્યથી કરી છે, ભાવથી નથી કરી; માટે તે કરણીય કેમ જ કહેવાય?

**સ૦** જે જીવ સમકિતને પામેલ હોય તે શ્રદ્ધાપૂર્વક ધર્મકરણી કરે છે. સૂરિયાભદેવ પણ સમ્યગ્દૃષ્ટિ છે અને શ્રદ્ધાપૂર્વક કરે છે, માટે તેણે પૂજા ભાવથી કરી છે એમ માનવું જોઇએ.

**શં૦** ભલે સૂરિયાભદેવે જિનપ્રતિમા પૂજી હોય, પણ એ દેવની કરણી હોવાથી શું મનુષ્યોને માન્ય હોઈ શકે?

**સ૦** દેવો જે જે કરણી કરે તેમાં તેમને પુણ્ય કે પાપ બંધાય કે નહિં? જો બંધાય, તો દેવો જિનપૂજા કરે એમાં પણ એમને પુણ્ય બંધાય કે પાપ? કહેવું જ પડશે કે, જિનપૂજા ઉત્તમ ક્રિયા હોવાથી પુણ્ય બંધાય. જે ક્રિયામાં પુણ્ય બંધાય તે કરણી ભલે દેવની હોય તોપણ માનવીઓએ માનવી જ જોઇએ.

**શં૦** ભગવાને દેવોને "**नोधम्मिया**" વચનથી અધર્મી કહ્યા છે, તો તેઓને ધર્મી માનીને તેઓની કરણી કેમ જ મનાય?

**સ૦** ચારિત્રધર્મની અપેક્ષાએ દેવો **नोधम्मिया** કહેવાય છે, પરન્તુ સમ્યગ્દર્શન અને શ્રુતધર્મની અપેક્ષાએ તેઓને અધર્મી કહેવાય નહિ. શ્રી જિનપૂજા આદિ અનેક શાસન ઉન્નતિનાં પવિત્ર કાર્યો કરનારા હોય છે. તો તે અપેક્ષાએ તેવા સમકિતી દેવોને અધર્મી કેમ કહેવાય? જો ન કહેવાય તો તેઓની શુભ કરણી હિતાર્થી મનુષ્યોએ માનવી જ જોઇએ.

**શં૦** દેવોની કરણી માનવામાં કંઈ પ્રમાણ છે?

**સ૦** હા, શ્રી રાયપસેણીસૂત્રમાં શ્રી મહાવીર ભગવાનની દેશના સાંભળીને વૈરાગ્યવાસિત બનેલા સૂરિયાભદેવ, ભગવાનને પોતાના ભવ્યપણા આદિ સંબંધી પ્રશ્ન પૂછે છે. જેના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે–'તું ભવ્ય છે, સમ્યગ્દૃષ્ટિ છે, અલ્પસંસારી છે, સુલભબોધિ છે, આરાધક છે અને ચરમશરીરી છે. આથી સ્પષ્ટ છે કે–ખુદ ભગવાન જેને ભવ્ય આદિ કહે તેની શુભ કરણી ન માનવી, એ કેવી મુર્ખાઈ કહેવાય?

**શં૦** ભક્તિનું ફલ શું?

**સ૦** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભક્તિનાં શુભ ફલ કહ્યાં છે, જેમકે–ગુરૂ અને સાધર્મિકની ભક્તિ કરનારો જીવ વિનયગુણને પામે છે, વિનયવાળો જીવ આશાતના કરનારો બનતો નથી અને આથી જ આશાતના નહિ કરનારો નરકાદિ કુગતિનું ભાજન બનતો નથી. વળી વિનય કરનારો જીવ ગુરૂમહારાજના ગુણોની શ્લાઘા કરવાથી અને ભક્તિબહુમાન રાખવાથી, સદ્ગતિને તેમજ મોક્ષને પણ પામે છે.

**શં૦** પ્રભુભક્તિ કર્યા સંબંધમાં બીજાં કોઇ સૂત્રોની સાક્ષી છે?

**સ૦** હા, શ્રી જ્ઞાતાસૂત્રમાં ભવનપતિમાં ઉત્પન્ન થયેલી દેવીઓનો અધિકાર આવે છે. તેઓના સંબંધમાં કહ્યું છે કે-' સૂરિયાભદેવની માફક તેઓએ શ્રી જિનપૂજા ભક્તિ કરી છે' તથા શ્રી જીવાભિગમ સૂત્રમાં સૂરિયાભદેવની માફક શ્રી વિજયદેવ પ્રમુખે શ્રી જિનપૂજા તથા જિનભકિત કર્યાનું કહ્યું છે. તથા શ્રી ભગવતીજી સૂત્રમાં ઈન્દ્રાદિક દેવોએ ભગવાનની ભક્તિ નિમિત્તે ઘણે ઠેકાણે નાટક કર્યાના અધિકાર આવે છે. શ્રી સ્થાનાંગ સૂત્રના ચોથા ઠાણામાં શ્રી નંદીશ્વર દ્વીપમાં ઘણા દેવો અને દેવીઓએ શ્રી જિનપૂજા અને ભક્તિ વિગેરે કર્યાનું કહ્યું છે.

**શં૦** તમે કહ્યું કે-તે દેવ અને દેવીઓ શ્રી જિનપૂજા અને ભક્તિથી કર્યાથી આરાધક થયાં છે, તે તો પૂર્વભવની અપેક્ષાએ સમજવું; કારણ કે-પૂર્વભવની શુભકરણી હોવાથી પણ આભવની અપેક્ષાએ કંઇ થોડા જ આરાધક થયા છે?

**સ૦** 'પૂર્વભવની અપેક્ષાએ તે દેવ અને દેવીઓની શુભ કરણી હોવાથી આરાધક થયા છે' તે વ્યાજબી નથી; કારણ કે ઇશાનેન્દ્રે જ્યારે ભગવાનની આગળ નાટક કર્યું અને પછી પૂછયું કે-' હે પ્રભો ! હું આરાધક છું કે વિરાધક?' ઈત્યાદિ શ્રી ભગવતીજી સૂત્રમાં કહેલા છ પ્રશ્નોના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે-'તું આરાધક છે, પરન્તુ વિરાધક નથી'. જો પૂર્વભવની અપેક્ષાએ ઈન્દ્રને આરાધક કહ્યા હોય, તો પૂર્વભવમાં ઈન્દ્ર તો **તામલી** નામના તાપસ હતા અને તાપસપણામાં ભગવાન આરાધકપણું કેવી રીતે કહે? માટે માનવું જ જોઇએ કે-' આ ભવમાં ભક્તિ કરવાથી જ ભગવાને આરાધક કહ્યા છે'. એમ સઘળેય જાણી લેવું.

**શં૦** જેમ દેવોએ જિનપૂજા કર્યાના દાખલા આપ્યા તેમ કોઇ મનુષ્યે જિનપૂજા કરી છે?

**સ૦** હા, જેમ દેવોએ શ્રી જિનપ્રતિમાને વંદન કર્યું છે, તેમ મનુષ્યોએ પણ વંદન કર્યું છે. જુઓ, શ્રી ઉવવાઈ સૂત્રમાં અંબડ અને તેના શિષ્યોએ શ્રી અરિહંત અને શ્રી અરિહંતની પ્રતિમાઓને વંદન કર્યું, એમ કહ્યું છે; તેથી તેઓએ શ્રી અરિહંત અને અરિહંતની પ્રતિમાને નમન કર્યું છે, એ સ્પષ્ટ જ છે. તેમજ શ્રી આણંદ શ્રાવક શ્રી અરિહંત અને અરિહંતની પ્રતિમાને વંદનાદિ કરનારા હતા.

**શં૦** આ તો વંદન નમસ્કારાદિની વાત આવી, પણ મનુષ્યે પૂજા કર્યાની વાત કયાં આવી?

**સ૦** ભગવાન્ શ્રી મહાવીર પરમાત્માના પિતા શ્રી સિદ્ધાર્થ રાજાએ જ્યારે ભગવાનનો જન્મ થયો ત્યારે દશ દિવસની કુલમર્યાદા કરતાં, અનેક શ્રી જિનપૂજાઓ કરી અને કરાવી એમ શ્રી કલ્પસૂત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે.

**શં૦** શ્રી કલ્પસૂત્રમાં તો સિદ્ધાર્થરાજાએ અનેક યાગ કર્યા અને કરાવ્યાની વાત આવે છે, પણ શ્રી જિનપૂજાઓ કરી અને કરાવી તેવી વાત કયાં છે?

**સ૦** અહિં યાગ શબ્દનો અર્થ શ્રી જિનપૂજા સમજવાનો છે. તથા શ્રી શ્રેણિકરાજા પ્રમુખ અનેકે શ્રી જિનપૂજા કર્યાના દાખલા સિદ્ધાંતમાં અનેક ઠેકાણે આવે છે. વળી શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીએ શ્રી જિનપૂજા કરી છે, એ મૂલસૂત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે.

# આરાધનાનો માર્ગ

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

જીવન ખરાબ હોય તો સમાધિ બગડતાં, અસમાધિ થતાં વાર લાગતી નથી. પાછળ આરાધના કરી હોય, છતાંય આયુષ્યનો બંધ વહેલો પડી ગયો હોય, દુર્ગતિ થવાની હોય, તોયે છેલ્લી ઘડીએ સમાધિ બગડી જાય એમ બને. શ્રી શ્રેણિક મહારાજા અને શ્રી કૃષ્ણ મહારાજાને અગાઉથી આયુષ્યનો બંધ પડી ગએલો, માટે છેલ્લી અવસ્થામાં સમાધિ રહી નહિ. એટલે એ વિચાર પણ જરૂર કરવા જેવો છે. શ્રી જિનેશ્વરદેવના અનુયાયિથી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છેટી નહિ પણ હોવી જોઇએ. જૈનની દરેક ક્રિયામાં, જૈનત્વની—ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની છાયા હોવી જોઇએ. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને જો ભૂલ્યા અને આર્ત્તરૌદ્રમાં રક્ત રહ્યા, એવામાં જો આયુષ્યનો બંધ પડી ગયો, તો પાછળથી આરાધના કરવા છતાં પણ અન્તિમ સમયે સમાધિ નહિ ટકે. પાછળની આરાધના નિષ્ફળ જવાની નથી; શ્રી જિનેશ્વરદેવની, એમના ધર્મની વાસ્તવિક આરાધના નિષ્ફળ જાય નહિ; પણ પહેલા બંધ પડી ગયો હોય, દુર્ગતિ થવાની હોય, તો મરણ સમાધિપૂર્વકનું થાય નહિ.

જે આત્માઓએ આવતા ભવમાં પણ આરાધના કરવી હોય, આરાધનામાં સહાયક સામગ્રીને પામવી હોય અને એ રીતિએ આરાધના કરતાં મુક્તિસુખને પામવું હોય, તે આત્માઓએ આ ભવમાં જીવનને ઉત્તમ બનાવવું જોઇએ; પાપથી ચેતતા રહેવું જોઇએ અને ધર્મસંચયમાં તત્પર બનવું જોઇએ. દુર્ગતિના આયુષ્યનો બંધ ન પડી જાય તેની કાળજી રાખવી જોઇએ. એ માટે એ યાદ રાખવું જોઇએ કે—હું જૈન છું. હું ફલાણો, હું ફલાણાનો દીકરો, હું મોટો, હું વ્યાપારી, હું શ્રીમન્ત એ બધું નહિ પણ હું શ્રી જિનેશ્વરદેવનો સેવક છું; એ વાત હરઘડી યાદ રાખવી જોઇએ. શ્રી જિનેશ્વરદેવનો સેવક ઘરમાં હોય કે બજારમાં જાય ગમે ત્યાં ગયો હોય, તોપણ એને એ યાદ રહેવું જોઇએ કે—હું જૈન છું, હું શ્રી જિનેશ્વરદેવનો સેવક છું. જૈન સંસારને તજી ન શકે એમ પણ બને, ઘરબારમાં રહેનારો હોય એ પણ બને, સંયમી ન હોય એ પણ બને, વેપાર કરતો હોય એ પણ બને, પણ એ ઉપાદેયતા રૂપે વિષયમાં રાચનારો તો ન જ હોય. જૈન અને પાપની ભીતિ વિનાનો, એ ન બને. જૈન તો પાપથી કંપતો રહે. વિષયની સામગ્રીમાં પડયો હોય, વિષયની સામગ્રીને ભોગવતો હોય, છતાં વિષય વિષતુલ્ય છે એમ એ માને અને કહે. એવા વિષયમાં મુંઝાયા તો શુદ્ધિ નહિ રહે, એમ એ માને એવા જૈન બનવા માટે હું ફલાણો છું ને ફલાણો છું એવું ભૂલીને, હું શ્રી જિનેશ્વરદેવનો સેવક છું—એ યાદ રાખવું જોઇએ.

એની પ્રતીતિ એ કે—એને જ્યારે જ્યારે શ્રી જિનેશ્વરદેવનાં દર્શન થાય, નિર્ગ્રન્થ ગુરૂનાં દર્શન થાય, સાધર્મિકનાં દર્શન થાય, ત્યારે ત્યારે એને એ આનંદ થાય, કે જે શહેનશાહને જોતાં પણ ન થાય. શ્રી જિનેશ્વરદેવને જોતાં, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ સાધુપણાનું પાલન કરતા ગુરૂને જોતાં, શ્રી જિનેશ્વરદેવના અનુયાયિને જોતાં આનંદ ન થાય, ભક્તિ ન જાગે, પ્રેમ ન ઉલટે, ભેટી પડવાનું મન ન થાય, ઝુકી પડવાની ભાવના ન થાય, બહુમાન ન પ્રગટે, તો હજુ આપણામાં શ્રી જિનેશ્વરદેવનું વાસ્તવિક સેવકપણું આવ્યું નથી. આટલું પણ

આવે તો, મારૂં કદિ ભૂંડું ન થાય એમ આત્મા સાક્ષી પૂરે. એવા આત્માઓ એમ કહી શકે છે કે–અમને અહીં પણ આનંદ છે, મરીને જ્યાં જશું ત્યાં પણ આનંદ મળશે અને પરંપરાએ મુક્તિસુખ મળશે, એટલે ત્યાં તો આનંદનો પાર નથી. આવું હૈયામાંથી, ડુંટીમાંથી કયારે બોલાય ? જીવન તેવું બનાવ્યું હોય તો! શ્રી જિનમન્દિરો છે, સુગુરૂઓ પણ છે, ધર્માત્માઓ પણ વસે છે અને આરાધના થઈ શકે તેમ છે, આમ છતાં પણ જો મરણની ભીતિ જીવતી ને જાગતી રહે, તો કહેવું પડે–કે તમને મળેલી સામગ્રીનો સદુપયોગ કરતાં આવડતું નથી. શ્રીમન્તાઈ હોય કે ન હોય, પણ ધર્મને પામેલાને આનંદ હોય. એના હૈયામાં સમતા હોય. ભવાંતરમાં પણ ગમે તે સ્થિતિ મળે, તોપણ ધર્મ મળે તો આનંદ.

જ્યાં શ્રી જિનેશ્વરદેવનો ધર્મ હોય, ત્યાં દરિદ્રપણું કે દાસપણું હોય તોય તેમાં આત્મા દુઃખી થતો નથી. જ્યાં ધર્મની વાસના હોય, ત્યાં દરિદ્રપણું કે દાસપણું ખટકતું નથી. જ્યાં ધર્મની વાસના નહિ, ત્યાં ચક્રવર્તિપણું પણ ખટકે. ધર્મની કિંમત છે, ચક્રવર્તિપણાની નહિ. ધર્મ હોય તો બધે આનંદ અને ધર્મ ન હોય તો કયાંય પણ એ આનંદ નહિ. એ આનંદ જોઈએ તો ધર્મસંચય કરવાને માટે તત્પર બનવું જોઈએ. પાપનો ત્યાગ કરવાને માટે અને ધર્મનો સ્વીકાર કરવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

આરાધનાની આવી સમાગ્રી મળી છે. જો મળેલી સામગ્રીનો સદુપયોગ કરાય, આરાધના થાય, તો મરણની ભીતિ ભાગે. આવતા ભવોમાં પણ આરાધનાની ઉત્તરોત્તર વધુ પ્રમાણમાં અને વધુ અનુકૂલ સામગ્રી મળે. પરંપરાએ મોક્ષસુખ પણ મળે, કે જે સુખને માટે ધર્માત્માઓ ધર્મ કરે છે. આ ધર્મમાં એ તાકાત છે. જે ધર્મમાં મોક્ષ આપવાની તાકાત નથી તે ધર્મ નથી, એને આપણે ધર્મરૂપ માનતા નથી. એ પણ ન ભૂલતા કે–જે ધર્મમાં મોક્ષ આપવાની તાકાત છે, તે ધર્મ જો ધર્મ રૂપે આરાધાય તો મોક્ષ ન મળે ત્યાં સુધી દુન્યવી અનુકૂળતાઓ પણ મેળવી આપે છે; માટે મોક્ષના ધ્યેયપૂર્વક આ ધર્મની આરાધના કરવી જોઈએ અને પૌદ્ગલિક લાલસાઓનો ત્યાગ કરવો જોઈએ. આટલી સામગ્રી મળવા છતાં પણ જો આરાધનાથી વંચિત રહેવાય, પાપનો ત્યાગ અને ધર્મનો સ્વીકાર કરવા તરફ બેદરકાર બનાય, તો નુકશાન આપણને પોતાને જ છે, બીજાને નથી. શાસને એ આદર્શને પૂરો પાડયો છે, ગીતાર્થ મહાપુરૂષોએ કહ્યો છે, એ છતાં અમલ ન થાય તો નુકશાન પોતાના આત્માને થવાનું છે. શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું, ગીતાર્થ મહાપુરૂષોએ કહ્યું તે આપણા ભલાને માટે છતાં પણ આપણે જો તે મુજબ નહિ કરીએ, બેદરકાર રહીશું, તો નુકશાન એમને નથી; પણ તેમ કરનારના આત્માને છે. આથી જેઓ પોતાના આત્માનું ભલું વાંછતા હોય, તેઓએ સાવચેતી રાખવી જોઈએ. પાપથી દુઃખ અને ધર્મથી સુખ એ વાતને હૈયામાં બરાબર કોતરી દેવી જોઈએ. એ વાત જેના હૈયામાં જચી જાય તે પાપમાં પાંગળો બની જાય અને ધર્મમાં રૂચિ તથા ઉત્સાહવાળો બની જાય. જે આત્મા પાપમાં અરૂચિવાળો અને ધર્મમાં રૂચિવાળો બને, તે પાપ અને ધર્મને સમ્યક્ પ્રકારે સમજવાને પ્રયત્નશીલ બને, સમજીને તેનો અમલ કરવાને તૈયાર થાય અને એમ આરાધના કરતાં મુકિતસુખને પામે. સૌ કોઈ એવા આરાધક બનો, આરાધનામાં રકત બનો અને મુક્તિસુખને પામો, એજ અભિલાષા.

# નવાં પુસ્તકો અવલોકન

શ્રી સૌમ્ય

**શ્રી સિદ્ધ પ્રભાવી શ્રી સિદ્ધ ગિરિરાજ** લેખક; પૂ. મુનિરાજ શ્રી દીપવિજયજી મહારાજ, પ્રકાશક; શ્રી જૈન સામાયિકશાળા વઢવાણ શહેર. પૂ. મહારાજશ્રી વિ. ૨૦૦૧ માં શ્રી સિદ્ધગિરિમાં ચાતુર્માસ રહ્યા તે વખતે ઉંડી તપાસપૂર્વક જે અનુભવ પ્રાપ્ત થયો તે સાદી અને સરળ ભાષામાં રજૂ કરેલ છે. શ્રદ્ધાળુ વાચકોને શ્રી શત્રુંજય સમ્બધિ નહિ જાણેલી અને નહિ જોયેલી હકીકતો આ પુસ્તકમાં વાંચવા મળશે. ભાષાશૈલિ જુની છે છતાં પુસ્તકનું મહત્ત્વ જરાપણ ઘટતું નથી, છતાં ભાષાશૈલિ આધુનિક હોત તો વધુ ઉપયોગી થવા સંભવ ખરો !

**ધર્મસુધા:** સંચયકાર; પૂ. મુનિરાજશ્રી મહીમાવિજયજી મહારાજ ( પૂ. પંન્યાસશ્રી પ્રવિણુવિજયજી મહારાજના શિષ્ય ) પ્રકાશક; શ્રી સરદાપુર જૈન સંઘ. આ પુસ્તકનાં ૨૩૨ પૃષ્ટોમાં ઘણી ઉપયોગી વસ્તુઓનો જેવી કે, શ્લોકો, છંદો, સામાયિક, ચૈત્યવંદનની વિધિ, સ્નાત્રપૂજા, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયો, નવસ્મરણો તેમજ અંત સમયની આરાધના વગેરેનો સમાવેશ થાય છે. બાળ જીવોને હંમેશના ઉપયોગમાં આવી શકે તેવું પુસ્તક છે.

**મંત્રીશ્વર કલ્પક:** લેખક; પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ. પ્રકાશક; શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાલા ગારીઆધાર મૂલ્ય ૦-૪-૦ ઐતિહાસિક કથાનક રસપ્રદ શૈલિમાં રજુ કરવામાં આવ્યું છે. જૈન મંત્રીશ્વરની યશસ્વી કારકીર્દી સુંદર રીતે રજુઆત થઇ છે. બાળકોના વાચન માટે આવા નાનાં પુસ્તકો વધુ પ્રકાશન પામે તો સંસ્કારોની જમાવટ થવામાં અને કરવામાં વધુ ઉપયોગી નીવડે.

**નૂતન સ્તવન મંજુષા :** સંગ્રાહક; પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી મહારાજ; પ્રાચીન ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયો, તેમજ અર્વાચિન સ્તવનો, ગરબાઓ, ગહુંલીઓ વગેરેનો સંગ્રહ છે. ક્રાઉન બત્રીસ પેજી ૨૫૬ પેજમાં ઠીક-ઠીક સંગ્રહ કરવામાં આવ્યો છે. ઉપયોગી છે.

**અમરઆત્મમંથન :** લેખક; શ્રી અમરચંદ માવજી શાહ. ક્રાઉન સોળ પેજી કુલ પૃષ્ટો ૩૨૦ પ્રસ્તાવના; શ્રી ફતેહચંદ ઝવેરચંદભાઇએ લખી છે. ભાવનગર નિવાસી શેઠ ભોગીલાલ મગનલાલની આર્થીક સહાયથી પુસ્તક બહાર પડયું છે. લેખકને જ્યારે જ્યારે વિચારોનું સ્ફુરણ ગદ્ય-પદ્યમાં થયું ત્યારે ત્યારે આત્મ મંથનની નોંધ કરી લીધી લાગે છે. વાચકોને વિચારોનો શંભુમેળો લાગશે પણ જુદી જુદી વખતે જુદા જુદા જે વિચારો આવ્યા તેમાં સામાજિકતા, ધાર્મિકતા, નૈતિકતા અને અધ્યાત્મીકતા વગેરે ભિન્ન ભિન્ન વિષયો હોય. લેખકને છંદમેળનું જ્ઞાન નહિ હોવા છતાં કાવ્ય શક્તિનું દર્શન ઠીક પ્રમાણમાં દેખાય છે. પુસ્તકમાં ૯૦૦ સુવાકયો, ૧૦૦ દુહાઓ, ૧૯ કાવ્યો અને ૩ શતકોનો સંગ્રહ છે.

**જૈન શકુનાવલિ :** નિયોજક; પ્રો. બિપિન જીવણચંદ ઝવેરી એમ. એ. પ્રકાશક; શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાલા ગારીઆધર. જૈન સિદ્ધાંતમાં પણ શકુનશાસ્ત્રને સ્થાન છે.

આ પુસ્તિકામાં પોતાનું ભાવિ જોવા માટેની સરળ રીત છે. સાતવાર મંત્ર ભણી કોઠા ઉપર આંગળી મૂકી આંકડા પ્રમાણે જોવાથી જીવનની રૂપરેખા માલુમ પડે છે.

**પુનર્લગ્નની કુપ્રથા :** લેખક; પૂ. પન્યાસશ્રી પ્રવિણવિજયજી મહારાજ પ્રકાશક; શ્રી બાબુલાલ ભગવાનજી દાદર, પુસ્તિકા નાની છે પણ તેટલી જ સુંદર લખાએલી છે. પુનર્લગ્નની હિમાયત કરનાર વ્યક્તિઓએ આવાં લખાણો પ્રત્યે નજર નાખવાની જરૂર છે. 'શિલ સુવાસ' એ હેડીંગ નીચે શીલની મહત્તા દર્શાવનારાં ૩૬ સુવાકયો છે. પ્રમાણો અને યુક્તિઓ સારા પ્રમાણમાં આપી છે.

**જિનેંદ્ર સ્તવનમાલા:** રચયિતા પૂ. આ. વિજયભુવનતિલકસૂરિશ્વરજી મહારાજ પ્રકાશક; મંત્રી, શ્રી લબ્ધિસૂરિજી સ્તવન પ્રકાશક મંડળ છાણી; આ પુસ્તિકામાં **શત્રુંજયની** નવ ટુંકનાં ચૈત્યવંદન, સ્તવન તેમજ આધુનિક રાગોમાં ભાવવાહી સ્તવનોનો સંગ્રહ છે. સાથે સાથે પૂ૦ આચાર્યદેવના ચાતુર્માસ દરમીયાન ઉમેટામાં થયેલાં ધર્મકાર્યોની નોંધ છે.

**सकलार्हत् स्तोत्रम्** સંપાદક; પૂ૦ મુનિરાજશ્રી નેમવિજયજી મહારાજ પ્રકાશક; શ્રી લબ્ધિસૂરિજી જૈનગ્રંથમાલા ગારીઆધાર; પૂ૦ હેમચંદ્રસૂરિજી મહારાજકૃત સકલાર્હત્ સ્તોત્ર ઉપર પૂ૦ મહારાજશ્રી ગુણવિજયજીએ સંસ્કૃતમાં "અર્થપ્રકાશ" નામની ટીકા કરી છે, પ્રાચીન છે. સુંદર રીતે શબ્દે-શબ્દનો અર્થ પ્રકાશ કર્યો હોવાથી અભ્યાસીઓને ઉપયોગી છે.

**સુબોધદાયક દુહા સંગ્રહ;** સંયોજક; પૂ૦ મુનિરાજશ્રી નિરંજનવિજયજી મહારાજ, બોધદાયક દુહાઓ, સુવાકયો, સંવાદ તેમજ સૂત્રો સાથે ચૈત્યવંદન વિધિનો સંગ્રહ છે.

**કલ્યાણકાદિ સ્તવન સંગ્રહ** સંગ્રાહક; પૂ૦ મુનિરાજશ્રી નિરંજનવિજયજી મહારાજ કલ્યાણક સ્તવનો, ગીતો, નૂતન સ્તવનો, પ્રાચીન સજ્ઝાયો, ગહુંલીઓ અને ગરબાઓ વગેરેનો સંગ્રહ બત્રીસપેજી ૧૧૨ પેજમાં કરવામાં આવ્યો છે.

**સદ્બોધ સંચય** સંપાદક; પૂ૦ મુનિરાજશ્રી મહીમાવિજયજી મહારાજ [પૂ૦ પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મહારાજના શિષ્ય] આ પુસ્તિકામાં ૧ થી ૪૦ પેજમાં વચનામૃતો, ૪૧ થી ૫૫ પેજમાં અંગ્રેજી સાથે ગુજરાતી સુવાકયો તે સિવાય દુહાઓ, હિતશિક્ષા છત્રીસી, અંતીમ આરાધના વગેરેનો સમાવેશ થાય છે. સુવાકયો આત્માર્થી જીવોને વધુ ઉપયોગી છે.

**વિધિસમયદર્પણ** [જૈનવિધિ પંચાંગ] સંયોજક; પૂ૦ મુનિરાજશ્રી **નેમવિજયજી** મહારાજ, પ્રગટ કરતા; શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાળા ગારીઆધાર. વી૦ સં૦ ૨૦૦૩ ના ચૈત્ર મહીનાથી ૨૦૦૪ ના ફાગણ મહીના સુધીનું ચોપડી આકારે પંચાંગ છે. વિશિષ્ટતા એ છે કે, પંચાંગમાં તિથિ, વાર, તારીખ સાથે નવકારશી, પોરસી, સાઢપોરસી વગેરે પચ્ચકખાણના ટાઈમનો કોઠો છે. તેમજ પાણી, સુખડી, અસ્વાધ્યાય, કામળી, પડિલેહણ વગેરેના કાળનું પણ પત્રક આપવામાં આવ્યું છે, આવા પંચાંગ માટેનો પ્રયાસ પ્રાથમિક હોવાથી સમાજમાં પ્રચાર પામતાં વાર લાગશે. પ્રયાસ સ્તુત્ય છે.

---

**અભિપ્રાયાર્થે મળતા પુસ્તકોની નોંધ સગવડતાએ લેવાશે અને તે નોંધ પણ નિષ્પક્ષ અને સ્વતંત્ર શૈલિએજ અવલોકનકાર રજૂ કરશે.**

## વર્તમાન કેળવણી માનવ જીવનના સદ્‌ગુણોને ખીલવી શકી નથી.

# કેળવણીની સફળતા

શ્રી જેચંદલાલ નેમચંદ શાહ

આજે દરેક સમાજમાં વ્યવહારને અનુકૂળ બનાવવા કેળવણીની જરૂરીઆત માની છે. મનુષ્યમાં જ્ઞાનની વિશિષ્ઠતા છે પરંતુ જ્ઞાન કે કેળવણી એવા પ્રકારની ન હોવી જોઇએ કે, જે કેળવણી સ્વપર અને દેશને નુકશાન કરતા હોય. જે કેળવણી જીવનના વ્યવહારિક અને નૈતિક ગુણો જેવાકે, ઔદાર્યતા, સહિષ્ણુતા, વિનય, વિવેક, પરોપકાર, આદિ ગુણોમાં વિકાશ કરે સિદ્ધાંતોનું ઘડતર કરે અને તે સિદ્ધાંતો અનુસાર કર્તવ્યપરાયણ બની, આત્મ વિકાશ કરી ઉત્તરોત્તર જીવનને ઉચ્ચકક્ષાએ લઈ જાય તેનું નામજ ખરી કેળવણી કહેવાય.

આજે જે કેળવણી અપાઈ રહી છે, તે કેળવણીને વખોડવાનો કંઇ અર્થ નથી. પરંતુ આધુનિક કેળવણી જે પદ્ધતિએ અપાવી જોઇએ તે પદ્ધતિએ નહિ અપાતાં પાશ્ચિમાત્ય સિદ્ધાંતોને અનુસરીને અપાય છે. અને તે કારણને લઇનેજ જીવનમાં ઉચ્છૃંખલતા, છાકટાપણું આદિ અવગુણો જીવનના સ્વભાવિક ગુણોને દબાવી પોતાનું આધિપત્ય જમાવતાં જાય છે, અને તે કારણેજ આજે આપણે આધુનિક કેળવણીને વખોડવા તૈયાર થઇએ છીએ. પરંતુ તેમાં કેળવણીને દોષ દેવા કરતાં. તેની શૈલીને દોષ આપીએ તો તે વધુ ઠીક છે. તેમજ શિક્ષકો, પ્રોફેસરો કે સ્કોલરોનો દોષ કાઢવો તે પણ યોગ્ય નથી, કારણકે તે વર્તમાન કેળવણી દાખલ કરનારનો ઉદ્દેશ આર્યસંસ્કૃતિના પોષક તત્ત્વોમાં આચારવિચારોમાં અને જીવનમાં પરિવર્તન કરવાનો જ હતો. અને તે ફેરફાર કરી શકાય, તે શૈલીએજ આ કેળવણી દાખલ કરી અને તે રીતિએ દરેકના જીવનમાં દાખલ થઇ.

અત્યારે અપાતી કેળવણીથી બુદ્ધિવિકાશ જરૂર થાય છે, પરંતુ એકલો બુદ્ધિવિકાશ વર્તમાન વૈજ્ઞાનિકતા પ્રત્યે ખેંચી જાય છે, પરંતુ આત્મવિજ્ઞાનને જગાડતો નથી. જેથી તે બુદ્ધિવિકાશ નાશના કારણ રૂપ બને છે. એટલે કે, આ કેળવણીથી ઉત્પન્ન થતો એકલો બુદ્ધિવિકાશ ધર્મ, દેશ અને વ્યવહારના નાશના રૂપમાં પરિણમે છે. પરંતુ સાથે તેટલો જ આત્મવિકાશ થઈ જાય તો તેજ બુદ્ધિવિકાશ ધર્મ, દેશ, અને વ્યવહારના શ્રેય રૂપ બને.

જે માણસે સારી રીતે વાળ ઓળ્યા હોય, ઉઘાડા માથે હોય, હાફ પેન્ટ પહેર્યું હોય, પગમાં ચંપલ હોય, હાથમાં સીગારેટ સાથે પ્રેમને પોષક અને જીવનને વિકૃત બનાવનાર સિનેમાની તર્જોનાં ગીતો ગાતો હોય, ખોટા કુતર્કો કરી વાદવિવાદમાં અસત્ય વસ્તુનું પ્રતિપાદન કરી શકતો હોય, ધર્મને ધતિંગ માનતો હોય, અને આ સિવાય બીજા પણ સમાજ, ધર્મ અને જીવનને પ્રતિકૂળ ગુણો ખીલવ્યા હોય તેનેજ સુધારક અને ભણેલો મનાય છે અને તે કારણે જ આધુનિક કેળવણી અર્થને ઉત્પન્ન કરનારી નહિ બનતાં, અનર્થોને ઉત્પન્ન કરનારી બની છે.

જે કેળવણીથી ગુણો ઉત્પન્ન થતા નથી, બલ્કે દુર્ગુણોજ ઉત્પન્ન થાય છે તેવું જાણવા છતાં, જોવા છતાં, અને અનુભવવા છતાં પણ શિષ્ટ સમાજ તે કેળવણીની તે રીતને કેમ અપનાવે છે, તેજ આશ્ચર્ય છે !

આથી દરેક શિષ્ટ સમાજને, શિક્ષકોને, પ્રોફેસરોને, અને ક્રાંતિકારીયુવકોને મારી નમ્ર પ્રાર્થના છે કે,—આજે અપાતી કેળવણીની પદ્ધતિ બદલાવી, વ્યવહાર, દેશ, અને ધર્મને અનુરૂપ કેળવણી આપવાની પ્રથા શરૂ કરવામાં આવશે તો જ કેળવણીની ખરી સાર્થકતા થશે, અને જીવનમાં સર્ચલાઈટસમાન પ્રકાશ પથરાશે. બાકી તો વર્તમાન કેળવણીથી અનીતિ, અનાચાર, અને આપઘાત અને અત્યાચારો વધશે.

## :: સમાધિ નો માર્ગ ::

### [ એક મુમુક્ષુની નોંધપોથીમાંથી ]

**મહાનુભાવ !** પૂર્વકાલીન દુષ્કર્મના યોગે શરીરમાં અશાતા, અસ્વસ્થતા આજે ઉત્પન્ન થઇ છે, પણ તેને ખૂબ મક્કમતાપૂર્વક પ્રસન્ન ચિત્તે અને વિકસિત વદને સહન કરવામાં જ આપણું ડહાપણ છે. કારણકે, ધીર કે કાયર સહુ કોઇને નિજનાં પૂર્વકૃત કર્મો જ દૃઢપણે આત્માની સાથે બંધાઇને રહેલાં છે, તે ભોગવવાં જ પડે છે.

અનેક પ્રકારના ઔષધોપચારો કે અન્ય શારીરિક વ્યાધિના ઉપાયો; ત્યારે જ શાન્તિ આપશે કે, જ્યારે આત્મા જાગૃત હોય તેમજ વિવેકપૂર્વક ધીરતાથી સ્વ અને **પરના ભેદને હંમેશા** નજર સમક્ષ તરવરતો રાખ્યો હોય–

તો જ ઔષધોપચારો હોય કે ન હોય, તે સફલ બને કે નિષ્ફલ બને તોપણ એના હર્ષ–શોકના આઘાત–પ્રત્યાઘાતો, આત્માની સહજ સ્વભાવજન્ય પ્રસન્નતાને ન સ્પર્શી શકે.

**દેવાનુપ્રિય !** આજે શરીરમાં ઉપજેલી અશાતા, વ્યાધિ; એ એક દૃષ્ટિયે આપણાં સત્ત્વની, ધીરતાની, જ્ઞાનની અને મુમુક્ષતાની કસોટી કરવાને સારૂ, દેવે દીધેલી અણમોલ તક છે. માટે દેવદુર્લભ આ સુન્દર અવસરને સફલ બનાવવો ! જેથી આપણને મળેલી અનુપમ સામગ્રીઓની પ્રાપ્તિ, આપણાં જીવનને ધન્ય બનાવી શકે.

વ્યાધિ ઉગ્ર હોય, શરીર અસ્વસ્થ રહેતું હોય, વાતાવરણની ચોમેર ગંભીરતા છવાઈ હોય, છતાંયે આપણે આપણાં સ્વરૂપને ક્ષણવાર પણ વિસરવું ન જોઇએ. હું કોણ ? એ પ્રશ્નના જવાબમાં આત્માના ઊંડાણમાંથી એજ જવાબ આવવો જોઇએ કે; "આ દેહ હું નથી, દેહની પીડા એ મારી નથી, દેહના મમત્વયોગે આજે મને દેહની અશાતા–પીડા કે વ્યાધિ દુભાવી રહી છે.

બાકી આ દેહ એ સારો, રૂપાળો કે રંગીલો હોય તોપણ એ આત્માનો કર્મજનિત વિકાર છે. આથી જ વ્યાધિ પીડિત દેહની ઉપાધિથી મારે કદિ કાલે મારા અનન્ત સામર્થ્યને–વીર્યને પંગુ બનાવી દેવું ન જોઇએ."

**ભાગ્યવાન !**

હજુ પૂર્વ સંચિત શુભ કર્મ સારી રીતે સહાય કરી રહ્યું છે કે; જેના યોગે શ્રી જિનેશ્વર દેવનો તારકધર્મ; આપણને મલ્યો છે. નિર્ગ્રન્થ ત્યાગી મહાત્માઓની વાણી, તેઓનાં દર્શન, વન્દન વગેરે આપણાં જીવનની નિર્મળતામાં ખુશબો પાથરી રહ્યા છે. આ સ્થિતિમાં કદાચ પૂર્વકૃત દુષ્કર્મો ઉદયમાં આવી શરીરને પીડા ઉપજાવે તોપણ આ આલંબનોની સેવા, આપણાં દુષ્કર્મોને અવશ્ય દૂર-દૂરતર ટાળી દેશે.

માટે ખૂબજ સ્વસ્થતાથી, ક્ષમાશીલ બની મન, વાણી અને કાયાને; પવિત્ર વૃત્તિ તેમજ પ્રવૃત્તિઓના પ્રવાહમાં વ્હેતા મૂકી સદા કાલ-સમાધિ માર્ગમાં આત્માને ગતિમાન કરતા રહેવું. આજ આપણે માટે વર્તમાનની અશાતા પીડિત સ્થિતિમાં શાન્તિનો સાચો રાજમાર્ગ છે. બાકી; સહુ કોઇને શરીરની વ્યાધિઓ પીડા આપેછે. જરા સંતાપે છે. મૃત્યુ રાક્ષસની જેમ તીર્થંકર, રાજ રાજેશ્વર, દેવ–દેવેન્દ્ર વગેરેની સ્હામે ઊભું છે.

આથી લેશપણ ગભરાઈ જવું નહિ, મુંઝવણથી કે ચિન્તાથી આત્માની પ્રસન્નતાને, ધીરતાને કે વિવેકશીલ પ્રકૃતિને વિસરવી જોઇએ નહિ. શાન્તિથી વ્યાધિને સહન કરવામાં અશુભ કર્મો છૂટે છે. કર્મનિર્જરાથી આત્મા નિર્મળ બને છે. પરિણામે ભૂતકાલીન અનન્ત દુઃખોનો નાશ થતાં, આત્મા સ્વયં અનુપમ તેમજ વચનાતીત અક્ષય સુખનો સાક્ષાત્કાર કરે છે.

# વરસ દહાડે જેની પુંઠે જૈનસમાજનું અઢળક ધન ખર્ચાઈ રહ્યું છે તે આપણી જૈન શિક્ષણ સંસ્થાઓ! શ્રી હીરાલાલ જી. શાહ

જૈનસમાજની ઉગતી વયના હજારો બાળકોનું જ્યાં ભાવિ ઘડાઇ રહ્યું છે, તેવી આપણી કેળવણીની જૈન સંસ્થાઓમાં ચાલી રહેલી કેટલીક અધાર્મિક ગેરરીતો સ્હામે લેખક અહિં ગંભીરપણે ચેતવણી આપે છે. વાચકોએ વાંચી પોતાના વિચારો જણાવવા. સં૦

**વ**ર્તમાન યુગ કેળવણી અને શિક્ષણની પ્રગતિનો છે એમ આજે બોલાઇ રહ્યું છે. પ્રત્યેક સમાજ અને તેના હિતચિંતક આગેવાનો આજે કેળવણીના નામે હજારો અરે લાખ્ખોનો ધૂમ ખર્ચો કરી રહ્યા છે. આપણા સમાજના આગેવાનો પણ આ કેળવણીની પૂંઠે આજે વરસ દહાડે સારો જેવો પૈસો હોંશેહોંશે ખર્ચી રહ્યા છે. ભૂખમરો, બેકારી કે મોંઘવારીની ચોમેર બૂમો સંભળાવા છતાં વિદ્યાર્થીગૃહો, જૈન બાળાશ્રમો, ગુરુકુળો અને વિદ્યાલયોની પુંઠે આજે આપણા સમાજનો અઢળક પૈસો ખર્ચાઇ રહ્યો છે. અને સંખ્યાબંધ જૈન બોર્ડીંગો આજે આપણા સમાજમાં વાર્ષીક લાખ્ખોના ખર્ચે નભી રહી છે. આ પરથી જૈનસમાજનો કેળવણી વિષેનો સક્રિય રસ ઉઘાડેછોગે જણાઇ આવે છે.

**પ**ણ આ બધી શિક્ષણ સંસ્થાઓમાં રહીને કેળવણી મેળવનારા આપણા એ જૈન વિદ્યાર્થીઓ કે, જેઓ સમાજનું ભાવિ ઘડનારા ઘડવૈયા કહેવાય તેઓ આ કેળવણીની સંસ્થાઓ દ્વારા મોટે ભાગે આજે કયું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે? વળી તે લોકો, સમાજ, રાષ્ટ્ર કે ધર્મને ઉપકારક એવા કયા સંસ્કારો ત્યાં રહી મેળવી રહ્યા છે?

**આ** બાબતો આજે ઉંડી અને સમતોલ વિચારણા માંગી લે છે, પણ આ વિચારણા કરવાની આપણા સમાજનાયકોને આજે ક્યાં ફુરસદ છે? છતાં મને પોતાને જે કેટલીક શિક્ષણ સંસ્થાઓનો અંગત પરિચય છે અને મને શિક્ષણની પ્રવૃત્તિઓમાં સ્હેજે રસ છે, એટલે આવી શિક્ષણ સંસ્થાઓમાં ચાલતી કેટલીક ગેરરીતો અંગે મને જે લાગ્યું છે, તે સમાજના કેળવણી પ્રિય વિચારકવર્ગને કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વિના હું આ તકે જણાવી રહ્યો છું.

**હ**કીકતની ખાતર મારે કહેવું જોઇએ કે, આપણા સમાજમાં આજે એવી કેટલીએ શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે કે, જે સંસ્થાઓમાં આપણા પરાપૂર્વથી ચાલ્યા આવતા ધાર્મિક રીત–રીવાજો, અનુષ્ઠાનો અને પ્રભુપુજા જેવા ઉત્તમક્રિયાકાંડો પ્રત્યે પ્રેમ, આદરભાવ કે શ્રદ્ધા જેવું કશું જ કેળવાતું નથી. ઉલટું ત્યાં આ બધાની વિરૂદ્ધ ઇરાદાપૂર્વક અશ્રદ્ધા અને અરૂચિ ભાવનો પ્રચાર થઇ રહ્યો છે, અને તે પણ રાષ્ટ્ર અને સમાજસેવાના સુંવાળા શબ્દોની ચાલબાજી દ્વારા તેમજ ધર્મના નામે દાનમાં દીધેલી આપણા ધર્મપ્રિય શ્રદ્ધાળુવર્ગની મૂડીની સહાયથી.

**જૈ**નોના પૈસે ઉભી થયેલી આ કેળવણીની સંસ્થાઓમાં આજે આપણા કુમળી વયના બાળકોના માનસમાં તદ્દન અધાર્મિક સંસ્કારોનું વિષ રેડાઇ રહ્યું છે એટલું જ નહિ પણ ત્યાંના સ્વતંત્ર અને નિરંકૂશ વાતાવરણમાં ઉછળતા તે બાળકોનાં માનસમાં, તે પ્રકારના દેશ, સમાજ અને ધર્મનાં હિતને જોખમાવનારા વિચારો પ્રચારવામાં આવે છે.

**જેમકે** 'વિધવા–વિવાહ' વિના સમાજનો ઉદ્ધાર શકય નથી. રાષ્ટ્ર સેવા એજ ધર્મની સાચી સેવા છે. અત્યારના વૈજ્ઞાનિક યુગમાં જૈનધર્મની કાંઇ જ કિંમત રહી નથી. દેવ–ગુરૂ કે ધર્મ યા તેના ક્રિયાકાંડોમાં આજે કશું જ તત્ત્વ સમાયું નથી. સાધુઓ સમાજને ભારરૂપ છે.

**આ** અને આના જેવી સ્વચ્છંદી વિચાર શ્રેણીનો પ્રચાર, આપણી જૈન સંસ્થાઓમાં, જૈનસમાજના

ધર્મશ્રદ્ધાળુ ધર્માત્માઓની લક્ષ્મીના ધૂમ ખર્ચાઓના ભોગે આજે થઈ રહ્યો છે. દેશનો ઉદ્ધાર કે હિંદના આઝાદીના ઉછીના લીધેલા બે-ચાર ઉપલકિયા શબ્દ સૂત્રો દ્વારા આપણા આ જૈન વિદ્યાર્થીઓને આવી જન સંસ્થાઓમાં તદ્દન સ્વચ્છંદી બનાવી દીધેલા હોય છે, કે જેના યોગે તે વિદ્યાર્થીઓ, સામાયિક, પ્રતિક્રમણ કે અન્યાન્ય ધાર્મિક ક્રિયાઓ કે જે મહિનામાં કેવળ અમુક જ દિવસ પૂરતી ફરજીયાત કરવાની હોય છે, તેને પણ ગૌણ કરી, જાણી બુઝીને કોરાણે મુકી, ધ્વજવંદન, પ્રભાતફેરી, સભા, સરઘસ વગેરેની કહેવાતી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં દોડા-દોડ કરી મુકે છે.

ખરૂં પૂછોતો જેની ખાતર એક પણ સ્વાર્થનો ત્યાગ કરવાને તે વિદ્યાર્થીઓની તૈયારી હોતી નથી. કેવળ બ્હારની દુનીયાને દેખાડવા ખાતર તેઓ આ બધી રાષ્ટ્રીય ચળવળોમાં જંપલાવ્યે જાય છે.

જૈન સમાજ જેવા વ્યવહાર કુશલ સમાજના, ભાવિ ભાગ્યવિધાતા આ બાળકોને આવી વિનય-વિવેક કે મર્યાદા વિહોણી ગેરશિસ્તની પ્રવૃત્તિઓમાં ન્હાનપણથી આ શિક્ષણુ સંસ્થાઓ દ્વારા શા સારૂ પ્રેરણા અપાતી હશે? શું આ બધી પ્રવૃત્તિઓથી તે બાળકો દેશની આઝાદી મેળવી લેશે એમ કે? શિક્ષણ સંસ્થાઓના સંચાલકોએ આ હકીકતોને ખુબ જ ગંભીરતાથી પરિણામ દર્શી બની, વિચારવી ઘટે છે.

ખરી રીતે વિધવાવિવાહ જેવા નિષિદ્ધ તેમ જ અધાર્મિક પ્રશ્નને કે અસ્પૃશ્યતા નિવારણ જેવા રાજકીય તેમજ સામાજિક દૃષ્ટિયે બળવાખોર ગણાતા કોઇ પણ પ્રશ્નને આવી શિક્ષણ સંસ્થાઓમાં છેડવાના પરિણામે કુમળા માનસના વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાય છે. કુમળી વયના બાળ વિદ્યાર્થીઓનું ભેજું આ પ્રકારની વિચારણાઓથી વિકૃત બની આજથી બંડખોર બની જાય છે. પરિણામે તેઓ કોઇ પણ ધાર્મિક કે સામાજિક પ્રશ્નને અંગે મગજનું સમતોલપણું ગુમાવી, તેની તાત્ત્વિક વિચારણા કરવાને લાયક રહી શકતા નથી. તેમ જ એકાંત ઇહલોક પ્રધાન નાસ્તિક મનોવૃત્તિઓ તેઓનાં જીવનમાં સ્થાયિરૂપ લઇલે છે, આ જેવું તેવું નુકશાન નથી.

જૈન સમાજની ઉગતી પ્રજાને વ્યાવહારિક કેળવણીની સાથો-સાથ ધાર્મિક કેળવણી તેમજ ઉત્તમ સંસ્કારો સરળતાથી પ્રાપ્ત થઈ શકે, આજ એક શુભ ઉદ્દેશથી સમાજના જે જે ઉદાર હૃદયી સદ્‌ગૃહસ્થો તેમજ સન્નારીઓએ આવી શિક્ષણ સંસ્થાઓમાં પોતાની મૂડીનો પ્રવાહ રોકયો છે તે લોકોની શુભ પ્રવૃત્તિઓનું છેવટનું પરિણામ તેઓ જ્યારે આવી સ્થિતિનું સાંભળે ત્યારે તેઓનાં ધર્મપ્રેમી માનસને જરૂર આઘાત ઉપજે! આ રીતે ઉદાર હૃદયી તે તે ધર્માત્માઓનાં વિશ્વસ્ત હૃદયને તે વેળા કેટ-કેટલો સંતાપ થતો હશે આ વિષે આપણેતો કેવળ કલ્પના જ કરવી રહી! વળી આપણી સામાજિક શિક્ષણ સંસ્થાઓની આવી રીત-રસમોથી કેટલી વેળા તેના સહાયકો, પોષકો અને પ્રશંસકો પણ અંગત રીતે ઉત્સાહ ભંગ થઇ જાય છે. લોક માનથી પણ આવી બળવાખોર પ્રવૃત્તિઓને ઉત્તેજનારી સંસ્થાઓ માટે ધીરે ધીરે પ્રતિકૂલ બનતું જાય છે. આ હકીકત તે તે સંસ્થાના સંચાલકોએ ભૂલવા જેવી નથી.

'વિધવા-વિવાહ-એ શાસ્ત્ર દૃષ્ટિયે તેમજ સામાજિક હિતની દૃષ્ટિયે નિષિદ્ધ અને નિંદ્ય પાપકાર્ય છે. સ્ત્રી સમાજની પવિત્રતાને કલંકિત કરનારૂં એ ઘોર અપકૃત્ય છે. જૈન-જૈનેતર દરેક ધર્મોની શાસ્ત્રીય દૃષ્ટિયે વૈધવ્ય પ્રાપ્ત સ્ત્રીઓ પણ જ્યાંસુધી શીલધર્મના સંસ્કારોથી સુસંસ્કારિત હોય ત્યાંસુધી પવિત્ર અને પૂજ્ય ગણાય છે, કારણ સ્ત્રી શરીરની પવિત્રતાતેઓમાં રહેલા આ શીલ ગુણની દઢતાના યોગે જ અંકાય છે. મહાસતી સીતાજી, દમયંતિ, સુલસા, સુભદ્રા, તારામતી આ બધા ભારત ભૂમિના મહાન સ્ત્રી રત્નોની શીલધર્મની અડગતા માટે જ આપણા મસ્તક તેઓનાં ચરણોમાં આદરપૂર્વક ઝુકી પડે છે. આ સિવાય અન્ય કાંઇ કારણ નથી ખરેખર શીલધર્મનો પ્રભાવ કોઇ અનુપમ કોટિનો છે.

જ્યારે વિધવા-વિવાહ સ્ત્રી જીવનની પવિત્રતાનો નાશ કરી, તેને શીલધર્મથી ભ્રષ્ટ કરનારૂં મહાન પાતક છે. જે કેવળ અનાર્ય દેશની પાશ્ચાત્ય સંસ્કૃતિનાં પ્રચારનું દુષ્ટ પરિણામ છે.

મહાસતી સીતાજીને હનુમાન જેવા મહાપુરૂષનો સ્પર્શ પણ પોતાને શીલધર્મની મર્યાદાનો ઘાતક

જણાયો. મહાન પ્રતાપી લક્ષ્મણજીની પણ મર્યાદા જે શ્રી સીતા દેવીને માતૃ તુલ્ય માની હંમેશાં પ્રાતઃ કાલે તેઓ વંદન કરે છે છતાં તે સીતાજી માતાના શરીરનાં એક પણ અંગ સ્હામે તે મહાપ્રતાપી લક્ષ્મણજીની દૃષ્ટિ સરખી પણ ઢળતી નથી. સીતાદેવીના કાન તેમજ હાથપર રહેલાં કુંડલ કે કંકણોને પણ અવસરે તે ઓળખી શકતા નથી; આ છે શીલધર્મના પ્રત્યેની લાગણીવાળા તે તે પવિત્ર આત્માઓની અલૌકિક મર્યાદા.

જે આર્યદેશમાં સ્ત્રી–પુરૂષોની આટ–આટલી નૈસર્ગિક મર્યાદાઓ પતિતપાવન શીલધર્મના રક્ષણ માટે અખંડિત રીતે જળવાઇ રહેતી તે આર્યદેશની પૂનિત ધરતી પર આજે તેની સ્હામે કુમળી બુદ્ધિના બાળકોમાં કઈ કઇ ભાવનાઓ, વિચારો અને બંડખોર વાતાવરણનું ઝેર પીરસાઇ રહ્યું છે ! જૈનસમાજની શિક્ષણ સંસ્થાઓના સંચાલકો જાણે–અજાણે સમાજની ભાવિ પ્રજાનાં ભોળા માનસમાં આવા પાપ વિચારોનું વિષપાન કરાવી તે વિદ્યાર્થી વર્ગના ભાવિને ભયંકર અહિતના માર્ગે દોરી રહ્યા છે. એમ મારે ખેદપૂર્વક જણાવવું પડે છે.

તદુપરાંત પ્રભુપુજા, પ્રતિક્રમણ કે સામાયિક જેવી આત્માના આંતર મલને નિર્મળ કરનારી પવિત્ર ક્રિયાઓની સ્હામે પણ આજના એ કેળવણી પામેલા જૈન વિદ્યાર્થીઓ અડપલાં કરવાનું પણ ચૂકતા નથી.

આપણે જાણી લેવું જોઇએ છે કે, મહાત્મા ગાંધીજી કે મૌલાના આઝાદ જેવા પ્રખર રાષ્ટ્રવાદી પુરૂષો કે જેઓ દરરોજ સામાજિક કે રાજકીય પ્રવૃત્તિઓમાં સતત રાચ્યા–માચ્યા હોવા છતાં સ્હવાર–સાંજની પ્રભુ પ્રાર્થનાને તેઓ એક દિવસ પણ ચૂકતા નથી. જ્યારે આપણા આ જૈન વિદ્યાર્થીઓ પોતાની જાતને રાષ્ટ્રવાદી તરીકે કે ગાંધીજીના અનુયાયી ગણાવવામાં ગૌરવ લઈ રહ્યા છે. તેઓ નહિ જેવા બ્હાને પૂજા, પ્રતિક્રમણ અને એના જેવી બીજી ધાર્મિક તેમજ પવિત્ર ક્રિયાઓ કે જે જૈન સંસ્થાઓમાં ફરજીયાત નક્કી થએલી હોય છે, તેને પણ ઇરાદાપૂર્વક મૂકી દઈ એના વિરૂદ્ધનું વાતાવરણ સર્જી રહ્યા હોય છે.

આ બધું જે જે શિક્ષણ સંસ્થાઓમાં બની રહ્યું છે તે તે સંસ્થાઓના સંચાલકોએ, આથી સવેળા જાગૃત બની જૈનધર્મ જેવા પવિત્ર ધર્મની વફાદરી જૈન વિદ્યાર્થીઓનાં જીવનમાં જળવાઈ રહે તે માટે સતત પ્રયત્નશીલ બનવું, એ આજના જાગૃતિના યુગમાં જરૂરી છે, અને તે માટે ધર્મની ખાતર સઘળું સમર્પણ કરવાની ધગશ આપણા સમાજના વિદ્યાર્થી વર્ગમાં બાલ્યકાળથી આ શિક્ષણ દ્વારા કેળવવાની જરૂર છે.

જો પવિત્ર અને નિર્દોષ એવી ધાર્મિક કેળવણી કે તેના સંસ્કારોનો પ્રચાર કરવાના મહાન કાર્યને જૈન શિક્ષણ સંસ્થામાં તેના સંચાલકોએ એ વિસારે પાડી દીધું તો પરિણામે જૈનસમાજની ભાવિ પ્રજા સાચી કેળવણી વિના પોતાની વાસ્તવિક પ્રગતિ નહિ સાધી શકે, પછી તે બાળપ્રજા શું રાષ્ટ્ર કે શું સમાજ કોઈની પણ સાચી વફાદારી ભાવિમાં કેળવી શકવાની નથી.

કારણકે, સહુ પ્રથમ ધર્મસેવા, બાદ રાષ્ટ્ર, સમાજ કે કુટુંબ વગેરેની સાચી સેવા જાગૃત થઇ શકે છે. ધર્મવૃત્તિ વિનાની, અધાર્મિક વૃત્તિની કે ધર્મ વિરોધી વૃત્તિની કોઈ પણ પ્રજા કે વર્ગ તરફથી સાચી અને નિઃસ્વાર્થ દેશસેવા સાધી શકાશે નહિ, આ હકીકત ત્રણેય કાલમાં સાચી છે. અસ્તુ. આવિષયને હું ટુંકવી દઉં છું અંગતરીતે આ તકે હું ખુલાસો કરી દઉં છું કે, સમાજમાં શિક્ષણ કે કેળવણીનો પ્રચાર કરનારી આવી શિક્ષણ સંસ્થાઓની હું સ્હેજ પણ વિરૂદ્ધમાં નથી. ઉલટું હું તો આ બધી શિક્ષણ સંસ્થાઓનો પ્રશંસક છું પણ જ્યાં જેટલે અંશે અનિષ્ટ ઉમેરાતું હોય ત્યાં તેનો મક્કમ પણે સામનો કરી સમાજને જાગતો રાખવો આજ એક ઉદ્દેશથી આ લેખ મેં સમાજને ચરણે ધર્યો છે.

ઉપરોક્ત લેખમાં મેં જે જણાવ્યું છે તે જે જે શિક્ષણ સંસ્થાઓમાં મ્હોટે ભાગે આ બધું ચાલી રહ્યું છે તે તે સંસ્થાઓના સંચાલકોને જાગૃત કરવાનાજ એક શુભ ઉદ્દેશથી; આ સિવાય અન્ય કોઇ ઉદ્દેશ મારા આ લખાણ પાછળ છે નહિ આથી સમાજની દરેક શિક્ષણ સંસ્થાઓ આવી છે, અથવા આ લખાણ બધીજ શિક્ષણ સંસ્થાઓને એક સરખી રીતે લાગુ પડે છે એમ રખે કોઇ માની લે ! તદુપરાંત શિક્ષણના ધામરૂપ ગણાતી આ સંસ્થાઓમાં ચાલી રહેલી બીજી પણ કેટલીક ગેરરીતો મટે જરૂર હજુ પણ મારે કેટલું કહેવા જેવું છે, તે વળી કોઇક અવસરે.

## જીવનનું સાફલ્યટાણું —— -શોધક.

જીવન-જીંદગી અરે માનવ ભવ અને તે પણ અકસ્માત રીતે દુર્લભપણે પામવા છતાં તેની સફળતા ન સમજીએ એના જેટલી નઠોરતા કઇ?

સારૂં અને નરસું એ બેનું તારતમ્ય કાઢવાની શક્તિ મનુષ્યમાં છે. હોવી જ જોઇએ. એમાંથી સારૂં પકડી નરસાનો ત્યાગ કરવો, પુણ્ય પકડી પાપને પીંખી નાંખવું એજ જીવનનું સાફલ્યપણું.

સારૂં એટલે કે સારૂં કાર્ય હંમેશા જીવનને સતેજ બનાવે છે, જીંદગી દીપાવે છે. જ્યારે નઠારૂં-નરસું કાર્ય જીંદગીનો નાશ, સર્વ નાશ આણે છે. તેવીજ રીતિયે પુણ્ય અને પાપ!

પુણ્ય અને પાપ એ બે તો જીવનની બળવાન ભૂજાઓ કહેવાય. પરંતુ આ બે ભૂજાઓ બીજી બધી ભૂજાઓ કરતાં વિચિત્ર છે. બીજી ભૂજાઓ હળી-મળીને રહે. જ્યારે આ બેમાં તો ભારે દુશ્મનાવટ. ઉત્તર-દક્ષિણ જેટલું અંતર છે. સજ્જન અને દુર્જન જેટલો તફાવત છે. પુણ્ય અને પાપ બંને આચરાય છે. પરંતુ ફળાદિશ જોતાં એક સહાયક જ્યારે બીજું વિનાશક છે. એ જાણવું અવશ્ય છે કે, પાપ ન કરનારો પુણ્ય કરે છે એવું કંઇ નહિ, કદાચ ન પણ કરે. પરંતુ પુણ્ય ન કરનારો તો પાપ અવશ્ય કરે છે. ચોક્કસ રીતિએ કરી રહેલો છે. એમાં લેશ માત્ર શંકા નથી.

આધ્યાત્મિક દ્રષ્ટિનો વિચાર કરી લીધા પછી હવે વ્યવહારીક દ્રષ્ટિએ વિચારીએ તો સારૂં અને નરસું જગતમાં જીવ્યા ત્યાં સુધી આપણા સારા અને નરસા કાર્યનો હિસાબ રહેવાનો. આ જીવન એક નાટક સમાન માની લઇએ તો શા માટે આપણું પાત્ર સારી રીતે ના ભજવીએ. નફો કોને નથી ગમતો? તો પછી સામાનું શા માટે નુકશાન ઇચ્છવું? સામા પક્ષને નાદાર ઠેરવીને આપણી લેણી રકમ મેળવી શકવાના નથી. નાદાર થશે એટલુંજ. રકમ તો જવાની જ. તેવીજ રીતે અન્યનું ખરાબ કરી, આપણું સારૂં થશે એવું માનવુ ખોટું છે. આવું શિક્ષણ તો કોઇ નહિ આપે.

ગુણની દ્રષ્ટિએ જોતાં સેવાનો ભોગ એ પણ સાફલ્યપણાનું અંગ કહેવાય. આ બંને ગુણો તો શરીરની નસેનસમાં રૂધીરની સાથે વ્હેવા જોઇએ. અવસરે સેવા કરી બીજાને સહાયરૂપ બની તન, મન, અને ધનનો ભોગ આપી જીવનને સફળ બનાવવું; પરંતુ યશ ખાતર, યા તો લોકોમાં વાહ વાહ કહેવડાવવા ખાતર સેવાનો દંભ દેખાડવો એ સેવા નહિ પરંતુ દુર્ગતિના દેવાદાર બનાવે છે.

ઉપલા બે ગુણ જોઈ ગયા તેની સાથે સારૂં કાર્ય કરવાનું કદિ નહિ ચૂકવું એ પણ જીવનનું ધ્યેય હોવું જોઇએ. સુ-કાર્યની તક કદાપિ ગુમાવવી નહિ જોઇએ. એ ધ્યેયને અંતિમ શ્વાસોશ્વાસ સુધી વળગી રહેવું એજ સાફલ્યટાણું. એના સમર્થનમાં સાધુપણાનો આછો ખ્યાલ જરૂરી છે. સંયમગ્રહી મુનિરાજ આત્મિક સાફલ્યટાણું જરૂર મેળવી શક્યા. પરંતુ પરોપકારી આચરણાથી આ જીવનનું સાફલ્યટાણું પણ મેળવે છે. મુક્તિના માર્ગને સરળ બનાવે છે, સોનામાં સુગંધ ભેળવે છે.

સંયમી સાધુ મનુષ્યપણામાં છે અને સંસારી પણ મનુષ્યપણામાં છે, તો પછી એ દેવાધિદેવ, તરણ-તારણ શ્રી તીર્થંકરદેવના સાક્ષાત્ પ્રતિનિધિના સમાગમમાં આવી જીવનનું સાફલ્યટાણું સમજવું જરૂર ઉચિત ગણાય.

આ કારમી અને કંગાલ દુનિયા છોડી સંયમ ગ્રહણ કરી એજ એમના સમાગમનું સૂચન એજ એમના મુક્તિ માર્ગનું માર્ગદર્શન; અરે એજ જીવનના સાફલ્યટાણાનો એમનો સદ્બોધ.

# મારૂં ટાંચણ

**શ્રી નવનિતરાય વીરચંદ શાહ**

૧ મારૂં મારૂં કરી શામાટે મૂંઝાઓ છો, મારૂં મારૂં એતો માયામાં મુંઝાવાનું, મોહમાં ફસાવાનું, લોભમાં લલચાવાનું અને ક્રોધના શિષ્ય બનવાનું એક અજોડ સાધન છે.

૨ પુષ્પથી લચી રહેલો બગીચો હવા ખાવા માટે છે, નિવાસસ્થાન માટે નહિ તેમ આ સંસાર સુકૃત્યો કરવા માટે છે પણ દુષ્કૃત્યો માટે નહિ.

૩ ક્ષમા, દયા, નમ્રતા આદિ સદ્‌ગુણો કોઈના આપેલા આવતા નથી પણ તેતો કુદરતી બક્ષીસ છે.

૪ પારકી પંચાતમાં બળી જનાર હે માનવી! તારા ઘરનું સંભાળી ખુશી થા!

૫ વિષય–વિકારો ઉત્પન્ન કરવાનું અજોડ સાધન નાટક અને સીનેમા છે.

૬ હૃદયમાં સ્થાન એવી વસ્તુને આપો કે, જેથી તમારૂં ચારિત્ર કલંકીત ન બને!

૭ કાળા બઝાર કરી કમાયેલા મુડીવાદીઓને માન આપવા કરતાં ગરીબ છતાં નીતિવાનને માન આપો.

૮ ઉપાધિમય રાજભુવનમાં વાસ કરવા કરતાં સંતોષી ઝુંપડીમાં રહેવું વધારે આનંદીક છે.

૯ શુદ્ધ જળ ખોળીયું સાફ કરવા માટે છે, જ્યારે અભયદાન હૃદય સાફ કરવા માટે છે.

૧૦ પૈસાનો નાશ, શોખ અને શરીરનો નાશ, મોજ.

૧૧ જેમ દ્રવ્યથી મન ધરાતું નથી, લોભથી મન ભરાતું નથી, ક્રોધથી મન શાંત પામતું નથી તેમ તૃષ્ણાથી મન ઉદાર બનતું નથી.

૧૨ વાચકોએ વાંચન સાથે ટાંચણ કરવું જરૂરી છે.


## જીંદગીના વિમા માટે એક આદર્શ યોજના.

સામાન્ય પ્રીમીયમથી કુટુંબના રક્ષણનો પ્રબંધ કરવા માટે ગ્રેશમની "કુટુંબ રક્ષણ પોલીસી" અજોડ છે. વિમા ધણીને અગર તેના કુટુંબીજનોને વિમાની પુરી રકમ માટેની બાંહેધરી આપવા ઉપરાંત, વિમા ધણીનું મુદત દરમીયાન અવસાન થાય તો, તેના કુટુંબીજનોને બાકીની મુદત માટે દર વર્ષે વિમાની રકમના ૧૦ ટકા વર્ષાસન અપાય છે.

# ગ્રેશમ

## જીંદગીના વીમા ઉતારનારી સોસાયટી લી.

### સ્થપાઇ સને ૧૮૪૮ માં

હિંદ, બર્મા અને સીલોન માટેની
વડી ઓફીસ—
ગ્રેશમ ઇન્સ્યુરન્સ હાઉસ,
સરફીરોજશાહ મહેતા રોડ મુંબઇ.

નરહરિ એમ. ઓઝા
ઓરગેનાઇઝર
પાલીતાણા.
[કાઠીઆવાડ]

ડી. એસ. સુરતી
ડીસ્ટ્રીક્ટ મેનેજર
પો. ઓ. નં. ૬૦
ભદ્ર, અમદાવાદ.

# જ્યારે વસ્તુપાલ મંત્રીશ્વરને અનુપમાદેવીએ જણાવ્યું કે, 'આ બધું જમીનમાં કાં દાટો છો ?'

પૂ૦ મુનિરાજશ્રીકનકવિજયજી મહારાજ.

છેલ્લું યુદ્ધ પુરૂં થયું, પણ એનાં દારૂણ પરિણામમાંથી સમસ્ત સંસાર હજુ ચોમેરથી ઘેરાઇ રહ્યો છે. '**एकेन बुडति**' એ ન્યાયે આજે કેવળ પરિગ્રહ, ધનમૂર્ચ્છા અને સત્તા તથા સામ્રાજ્યની ભૂખથી જગત વધુને વધુ ડૂબતું જાય છે. પેટ ભરવાની ચિંતા કરતાં પટારા ભરવાની દોડા–દોડ વધી પડી છે. આપવાની વાત સાંભળવી ગમતી નથી. જ્યારે લેવું, ભેગું કરવું સૌને રૂચે છે. એટલે મેળવવું અને સાચવવું, આ બન્ને પ્રકારની આસુરી વૃત્તિઓએ સંસારની શાન્તિને સળગાવી મૂકી છે. આવા પરિગ્રહની નાગચૂડમાં ફસાયેલા સાધનસંપન્નોને આ પ્રસંગ, શ્રી અનુપમાદેવીએ વસ્તુપાલ અને તેજપાલની બાંધવજોડલીને ઉદ્દેશીને કહેલું ઉપરનું બોધકવાક્ય ખાસ યાદ કરાવવા જેવું છે.

વસ્તુપાલ જ્યારે મહાગૂજરાતના મંત્રીશ્વર ન હતા તે સમયની આ વાત છે. તીર્થયાત્રાનું મહાત્મ્ય ગુરૂમહારાજના મુખેથી સાંભળી, બન્ને ભાઇઓ કુટુંબ પરિવારની સાથે શ્રી સિદ્ધગિરિજીની યાત્રાર્થે ધામધૂમપૂર્વક નીકળ્યા. ધોળકાથી નીકળી હડાળા ગામની પાદરે તેઓ આવ્યા ત્યારે તેઓને સમાચાર મળ્યા કે, 'આ બાજુના પ્રદેશોમાં લૂંટફાટનો વધુ ઉપદ્રવ છે. ભીલ્લ લોકો ધનવાન વટેમાર્ગુઓને લૂંટી લે છે'.

વસ્તુપાલની પાસે તે વેળા લાખ્ખોનું જોખમ હતું. 'આ અજાણ્યા માર્ગે અચાનક લુંટ પડે તો બધું દ્રવ્ય લુંટાઈ જશે'. આ શંકાથી, મંત્રીશ્વર વસ્તુપાલે પોતાના ન્હાના ભાઇ તેજપાલને બોલાવી, તેની સાથે આ લાખ્ખોની મીલ્કતનું શું કરવું ? તેની મંત્રણા કરી. અંતે બન્ને ભાઈઓએ નિશ્ચય કર્યો કે, આજુબાજુ કોઈ સુરક્ષિત સ્થાને જમીનની અંદર આ ધનને દાટી દેવું, જેથી આવતી વેળાયે તે સ્થાનેથી આ બધું કાઢી લેવાય અને ગુપ્ત રીતે દાટવાથી કોઇને આની ખબર પણ ન પડે'. આજની સેફ ડીપોઝીટની જેમ, તે કાલે આમ દાટવાની પ્રથા હતી.

આકાશમાં અંધકાર છવાઈ ગયું હતું. વાતાવરણ તદ્દન શાંત હતું. તે સમય મધ્ય રાત્રિનો હતો. તે વેળાયે વસ્તુપાલ મંત્રી, પોતાના ખાસ અંગત માણસોની સાથે હડાળા ગામની ઉત્તર બાજૂ તળાવની પાછળ આવ્યા. ત્યાં ગાઢ ઝાડીમાં જમીન ખોદાવવાનું શરૂ કર્યું. અર્ધું માથોડું જમીન ખોદાતાં જ ખોદનારાઓની કુહાડી કોઇ ધાતુના પાત્રની સાથે અથડાઈ. મંત્રીશ્વરે ધારીને જોયું તો ત્યાં તે જગ્યાએ સોનામહોરોનો ચરૂ અંધારી રાતના અંધકારમાં ઝળહળી રહ્યો હતો. ધન દાટવા આવેલ વસ્તુપાલ, આ બધું જોઇ અત્યારે નવી મૂંઝવણમાં મૂકાઈ ગયા.

'હવે આ બધી માલ–મીલ્કતનું કરવું શું ? લુંટારાઓના ત્રાસથી બચવા આ બધાં દ્રવ્યને કયાં મૂકવું ?' આ પ્રશ્ન વસ્તુપાલની ચાણાક્ય બુદ્ધિને અત્યારે હચમચાવી રહ્યો હતો. પણ હજુ અનુપમાદેવીની સલાહ લેવાની બાકી હતી. અનુપમાદેવી એ સાચે દેવી જ હતાં. દરેકે દરેક પ્રસંગે પવિત્રહૃદયા ધર્મશીલ અનુપમાદેવી, આ બન્ને બાંધવ જોડલીને યોગ્ય સલાહ-સૂચનો દ્વારા ઉત્તમ માર્ગદર્શન આપતાં.

પોતાના નાના ભાઈ તેજપાલની સ્ત્રી અનુપમાને વારંવાર પૂછીનેજ વસ્તુપાલ મંત્રી, પોતાનો

કારભાર ચલાવતા. આ બન્ને બંધુરત્નોની જીવનનાવને અકસ્માત ખડકે ચઢતી અટકાવી દઇ દીવાદાંડી રૂપ બનવાનું અજોડ સામર્થ્ય મહાસતી અનુપમાદેવીમાં હતું.

વસ્તુપાલે બની ગયેલી હકીકત જણાવી, અનુપમાને પૂછ્યું, ' આ માલ–મીલકતને ક્યાં રાખી મૂકવી ? ' જૈનશાસનના મર્મની જ્ઞાતા અનુપમા, વિનયગર્ભિત વાણીમાં વડીલની મર્યાદા સાચવીને બોલ્યા, ' આ બધાં ધનને જમીનમાં શા માટે દાટો છો ? જેને નીચે જવું છે તે કૃપણો ભલે પોતાના નિધાનને જમીનમાં દાટે, પણ ઉંચે–ઉર્ધ્વલોકમાં જવાની અભિલાષાવાળા ધર્માત્માઓ આ પ્રકારની લક્ષ્મીને ઉંચા સ્થાનોમાં વાપરવાને ઇચ્છે, તીર્થસ્થાનોમાં વપરાતું દ્રવ્ય જોનાર સહુ જોઇ શકે અને લુંટારૂ કે ચોર–ડાકુ પણ તેને લુંટી શકે નહિ'.

બન્ને ભાઇઓ આ સાંભળી રહ્યા. અનુપમા દેવીની અવસરોચિત અને વિવેકપૂર્વકની આ વાણીએ તે બન્ને ભાઈઓના અંતરાત્મામાં કોઈ જાદુઈ અસર પાડી. આ બધું દ્રવ્ય, તીર્થસ્થાનોમાં ખરચી નાખવું એ સંકલ્પ, ત્યાં તે વેળાયે વસ્તુપાલે કરી લીધો.

ત્યારબાદ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાયેથી પાછા આવીને, અર્બુદગિરિ–આબુજી પર મંત્રીશ્વરે જૈનમંદિરો બંધાવી, પોતાની ક્રોડોની મીલકતનો એ રીતે તેમણે સદ્વ્યય કર્યો. અનુપમાદેવીનાં એક જ વચનથી વસ્તુપાલ મંત્રીએ આ રીતે પોતાની કમાણીને સફલ કરી, જીવનને ધન્ય બનાવ્યું.

આજે પણ આબુગિરિરાજના ઉન્નત શિખરપર બિરાજી રહેલા એ ગગનચુંબી ભવ્ય જિનમંદિરો; ત્યાંની સુવિખ્યાત શિલ્પકલા તથા કોરણી; આ સઘળું; મહાગૂજરાતના મંત્રીશ્વર શ્રી વસ્તુપાલની ઉદારતા અને સતીરત્ન શ્રી અનુપમાદેવીની ધર્મકુશલતાનો ગૌરવભર્યો ઇતિહાસ આપણને કહી જાય છે. ધન્ય એ ધર્મપરાયણતાને !

જૈન સમાજમાં ઘેર ઘેર આજે વર્તમાનકાળે આવી અનુપમાદેવી જેવી સ્ત્રીઓ–સુશ્રાવિકાઓની જરૂર છે; કે, જે શ્રાવિકાઓ, મેળવવાની તેમજ સાચવવાની પૂંઠે જીંદગીની અમૂલ્ય ક્ષણોને વેડફી દેતા પોતાના શ્રીમન્ત પતિદેવોને એમ સ્હમજાવી શકે કે, ' આ બધું મેળવી, ભેગું કરી, બેંકો, તીજોરીઓ અને સરકારના કરવેરામાં હોમી દ્યો છો ! પણ એ કરતાં પૂર્વ પુણ્યોદયથી પ્રાપ્ત આ સામગ્રીઓનો સાતક્ષેત્રોમાં પોતાના હાથે સદુપયોગ કરી, જીવનને અજવાળી પરલોકની સદ્ગતિનો માર્ગ સ્વીકારી લ્યો ! નહિતર; રોતે મોઢે, બોર–બોર જેવડા આંસુ પાડી, આ સઘળું ત્યજીને એક દિવસે ચાલ્યા જવું પડશે, તે વેળા અશરણ આત્માને આ બધી સંપત્તિઓ શરણરૂપ નહિ બની શકે, કારણ કે, તે સમયે આત્માને સમાધિ પામવા માટે ઘણું મોડું થઈ ગયું હશે ! '

આજના એ શ્રીમન્તોને કે જેઓ લક્ષ્મી મેળવ્યા પછી તેને સાચવવાની મથામણમાં મૂંઝાઇ રહ્યા છે. એ ધનવાનોને; તેમનાં ઘરમાં રહેલી અનુપમાદેવીના વારસારૂપ તે સ્રીઓએ કહી દેવું ઘટે કે, ' યાદ રાખજો ! નહિ મળેલાની ભૂખ અને મળેલાના અસંતોષમાં તમારો આ બધો સંસાર સળગી ઉઠયો છે, મેળવવાની અને લેવાની વાતમાં, આપવાની વાત ભૂલી ગયા છો ! એ તમારી શ્રીમન્તાઇનું કલંક છે. જે આપી જાણે છે તે જ માનવ આત્મા સંસારની સમસ્ત સંપત્તિઓનું ભૂષણ છે. ભેગું કરનાર કૃપણોનાં નામ ઇતિહાસના પાને કદિ

લખાયાં નથી. જ્યારે આપી જનાર, સાત ક્ષેત્રોમાં પોતાની લક્ષ્મીનો સદ્દ્વ્યય કરનાર ધનવાનો સાચા શબ્દોમાં 'શ્રેષ્ઠ-શેઠ' તરીકે પ્રસિદ્ધ થયા છે, જ્યારે બીજાઓ શેઠ નહિ પણ શઠ તરીકે ઓળખાયા છે'.

અનુપમાદેવી જેવી મહાદેવીઓ, જ્યારે આજના શ્રીમન્ત કુટુંબોમાં ઘેર ઘેર આ જાતનું વાતાવરણ વ્હેતું કરશે ત્યારે સાચે પૃથ્વીપર આજે ને અત્યારે સ્વર્ગ ઉતરી આવશે, અને તે સમયે આજે દેખાતી મૃત્યુલોક જેવી કારમી સંવેદનાઓ; લગભગ લુપ્તપ્રાયઃ બની મૃત્યુશાયી બની હશે !

## ઠામ ખરૂં આ ઠરવાનું !

**શ્રી વલ્લભજી રતનશી હીરાણી.**

ઝેર ગયાંને વેર ગયાં વળી કાળા કેર ગયા-એ રાગ

બળતા જળતા આ સંસારે. જ્યાં જાઓ ત્યાં જળવાનું
વૈદ્ય વકીલ આશ્વાસન આપે, પણ તે ધનડું હરવાનું.
ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ? કામ હવે શું કરવાનું
તે વિગતો તો અહીં વંચાયે, ઠામ ખરૂં આ ઠરવાનું ૧
અણમોલું આ મળીયું ટાણું, કહો ફરી ક્યાં મળવાનું
માતપિતા સુત દારા બંધવ, સ્વારથમાં સહુ ભળવાનું
કરમે કેવા નાચ નચાવ્યા, કોણ કહો એ કળવાનું.
તે વિગતો આ વીરલા વાંચે, ઠામ ખરૂં આ ઠરવાનું ૨
ગયો જમાનો જુનો ભૂલી, કામ વધ્યું બહુ ભણવાનું
ભણનારાને મહેલો જોઇએ, શરૂ થયું છે ચણવાનું
તૃષ્ણા પાખંડમાં જગ ડુબ્યું, કોણ કરમને ગણવાનું
તે વિગતો તો અહીં વંચાયે, ઠામ ખરૂં આ ઠરવાનું ૩
ધંધાની મહેનત થઈ વસમી, સટ્ટામાં ચિત્ત ચળવાનું
કોટી ઉપાય કરો કદી તો પણ, ભાગ્ય વિના નહી રળવાનું
ધર્મી જીવને ભારે ચિંતા, પાપ થકી ઉગરવાનું
તે વિગતો આ વીરલા વાંચે, ઠામ ખરૂં આ ઠરવાનું ૪
વ્યસનોને નોવેલો વધીયાં, ખરા જૈનોએ તજવાનું
નાટક ચેટક ને સિનેમા, ધન ને શક્તિ હરવાનું
આળસ છોડી નિયમ કરો સહુ, ધ્યાન પ્રભુનું ધરવાનું
તે વિગતો તો અહીં વંચાયે, ઠામ ખરૂં આ ઠરવાનું ૫

તૈયાર થાય છે * તૈયાર થાય છે

## શ્રીનિત્યસ્વાધ્યાય પ્રકરણસંગ્રહ

જેમાં નવસ્મરણો, ચાર પ્રકરણો, ત્રણ ભાષ્ય છ કર્મગ્રંથ, મોટી સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાનાં સૂત્રો, ઋષીમંડલ સ્તોત્ર, ચઉશરણ, આઉર પચ્ચકખાણ, ઇન્દ્રિય પરાજય, વૈરાગ્ય શતક, સિન્દુર પ્રકર, ગૌતમ સ્વામીનો રાસ વગેરેનો સંગ્રહ છે.

પાકું બાઇન્ડીંગ, સુંદર કાગળ, સ્વચ્છ છાપકામ, મૂલ્ય ૩-૮-૦

૧ મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ડોશીવાડાનીપોળ સામે અમદાવાદ
૨ સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ
જૈન બુકસેલર—પાલીતાણા.

મુંબઇવાસી ભાઇઓને—

## ખુશ ખબર

**શ્રી જ્ઞાન ભંડાર જૈન લાઇબ્રેરી**

**૧૪, ધનજી સ્ટ્રીટ રીફાયનરી બીલ્ડીંગ ચોથે માળે, મુંબઇ ૩.**

અમારા તરફથી સર્વે ભાઇઓને ધર્મના તથા સામાજિક પુસ્તકો વાંચવાનો લાભ મળે તે માટે **શ્રી જ્ઞાન ભંડાર જૈન લાઇબ્રેરી** ખોલવામાં આવી છે. સર્વે ભાઇ-બહેનોને લાભ લેવા વિનંતિ છે.

ડીપોઝીટ રૂા. ત્રણ; માસીક ફી બે આના
ટાઇમ સવારના ૮ થી ૯-૩૦ સાંજના ૭ થી ૮-૩૦

લિ. સેક્રેટરી

# છૂપું માનવ હૃદય:

**શ્રી શરદીન્દુ બન્દ્યોપાધ્યાય**

કોમી તોફાનો કે એવા હુલ્લડો દરમ્યાન મ્હોટે ભાગે ગુંડાઓ પોતાની આસુરી વૃત્તિથી ઉશ્કેરાઇ ઉંધે માર્ગે દોરવાઈ જાય છે, આવા ગુંડા ગણાતા વર્ગમાં પણ માનવતાનો છૂપો અંશ રહ્યો હોય છે. જો કુશલતાપૂર્વક આ જાતની સાથે કામ લેવામાં આવે તો તે કઇ રીતે માર્ગે વળી શકે છે તે હકીકત આ ટૂંકી વાર્તામાં લેખક આપણી સમક્ષ રજુ કરે છે. જે પાપીઓનો પણ ઉદ્ધાર છે, એમ આપણા મહા-પુરૂષો ઉપદેશે છે તેનો સાક્ષાત્કાર આમાં થાય છે. સં૦

વાળુ પતાવી ત્રણે મિત્રો દીવાનખાનામાં આડા પડ્યા-પડ્યા વાતો કરતા હતા. ત્રણેય ઉંમરે ચાળીસ લગભગના હતા. વિનોદ, દાક્તર હતો. છેલ્લા એક દાયકાથી એ દાક્તરી કરે છે ને સારી પેઠે જામી પણ ગયો છે. અતુલ ને શરત વકીલ છે. અતુલ અલિપુરમાં અને શરત કલકત્તા હાઇકોર્ટમાં પ્રેકટીસ કરે છે. એમણે પણ પોતાના ધંધામાં નામના મેળવી છે. આજે પત્નીને કંઈક વ્રત હોઇને એ પ્રસંગે શરતે બંને મિત્રોને આમંત્રણ આપ્યું છે.

વિવિધ વાતોમાંથી સહુ પોતપોતાના વ્યવસાય-જીવનના અનુભવોની વાતે ચડી ગયા. તકિયા પર કોણી ટેકવી, આંખો મીંચી અતુલ, હોકાની નળીમાંથી સુગંધિત ધુમાડાનો એક લાંબો દમ ખેંચતાં બોલ્યો, 'જેમ જેમ આ ધંધામાં ઊંડો ઉતરતો જાઉં છું તેમ તેમ લાગે છે કે, દુનિયામાંથી દયા, માયા, ધર્મ બધું જ જાણે પરવારી ગયું છે. માત્ર સ્વાર્થ કુટિલતા, બીજાનું હોઇયાં કરી જવાની વૃત્તિ જ બધે દેખાય છે. વધુ સમય આ ધંધામાં રહે કદાચ ન્યાયઅન્યાયનો ભેદ મનમાંથી ભુંસાઇ જશે એમ લાગે છે. માત્ર કઇ રીતે મુકદ્દમો જીતવો એ એક જ વાત સહુથી મોટી લાગે છે.'

કંઇક વિચારતાં-વિચારતાં શરતે કહ્યું, 'એ ખરૂં છે. અદાલતમાં માનવ-પ્રકૃતિની કાળી બાજુ જ વધુ દેખાય છે. એ સારી હોઈ શકે તે તેની ઊજળી બાજુ જાણ્યા વિના બરાબર લાગતું નથી. ઠગ શોધવા જતાં જાણે ગામ આખું ઉજ્જડ થઇ જશે એમ લાગે છે.'

અતુલે કહ્યું, 'ફક્ત એવું લાગે છે એમ નહિ, એ જ ખરૂં છે. તમે શું માનો છો એ નથી જાણતો, પણ હું તો માનું જ છું કે, કૃતજ્ઞતા નામના જે સદ્દગુણને કાવ્ય અને નવલકથામાં ગાવામાં આવે છે, એ દુનિયામાંથી તદ્દન નાબૂદ થઇ ગયો છે.

વિનોદ હસતો હસતો બોલ્યો, 'તમે બધા નાહક 'સિનિક' થઇ ગયા છો. માનવીપરનો વિશ્વાસ ગુમાવવો યોગ્ય નથી, એમાં આપણું જ નુકશાન છે.'

હું, દુનિયામાં ભાતભાતનાં માણસ છે. કેટલાક લાયક હોવા છતાં નાલાયક જ્યારે ખાનદાની વિનાના પણ કેટલાક માનવોમાં માનવતા જીવતી હોય છે. મારા અનુભવની એ વાત છે. ઘણો વખત થઇ ગયો છે એ વાતને. ત્યારે મારા દવાખાનાની શરૂઆતજ હતી.

મછૂવા બજાર અને બાદુડબગાનને નાકે મેં નાનું દવાખાનું ખોલ્યું હતું. રહેવાનું દવાખાના ઉપર જ રાખેલું. ત્યારે હું પરણ્યો ન હતો.

દવાખાનું સારૂં ચાલતું હતું. એવે સમયે એક દિવસ મારવાડીઓ સાથે મુસલમાનોને કંઈ ઝગડો થયો. વાત નહિ, ચિત નહિ ને હિન્દુ મુસલમાનોએ એક દિ સવારે ઊઠીને એકબીજા પર આક્રમણ શરૂ કરી દીધું. લાઠી, છરા વગેરેનો ઉપયોગ છૂટથી થવા લાગ્યો.

એ ભયંકરતાનું સવિસ્તર વર્ણન કરવાની કંઇ જરૂર નથી. તમે પણ એ વખતે કલકત્તામાં જ હતા, એટલે થોડુંઘણું જોયું-જાણ્યું હશે જ. મારા દવાખાનાની સામે જ ત્રણ ખૂન થઇ ગયાં. આંખોઆંખ જોયું, છતાં કંઇ કરી ન શકયો. આખો લત્તો જ મુસલમાનોનો. હું હિંદુ. એવી સ્થિતિમાં મારા હિંદુત્વનું પ્રદર્શન ન કરવામાં જ સલામતી હતી.

છતાં મેં દવાખાનું ખુલ્લું રાખી મુસલમાન તેમજ હિંદુઓને વિનામૂલ્યે પાટાપીંડી કરવાનું ને દવાદારૂ આપવાનું સાહસ કરેલું. એમ ન કરત તો મારી જાતને જ હું મોં દેખાડવા લાયક ન રહેત.

એ લત્તામાં નૂરમિંયા નામનો એક ગુંડો હતો. પોલીસથી માંડીને શેરીનાં કૂતરાંબિલાડાં પણ એને

ઓળખતાં એમ કહી શકાય. ગજબનો ભયંકર ગુંડો હતો એ કદાચ કલકત્તામાં એની જોડી ન જડે. ખુલ્લે આમ કોકેનનો વેપાર કરતો, છતાં કોઇની તાકાત ન હતી કે જઇને નૂરમિંયાને પકડાવી દે.

હુલ્લડ વખતે એ મારા દવાખાનાની પાસેની જ એક ગલીમાં છુપાઇને બેસતો. રસ્તો વેરાન જોઇ, કોઇ એકલદોકલ હિંદુ ત્યાંથી પસાર થતો દેખાતાં એ હાથેક લાંબો છરો લઈ, બિલ્લી પગે એની પાછળ પહોંચી વાંસામાં કે પેટમાં તે પરોવી દેતો. છરો માર્યા ભેગો જ એ અદશ્ય બની જતો ! એ પછી થોડીવાર ચીસાચીસ, હો હા, પોલીસની સીટી, એમ્બ્યુલન્સ આવવાનો અવાજ, અને જખમાએલ વ્યક્તિ સ્થાનાન્તર થતાં ફરી બધું ચૂપચાપ-સુમસામ.

એ રીતે કેટલાંક અણધાર્યાં ખૂન થયા પછી એ માર્ગે લોકોની આવ-જા એકદમ બંધ થઇ ગઇ. નૂરમિંયા એની ગલીમાં ઉભડક પગે બેઠો છે, પણ કોઈ શિકાર નજરે ચડતો નથી જ્યારે આવે છે ત્યારે લાઠી-તલવારથી સજ્જ ટોળાબંધ શિકારી રૂપે જ આવે છે. એ સમયે નૂરમિંયા અને એના સહધર્મીઓ પોતપોતાના સ્થાને લપાઇ જતા ને ટોળું ચાલ્યા ગયા બાદ પાછા બહાર દેખાતા.

એ રીતે બે દિવસ ગયા. હુલ્લડ ચાલતું જ હતું. દૂરથી એની હોહા ને પડકારા સંભળાતા હતા. છતાં અમારો લત્તો એકદમ શાન્ત હતો. નૂરમિંયાના હાથને કંઈ જ કામ નહોતું. હું પણ એ દિવસ સાંજ આખી ઘરમાં બારીએ બેસી મૂંગોમૂંગો મારગ તરફ જોઈ રહ્યો હતો. એવામાં ફુટપાથ ઉપર ખટ-ખટ ખટાક સાંભળતાં ડોકિયું કરી જોયું તો ભારે ચાખડી પગમાં પહેરેલો એક ઉત્તર હિંદુસ્તાની ભૈયો ધમધમ કરતો ચાલ્યો આવે છે. એણે શરીરે અંગુછા જેવું કપડું વીંટયું હતું, ને વિશાળ કપાળમાં મોટું ત્રિપુંડ તાણ્યું હતું. માથે વાવટાની જેમ મોટી ચોટલી ફરકતી હતી. એને જોતાં જ મને ફાળ પડી કે, અરે રે ! હમણાં જ પેલો નૂરમિંયા દોઢ ફૂટનો છરો લઇને આવ્યો જાણવો !

ને એમજ થયું. એ ભૈયો મારા ઘર પાસે પહોંચ્યો-ન પહોંચ્યો ત્યાં તો નૂરમિંયા પાછળથી વાઘની જેમ એના પર કૂદ્યો. એની બીજી પળમાં તો એક જબ્બર કાંડ થઇ ગયો. ત્રિપુંડધારી ભૈયાએ એકાએક એના શરીરે વીંટાળેલા વસ્ત્ર નીચેથી બે હાથ બહાર કાઢયા. એ બે હાથમાં હતા બે છરા ! નૂરમિંયાના હાથમાંની છરી હાથમાં જ રહી ગઈ. ભૈયાએ વીજળી વેગે એક છરો એની છાતીમાં અને એક છરો એના પેટમાં ઘોંચી દીધો ! ને પછી જેમ આવ્યો હતો એમજ અંગુછો વીંટાળી, શાન્તિથી નિર્ભયપણે પાછો ચાલ્યો ગયો.

નૂરમિંયા પગથી પર પડયો પડયો ચીસો નાખવા લાગ્યો, ને પછી ઢસડાતો-ઢસડાતો મારા દવાખાનાના બારણા પાસે આવી ઊંધે મોંએ પટકાઈ પડયો એના લોહીથી બારણું, ઉંબરો, બધું ખરડાઇ ગયું.

હું ને મારો કૉમ્પાઉન્ડર એને ઉપાડીને અંદર લઇ આવ્યા. મનમાં તો થતું તું, કે ભલે ત્યાં પડયો પડયો જ મરતો દીકરો ! જેવા કરમ તેવાં ફળ ! એ કાદવકીચડમાં મોંભર પડયો પડયો ભલે એના પાપનું પ્રાયશ્ચિત્ત કરતો ! પણ દાક્તર થઇને હું એમ કરી ન શકયો.

જખમ તપાસીને જોયું તો છાતીનો ઘા ખાસ ભયંકર ન હતો, પણ પેટનો ઘા ચિંતાજનક હતો. પ્રાથમિક ઉપચારો કર્યા પછી એમ્બ્યુલન્સને ફોન કરવા જતો હતો, ત્યાં નુરમિંયાએ મારા તરફ આંખ માંડી તુટક સ્વરે કહ્યું, ' ડાગદર સાહબ !'

હું એની નજીક જતાં બોલ્યો, ' જાન બચાવી દો. આપને લાખ રૂપીયા આપીશ. '

રોષે ભરાઇને મેં કહ્યું 'એની જ તો મહેનત કરું છું, ભાઇ ! મેડિકલ કોલેજમાં જા. જો કદાચ ત્યાં બચી જવાય તો. '

નુરમિંયા આજીજી કરતો બોલ્યો, 'મોટિયા કોલેજમાં ન મોકલશો, બાબુ ! હિંદુ ડાગદર ઝેર આપીને મારી નાખશે '

જરા મોં બગાડી મેં કહ્યું, 'એ તો સાચું જ છે ! મોટિયા કોલેજના દાક્તરો પણ બધા તારા જેવા જ ખરા ને ? પણ હું યે શું તને ઝેર ન આપી શકું ? હું યે હિંદુ જ છું ને ?'

'આપ અયસા કામ નહિ કીજીયેગા.' કહી, નુરમિંયા બેભાન થઈ ગયો. એટલું બધું લોહી વહી ગએલું કે, વધુ બોલવા એ અસમર્થ હતો.

મેં પણ વિચાર્યું, સ્થાનફેર કરવા જતાં કદાચ રસ્તામાં જ મરી જશે. નિરૂપાય બની, ઇસ્પીતાલે ખબર આપી, મારે ત્યાં જ રાખ્યો.

માનવીના મન જેવી અજબ ચીજ દુનિયામાં કદાચ બીજી નથી જે માણસ માટે મારા મનમાં ધિક્કાર અને ઘૃણાનો પાર ન હતો, જેને મેં નજરોનજર ત્રણ ચાર ખુન કરતાં જોયો હતો, એમે જ રાત-દિવસના ઉજાગરા ખેંચી હું શા માટે જીવાડવા મથતો હતો, શા માટે મેં એને સાજો કર્યો તે આજે પણ હું નથી કળી શકયો. મારૂં મન જ્યારે એને ઝેર આપવા ઇચ્છતું હતું ત્યારે જ હું શા માટે એને બેદાણાનો રસ પાતો હતો? પૂરેપૂરી બેભાનાવસ્થામાં જ્યારે એ બકતો હતો કે, 'મારો, મારો, હિંદુકો મારો!' ત્યારે હું એને માથે આઈસબેગ ફેરવતો હતો! માનવીના માનસ વિષે ગમે તેટલી ચર્ચા કરો; કદાચ આનો કોઇએ ખુલાસો પણ કરી શકશો. અમારો દાક્તરોનો સંબંધ પણ સ્થુળ શરીર સાથે જ છે, એથી મારે માટે તો આ એક પ્રશ્ન જ રહ્યો છે.

જે દિવસે એને પહેલીવાર તાવ ઊતર્યો એ દિવસે પથારીમાંથી ઊઠીને બેસી, પહેલી જ વાત એણે આ કરી: મને થોડુંક કોકેન આપોને!

મેં ધસીને ના પાડી.

એ પછી રોજ કોકેન માટે એ આજીજીઓ કર્યા કરતો' ને હું ના પાડ્યા કરતો. હું ન આપતો તે ન જ આપતો.

એક દિવસે એણે કહ્યું, 'ડાગદર સાહબ' દસ હજાર રૂપા દૂંગા. એક પુડિયા કોકિન દીજીયે,'

મેં કહ્યું 'એ તો દઉં, પણ તારી પાસે રૂપિયા ક્યાં?'

એણે કહ્યું, 'ઇમાન કસમ, ભેજ દૂંગા.'

મેં કહ્યું, 'બહુ થયું હવે, રસિકતા ન કર. જાણી લે કે હું તને એક રતીભાર કોકિન, એક લાખ રૂપિયાના બદલામાં પણ નહિ આપું.'

વળી એક દિવસ એ કોકેન ખાવા માંટે અધીરો થઇ ગયો. ખુબ જ કરગર્યો. મેં એને કહ્યું, 'અચ્છા નુરમિંયા, મેં તો તને સગી આંખે ત્રણ ખુન કરતાં જોયો છે, હવે જો હું જ તને પોલીસમાં પકડાવી દઉં તો?

એ હસીને બોલ્યો, 'કંઇ નહિં થાય. મારી પાસે સાબિતી મોજુદ છે.'

'કઇ રીતે?' મેં પૂછ્યું.

એણે કહ્યું, 'હુલ્લડ વેળા હું હાજતમાં હતો, ન માનતા હો તો થાણામાં જઇ જોઇ આવો. ત્યાં મારા અંગુઠાની છાપ સુદ્ધાં પડી છે!'

એની શયતાનિયત જોઈ હું ચમકયો. પોતાનો મજબૂત બચાવ તૈયાર કરીને, બધી પાકી તૈયારી પછી જ એ હુલ્લડમાં ઝંપલાવે છે!

એ પછી એક દિવસ (ત્યારે યે એના શરીરમાં પૂરી શક્તિ નહોતી આવી. મોં એનું પ્રેત જેવું હતું) મેં એને કહ્યું, 'તારો જખમ મટી ગયો છે. હવે તું ઇચ્છે તો જઈ શકે છે'

એ કંઇ જ બોલ્યા વિના ઊઠીને ઊભો થઇ ધીરે ધીરે ચાલતો બહાર ગયો. જતી વેળા નીચો વળી મને એક સલામ કરતો ગયો.

લગભગ ત્રણેક મહિના સુધી એ ન દેખાયો. એક દિવસ મેં મારા કોમ્પાઉન્ડરને પૂછ્યું, 'પેલો નુરમિંયા પાછો દેખાયો નહિ.'

કોમ્પાઉન્ડર તમારા જેવો 'સિનિક' હતો, એણે કહ્યું, 'હવે શા માટે આવે? તમે શું એ લાખ રૂપિયા દેવા આવશે એમ માનતા હતા? સ્વપ્નેય આશા ન રાખશો. ઉલટાનો લાગ જોઇને તમારૂં જ ખૂન કરી નાખે તો નવાઈ ન પામું.'

વાત સાવ નાખી દેવા જેવી ન લાગી. નરહત્યારા એ ગુંડાનો જીવ બચાવવા બદલ હું પસ્તાવા લાગ્યો.

એ જ દિવસે બપોર વેળા હું એકલો બેઠો હતો. એકાએક નુરમિંયા આવીને ઊભો રહ્યો. હવે એ માંદલો ન હતો. પડછંદ, કદાવર. લાલ ઘુમ્મ બદનવાળો, એક લાંબી મોટી સલામ કરી એ બોલ્યો, 'હજુર!'

મેં કહ્યું, 'કેમ નુરમિંયા? શા ખબર છે? પેલા લાખ રૂપિયા લાવ્યો કે શું?'

એણે લૂંગીની અંદરથી એક મોટું નોટનું બંડલ કાઢી કહ્યું, 'માલિક, લાખ રૂપિયા આપવાની તો મારી તાકાત નથી; પણ આ પાંચ હજાર

આવ્યો છું. એ સ્વીકારી મને ઋણમુક્ત કરો.'

હું અવાક્ થઈ ગયો, કહ્યું, એ પાંચ હજારને હું શું કરું ?'

એણે કહ્યું 'હજુર, એ મારું નજરાણું છે, ઈમાનથી કહું છું કે, આથી વધુ દેવાની મારી તાકાત નથી.'

મેં હસીને કહ્યું, 'નુરમિંયા, તું શું એમ ધારે છે કે, મેં રૂપિયાના લોભે તારો જીવ બચાવ્યો હતો?' એ ચુપ રહ્યો.

મેં ફરી કહ્યું, 'તારા કોકેનના વેચાણના, લોકોના લોહીના શોષણના રૂપિયા તું જ પાછા લઇ જા. મને એ ન ખપે. તારા જેવાનો જીવ બચાવી મેં જે પાપ કર્યું છે એની સજા ભગવાન મને દેશે.'

રૂપિયા આપવા માટે એણે ખુબખુબ પ્રયત્નો કર્યા, પણ મેં ન જ લીધા. એણે ઘણી યે કાકલુદી વીનવણી કરી પણ હું અચળ રહ્યો, ત્યારે એ નોટનું બંડલ ઉપાડી, એક રીતે રોષે ભરાઈ પાછો ચાલ્યો ગયો.

સાત દિવસ બાદ ફરીથી આવીને એણે કહ્યું, 'માલિક, તમે હિંદુ થઇને જાણીબુઝીને મારા જેવા દુશ્મનનો જીવ બચાવ્યો એ વાત હું કેમેય ભૂલી નથી શકતો. વારૂ, રૂપિયા તમે ન લેશો. મને તમારો ગુલામ બનાવીને રાખો. જેમ હુકમ કરશો એમ કરીશ.'

મને એક સરસ વિચાર સૂઝી આવ્યો. મેં કહ્યું 'જેમ કહીશ એમ કરીશ ? ખરૂં કહે છે ?'

એ બોલ્યો 'જાન કબૂલ, ઇમાન કબૂલ—એમ જ કરીશ—તમે કહેશો એમ જ કરીશ'

મેં ફરી કહ્યું, 'નુરમિંયા, બરાબર વિચારીને કહેજે. આવેશમાં કે ઉત્સાહમાં આવીને ઇમાનના નામે જેમતેમ ન બોલી બેસતો.'

એ જરા અચકાઇને બોલ્યો 'મારો ધર્મ નહિ છોડી શકું. બીજું જે કંઇ કહેશો એ કરીશ,—ખુદા કસમ.'

મેં કહ્યું, 'ના, ધર્મ તારે નહિ છોડવો પડે, પણ આતો એથી યે વધુ આકરૂં છે, નુરમિંયાં !'

એ બોલ્યો, 'ભલે હોય. તમે ફરમાવોને !'

મેં કહ્યું, 'વારૂ. હું ફરમાવું છું. તારે કોકેન છોડવું પડશે. કોકેનનો ધંધો છોડવો પડશે ને છોડવી પડશે આ ગુંડાગીરી. બોલ કરી શકીશ ?'

સાંભળતાંવેંત એ પત્થર જેવો બની ગયો ! એ પછી ધીરેધીરે ખુરસી પર બેસી ગયો. ઘણીવાર સુધી કપાળે હાથ દઇને એ શું વિચારતો હતો એ તો એજ જાણે. આખરે એક મોટો ઊંડો નિશ્વાસ નાખી એ બોલ્યો, 'બાબુજી, તમે મારી દુનિયા છીનવી લીધી. બહુ સારૂં, એમ જ થશે. કોકેન મૂકીશ, એ ધંધો મૂકીશ. આ ગુંડાગીરી પણ મૂકીશ, પણ એમાં તમને શો ફાયદો થયો, માલિક ?'

એને ખભે હાથ મૂકી મેં કહ્યું, 'જો તું ખરેખર એ મૂકી શકીશ, તો મને શો લાભ થયો એ એક દિવસ તને કહીશ.'

ગુંડાગીરી એણે સરળતાપૂર્વક છોડી દીધી પણ કોકેન છોડવા જતાં એણે કેવું કેવું વેઠયું એ વર્ણવું અસંભવિત છે. પ્રથમ પ્રથમ તો રોજ સાંજે આવી મારા પગ પાસે એ માથું પછાડતો. કોકેનની ભૂખ કેવી પૈશાચિક ભૂખ છે એ કોકેન ન ખાનાર નહિ સમજી શકે. રોજ મારા પગ પાસે માથું ઘસતોઘસતો કહેતો, માલિક, એકવાર હુકમ આપો—એકવાર—એક જ વાર રજા આપો. સોયની અણી પર આવે એટલું જ ખાઇશ. વધુ નહિ ખાઉં. કયારેક કયારેક તો મને એવી દયા ઉપજતી કે, મહાપરાણે હું મનને સખત કરતો.

પણ ગજબનું મનોબળ હતું એ ગુંડાનું. બીજો કોઇ હોત તો કયારનો યે પ્રતિજ્ઞા તોડી ચુકયો હોત પણ નુરમિંયા બુલડોગની જેમ એની વાતને વળગી રહ્યો હતો.

કોકેનની ભૂખને જીતતાં એને પૂરૂં એક વર્ષ લાગ્યું. છેલ્લે દિવસે આવી એ મારે પગે બાઝી પડયો, ને બોલ્યો, 'માલિક, આજે સમજાયું કે, શા માટે તમે મને કોકેન છોડવા કહ્યું હતું. તમે માનવી નથી, પીર નબી છો, પીર નબી !'

હવે એ નુરમિંયાએ બીડી–તમાકુની દુકાન માંડી છે.

'કયારેક સવારમાં વહેલા મારે દવાખાને આવી ચડશો તો તમે એને સૌ પ્રથમ આવીને મને સલામ ભરતો જોશો.'

---

કુમારના સૌજન્યથી; કેટલાક ફેરફાર સાથે.

## મંગલભૂત ધર્મક્રિયાઓ:— પૂ૦ મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ.

[ ગતાંકથી ચાલુ ]

મોક્ષરુચિ જગાવવા શું કરવું પડે? શ્રી વીતરાગ દેવ, ત્યાગી ગુરુ આદિના દર્શન, સેવા વગેરે કે મોહાંધ કુટુંબ, મિલ્કત આદિનાં? વધુને વધુ શાસ્ત્રવચનો સાંભળવાનું કે મોહ વચનો? નવકારની નવકારવાળી ગણવાનું કે વિષયોના જાપ જપવાનું? મોહમય વાતાવરણમાં બેસવાનું કે એથી શકય એટલું દૂર રહેવાનું? આહારસંજ્ઞા પોષવાનું કે તપ તપવાનું? ભોગનો અભ્યાસ ચાલુ રાખવાનું કે ત્યાગનો? મોક્ષરુચિ જાગવાની છે આન્તર શુભ પરિણામથી. આન્તર શુભ પરિણામ પ્રગટવાનાં છે સંસારજુગુપ્સાથી. એ સંસારજુગુપ્સા, ઉપર બતાવેલા દ્વન્દ્વમાંના કોના અભ્યાસમાં વધુ સુલભ છે એ સમજી શકાય એમ છે. અલબત, ધર્મક્રિયાઓ અનંતી કરી, પણ એમતો મોહક્રિયાઓ કયાં ઓછી કરી છે? અનંતાનંત કરી છે. હજી પણ આત્માનો સંસાર ક્રિયાઓ પ્રત્યે જેટલો વધુ ઝોક એટલા એના સંસ્કાર દૃઢ રહેવાના. વ્યસની જેમ વધુ વ્યસન સેવે તેમ એની ટેવ વધુ જલદ બને છે, તેમ કામી જેટલો વધુ કામપાત્રના સંપર્કમાં રહે એટલી વાસના વધુ તેજ બને છે. રોગી જેટલો કુપથ્યસેવનની વધુ નજીક એટલો એનો ટેસ્ટ વધે. જગતના આ સામાન્ય નિયમો છે, માટે ઉપકારીઓએ અનંતી દ્રવ્યક્રિયા નકામી ગયાનું કહ્યું પણ 'હવે આ ક્રિયાની બહુ લગની છોડ, પહેલા ભાવ પ્રાપ્ત કર, એવો ભાસ સરખો શાસ્ત્રમાં આવવા ન દીધો. અનંતીવાર ગ્રૈવેયકમાં ગયાનું જણાવનાર એજ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અન્યત્ર, 'મોક્ષના બીજભૂત સમ્યગ્દર્શનને મેળવવા શું કરવું?' એના ઉત્તરમાં ફરમાવે છે કે, વીતરાગ વગેરેનું દર્શન, વિશુદ્ધ ધર્મશ્રવણ, ગુણાધિકનો સમાગમ ઇત્યાદિ. અનાદિના પ્રચંડ મોહના હલ્લાને સંવરની મજ્બુલતાજ હઠાવી શકે, નહિ કે આશ્રવની. બાધકતત્ત્વોનો જરૂર પરિહાર કરવો જોઇએ, અને શુભભાવની પ્રાપ્તિના પ્રયત્નો અવશ્ય આદરવા જોઇએ. એ કેવા હોય એ આગળ જોઇશું. પરંતુ એ સીધી વાત છે કે, ધર્મના વાતાવરણથી ચૂકી, મોહના વાતાવરણમાં રમતા થઇ જનારનેતો મોક્ષરુચિ અને સમ્યગ્દર્શનનાં દર્શન દુર્લભ છે.

કોઇપણ મોક્ષવાદી વિષગરલક્રિયાનું સમર્થન નજ કરે, બલ્કે નિષેધ કરે. પરંતુ નિષેધનું પ્રતિપાદન એવુંતો નજ થવું જોઇએ કે, શ્રોતા, એ સાંભળી શુભાનુષ્ઠાનથી વધુ દૂર પડી જાય અને મોહમસ્ત બની જાય.

આજે તો એ જોવાનું છે કે, વિષ–ગરલ અનુષ્ઠાન સેવનારા કેટલા? સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ કરનારો કેટલોય વર્ગ ગતાનુગતિક, વિચાર શૂન્ય રીતે કરે જાય છે, જેને સંમૂર્છિત અનુષ્ઠાનમાં ગણી શકાય. આવાઓને એ ક્રિયાના ભાવ, અમૃતાનુષ્ઠાનતા પ્રાપક વિધિ, એવી શુભક્રિયાઓથી અનુભવાતા આત્મિક આનંદ અને વિકાસ વગેરે સમજાવવાની જરૂર છે. બાળજીવો શુભક્રિયાઓથી આગળ વધે છે, માટે તો મિથ્યાત્વીને પણ દ્રવ્યસમ્યકત્વનો આરોપ કરી વ્રત આપવામાં આવે છે. અહિં, જરૂર, અમુક પ્રાથમિક ગુણોને જોવા જોઇએ, પણ એવી રીતે તો આજનો ક્રિયાસાધક વર્ગ શું આખોય ગુણવિનાનો છે? વિચારવા જેવું છે કે, એનામાં જણાતો મોક્ષરુચિકે સમ્યગદર્શનનો અભાવશું વિષાદ્યનુષ્ઠાનને આભારી છે, કે આજની મહાદોડધામવાળી વિષયપ્રવૃત્તિમાં ત્રિવિધયોગથી રચ્યાપચ્યા રહે-

વાની એની સ્થિતિને આભારી છે! નિદાન પારખ્યા વિનાનું વૈદું જેમ જોખમી છે, એવુંજ શ્રોતાની સ્થિતિ પારખ્યા વિનાના ઉપદેશ સંબંધમાં કાં ન બને? કોઇ શ્રોતા વિષાનુષ્ઠાનમાં પડી ગયો હોયતો એને પણ વિષાનુષ્ઠાનથી મરીશ, એમ કહેવામાં શું એ પ્રશ્ન નહિ કરે કે, 'ત્યારે સંસારાનુષ્ઠાનથી શું જીવીશ?' અહિં ધ્યાનમાં રાખવાનું છે કે, વિષાનુષ્ઠાન મારકજ છે, પણ પ્રશ્ન એ છે કે, સામાને હિતમાર્ગ શો ચીંધવો! આ માટે બે મુદ્દા વિચારણીય છે. એક એ કે, પૌદ્ગલિક, આસંશાવાળું જે ચારિત્ર પરિણામે નુકશાનકારક થાય છે. તેના સ્થાને તેવા અચારિત્રથી લાભ થાત કે નુકશાન? બીજો મુદ્દો એ છે કે, એવા ચારિત્રથી મળેલી ઋદ્ધિ જીવને દુર્ગતિમાં લઈ જાય છે એવું કેમ બને છે? ધર્મ જેવો ધર્મ નરકમાં લઈ જનારૂં સુખ શામાટે આપે છે?

અહિં જરા ઉંડા ઉતરવાની જરૂર છે. પૌદ્ગલિક કામનાથી સેવેલા ધર્મના પરિણામે પાપાનુબંધિ–પુણ્ય પ્રાપ્ત થાય છે. જે પુણ્યનો ઉદય ભોગવાઇ, મહાપાપનો બંધ પડે તે પાપાનુબંધિ પુણ્ય; આમાં પુણ્ય એ પૂર્વના ધર્મનું ફલ છે, અને પાપાનુબંધિપણું એ પૂર્વની તીવ્ર વિષયકામનાથી આત્મામાં પડેલા મોહના ગાઢ સંસ્કારનું ફલ છે. ખાસ ખ્યાલમાં રાખવાનું છે કે, આ એક જીવનમાં સેવેલ ધર્મભાવનાના કે મોહવાસનાના અભ્યાસેથી તે તે સંસ્કારો આત્મામાં રૂઢ થાય છે, અને તે કેટલીયવાર કેટલાય ભવો સુધી ચાલ્યા કરે છે, અહિં એવો નિયમ નથી કે, માત્ર ધર્મ સેવતાંજ કેળવેલી મોહવાસનાના સંસ્કારની પરંપરા ચાલી અનેક ભવો અનર્થભર્યા બને, અને સંસાર ખેલતાં બહુમાણેલ મોહવાસનાના સંસ્કારની પરંપરા ન ચાલે કે એથી અનર્થો ન આવે, આવો એકાંત છે જ નહિ; કિંતુ ગમે તે સ્થલે, ગમે તે કાળે, અને ગમે તે ક્રિયામાં અભ્યસિત મોહના ભાવોની પરંપરા પ્રાયઃ જીવનોના જીવનો સુધી વહે છે. એજ પ્રમાણે ધર્મભાવનાઓ અંગે સમજવું. અગ્નિશર્મા અને ગુણસેન રાજાના જીવનમાં કે બીજા અનેક દૃષ્ટાન્તોમાં આ જોવા મળે છે. પ્રભુમહાવીરસ્વામીને ત્રીજા ભવના ત્રિદંડિકના સંસ્કાર કેટલાય ભવસુધી નડ્યા. આ જોતાં એ ખૂબ જ ખ્યાલમાં રાખવા જેવું છે કે, ગમે તે સ્થિતિમાં કે સંયોગોમાં બેઠા હોઇએ, પણ ત્યાં મોહના સંસ્કારોની જડ ન પડી જાય. 'પરલોકમાં સાથે શું આવવાનું?' ત્યાં પણ જેમ પાપ–પુણ્યને યાદ કરાય છે તેમ ધર્મ કે મોહની ભાવનાના સેવેલા અભ્યાસો, સંસ્કાર રૂપે સાથે આવવાના છે, એ ખૂબ જ ખ્યાલમાં રહેવું જોઇએ. જો કે આ મોહના સંસ્કાર એ પણ એક પાપકર્મ છે; પણ લોકમાં રૂઢ પુણ્ય–પાપ શબ્દોમાં, પાપનો અર્થ પરલોકમાં અશાતા, દારિદ્ર, અપયશ વગેરે દુઃખો દેનાર કર્મ લેવાય છે. એથી પુણ્ય–પાપ કરતા આ સંસ્કારને અહિં જુદા પાડવામાં આવ્યા છે. હવે એ ધ્યાનમાં રહે કે, પુણ્ય–પાપનાં ફળ આત્માને જે લાભાલાભ નથી કરતા એ આ સંસ્કારના ફળ (ઉત્થાન) કરે છે. પૂર્વના પાપના વર્તમાન ઉદયની સાથે જો પૂર્વ–સેવિત ધર્મભાવનાના અભ્યાસ અહિં ચાલુ રહ્યા તો આત્મા જીવન જીતી જવાનો; જ્યારે પૂર્વના પુણ્યના વર્તમાન ઉદયની સાથે સાથે પૂર્વસેવિત મોહભાવનાએ જો આત્મ ઘર કબજે કર્યું તો આત્મા હારી જવાનો. સમ્યગ્દર્શનમાં આજ ખૂબી છે કે, એ સંયોગવશાત્ મોહના વાતા–

વરણમાં બેઠેલાને પણ ધર્મભાવના, તત્ત્વ પરિણતિના અભ્યાસમાં ઝીલાવે એ અમંદ મિથ્યાત્વનું ગજું નહિ. એવી જ રીતે સમ્યગ્દર્શન ન પામેલા માટે પણ ધર્મના વાતાવરણમાં ધર્મ ભાવનાનો અભ્યાસ પાડવાનો જે અવકાશ છે એ મોહના વાતાવરણમાં નથી.

આથી સમજાશે કે, પૌદ્ગલિક આશંસાથી જેઓએ ધર્મ સેવ્યો, એમને ધર્મસેવનથી ઉપાર્જિત પુણ્યના ઉદયે રાજઋદ્ધિ આદિ લૌકિક સુખ સામગ્રી મલી; પણ પૂર્વની વિષયાશંસાએ આત્મામાં પાડેલા મોહના અનુબંધના પ્રતાપે રાજ્યાદિ પર ગાઢ આસક્તિ થઇ; પરંતુ ધર્મબુદ્ધિ ન જન્મી. ક્યાંથી જન્મે ? પૂર્વે ગાઢ વિષયાશંસાએ ધર્મભાવનાનો અભ્યાસ હૈયામાં થવા જ દીધો નથી. હવે અહિં સ્પષ્ટ છે કે, આ ગાઢ મોહની પરિણતિ અને તેને અંગે દુર્ગતિગમનની તૈયારી એ પૂર્વના મોહના અનુબંધનું એટલે કે વિષયાશંસાનું કાર્ય છે, નહિ કે પૂર્વની શુભ ધર્મપ્રવૃત્તિનું. પાપનુબંધિપુણ્યનો ઉદય દુર્ગતિમાં જવાની તૈયારી કરાવે છે; તેમાં મુખ્ય હિસ્સો પાપાનુબંધનો એટલે કે પૂર્વે સેવેલ મોહભાવનાનો છે, પણ નહિ કે પૂર્વ સેવેલ ધર્મપ્રવૃત્તિનો. ધર્મપ્રવૃત્તિએ તો સુખ સામગ્રી આપી; જ્યારે વિષયાશંસાએ મોહબુદ્ધિ જગાડી. વિષગરલ અનુષ્ઠાનનું અને તજ્જન્ય પાપનુબંધિપુણ્યનું આ વિજ્ઞાન જો બરાબર ધ્યાનમાં હોય તો ધર્મપ્રવૃત્તિ કે તેના આચરનાર ઉપર જુગુપ્સા કરવાનું, એની ઝાટકણી કાઢવાનું અને એને ઉતારી પાડવાનું વિવેકીના હાથે ન થાય. એણે કહેવું જ જોઇએ કે,

પાપાનુબંધિ પુણ્યોદય એટલે પુણ્યોદયની સાથે પૂર્વોપાર્જિત પુણ્ય સહચરિત મોહાનુબંધનો ઉદય. આ તીવ્ર મોહનો ઉદય એટલે દુર્ગતિ પ્રયાણ માટે મોહબુદ્ધિને છોડી ધર્મપ્રત્યે વળો. એટલે હવે પૂર્વનો 'ધર્મ જેવો ધર્મ' નરકમાં લઈ જનારૂં સુખ શા સારૂ આપે છે ? એ પ્રશ્નનું સમાધાન થઈ જશે. ધર્મ એ મહા વિવેકી અને ઉદાર સ્વામિ છે. એનું કાર્ય માત્ર સુખ આપવાનું છે. પણ એ સુખનો ભોગવટો કરતાં નરકની જે તૈયારી કરાય છે તે વચમાં મોહ–ભાવનાના સંસ્કાર જે ઘુસી ગયા છે, તેના પ્રભાવે છે; બાકી ધર્મ પોતાની સેવાનું ફળ આપે છે, તે દુર્ગતિમાં લઈ જવા માટે નહિ. એ કાર્ય તો મોહના અનુબંધનું છે. માટે જ ઉત્તમ ચારિત્રસ્વામીઓ જ્યારે પૌદ્ગલિક નિયાણા આદિમાં પડતા, ત્યારે એમના પ્રત્યે હિતૈષીઓના અંતરમાં ઉભરાઇ ઉઠેલી કરૂણા પોકારી ઉઠતી, 'ભાગ્યવાન' ! અનંતા સુખ અપાવનાર આવા ચારિત્રને કાં આત્મસંહારક તુચ્છ વિષય સુખો ખાતર વેચી નાખે ? ચંદનના લાકડાથી રાખ ન બનાવાય. ચારિત્રથી અનંત શાશ્વત સુખ મળશે, પરંતુ એક વિષય ભૂખ એને સફળ નહિ થવા દે માટે એ સારૂ ઉત્તમ ચારિત્રને ધક્કો લગાડ મા. આ જીવે વિષયસુખો તો અનંતી વાર ભોગવ્યાં. પણ હજી એની તૃષ્ણા જતી નથી, એ સૂચવે છે કે, ભોગથી એની તૃષ્ણા કદી મટવાની નથી. સમજવાનું છે કે, વિષાનુષ્ઠાન આત્મસંહારક છે. કેમકે એમાં ભળેલી વિષયાશંસા મહા ભુંડી, અનંત સંસારમાં રૂલાવનારી છે; પણ તે વિષયાશંસા માટે આને આગળ કરી–કરીને શુભ ધર્મપ્રવૃત્તિના મોંઘાં મૂલ્ય જરાય ઓછા ન અંકાય. સંસાર પ્રવૃત્તિની હરોળમાં એને ન મુકાય 'કુપથ્ય કર્યું તો મર્યો જાણજે'ના જેટલી જ, બલ્કે વધુ અગત્યની: 'ઔષધ ન સેવ્યું તો જીવવાનો નથી,' એ શિખામણ છે. ધર્મ સેવતાં સેવેલી મોહ-

બુદ્ધિ આત્માનો અધઃપાત કરે છે, આથી પૂર્વના પ્રશ્નના ઉત્તરમાં વિષયાશંસા ભર્યું આ ચારિત્ર ( એટલે કે સંસારપ્રવૃત્તિ ) પણ નુકશાન કરનારૂં જ છે. એ સહેલાઈથી સમજાય એવું છે, સાથે ' અનંતી ધર્મક્રિયા નકામી ગઇ ' આ ગણનાની સાથે 'અનંતાનંત મોહપ્રવૃત્તિઓએ આત્માને મહા-જડ બનાવી દીધો છે, એ પણ જરાય ભૂલવા જેવું નથી.'

સારાંશ એ છે કે, શુભઅનુષ્ઠાનનો જાહેર ઉપદેશ એ શ્રી જૈનશાસનનો ધોરી માર્ગ છે, કેમકે સમ્યગ્દર્શનની અને સમ્યગજ્ઞાનની પ્રાપ્તિ વિષ-ગરલ અનુષ્ઠાનનો ત્યાગ, તદ્હેતુ અમૃતઅનુષ્ઠાનનું સેવન વગેરેનો આધાર બહુવિધ સંસાર પ્રવૃત્તિ ઉપર નહિ, પણ શુભ-ધર્મપ્રવૃત્તિ ઉપર છે. આના જાહેર ઉપદેશની સાથે સાથે મિથ્યાભાવ, મિથ્યાજ્ઞાન, નિયાણું, અવિધિ, ઉપયોગશૂન્યતા વગેરે દૂર કેમ થાય અને મોક્ષનો આશય કેમ મજબુત બને, વગેરે સાવચેતીઓની શિક્ષા પણ અત્યંત જરૂરી છે. ઉપાય દર્શન મુખ્ય છે, અપાય-પરિહાર નિરુપણ, સાથોસાથ આવશ્યક છે. પૂર્વાચાર્યોની આખી ઉપદેશ પ્રવૃત્તિ આ જાતની જોવામાં આવે છે. બાકી માત્ર અપાયોનો ભય રાખ્યા કરવામાં આવે તો ઉપાયનો અવકાશજ કયાં રહે?

---

### વચ્છભંડારીકૃત-

## નવકાર ગીત.

પાટણ-શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરની હસ્તલિખિત-
પ્રતિ-નંબર ૯૦૫૧ ઉપરથી [અપ્રગટ]

**સં. પૂ૦ મુનિરાજશ્રી કાંતિવિજયજી મહારાજ**

વકાર તણાં ફલ સાંભળી, હૃદયકમલ કરી ધ્યાન;
અનંત ચઉવીસી આગે માનીઉં, પંચપરમેષ્ઠિ પ્રધાન.

**જીવ સમર સમર નવકાર,**
**જિનશાસન કહિઉં સાર. જીવ. ૧**

વનમાંહિ એક પુલિંદઉ પુલિંદી, મુનિ તસુ દિઉ નવકાર;
અંતકાલિ બિહુ મંત્ર વિશેષઇં, રાય મંદિર અવતાર. ૨

પડિય ભૂમિ સમલી પેષ(ખ)વી' મુનિ તસુ દિઇ નવકાર;
સીધલરાય તણઇ ઘરિ કુંયરી, ભરૂયછિ કરિઉ વિહાર. ૩

નગર પોતનપુરિ જોઉ મિથ્યાતણી, વહુરનઈ દિઈ આલ;
મહામંત્ર સમરઇ મનિભ્યંતરિ સરપ ફીટી ફુલમાલ. ૪

એ નવકાર તણઇ સુપસાઇં, પુરિસાસિદ્ધિ જિણિ પામી;
કનકમઇ જિણભવણ કરાવિઉં થાપ્યા ત્રિભુવન-સ્વામી ૫

ભણઈ **વચ્છભંડારી** નિસિદિન મહામંત્ર સમરી જઈ;
એ નવકાર ભણઇ સુપસાઇ કેવલી લચ્છિી લહંતિ. ૬

---

## નવાં પુસ્તકોનું અવલોકન-બાકી

**નિત્યનિયમો** અને **જીવનવ્રતો** : પૂ. આચાર્યદેવશ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ પ્રકાશક; શ્રી મુક્તિબાઈ જ્ઞાનમંદિર, ડભોઇ. ૧ લા વિભાગમાં ૧૦૧ સુવાકયો, માર્ગાનુસારીના ૩૫ ગુણો, બારવ્રતો અને તેના અતિચારો વગેરેની નોંધ અને સમજણ, શ્રી કુમારપાળ મહારાજાએ, કરેલાં શાસન ભક્તિનાં સુકાર્યોની નોંધ, તેમજ વ્રતોનું ગ્રહણ અને કુમારપાળ મહારાજે કરેલા સદ્વ્યયની નોંધ વગેરે ઘણી બાબતોનો સંગ્રહ ૧૨૮ પેજમાં કર્યો છે. બારવ્રતધારી આત્માઓને ખાસ ઉપયોગી છે.

# આપ્તમંડળની યોજના

**કલ્યાણ**ની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવા કાજે જૈનસમાજના શ્રદ્ધાળુ અને સંસ્કાર રસિકોની પાસે આપ્તમંડળની યોજના રજુ કરી હતી. અમારી ધારણા મુજબ **કલ્યાણ**ને આર્થિકતામાં પણ સારો સહકાર મળ્યો છે. સૌ કોઇનો અમે આ તકે આભાર માનીએ છીએ. **સં૦**

## :: યોજના ::

૧. રૂા. **૨૦૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો સંરક્ષક મંડળના આજીવન સભ્ય.

૨. રૂા. **૧૦૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો સહાયક મંડળના આજીવન સભ્ય.

૩. રૂા. **૫૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના આજીવન સભ્ય.

૪. રૂા. **૨૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્ય.

૫. રૂા. **૧૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્ય.

## આપ્તમંડળ

આપ્તમંડળની ઉપરોક્ત યોજનાને આવકારપૂર્વક **કલ્યાણ**ની શુભપ્રવૃત્તિઓને પોતાનો સહકાર આપવાની ઉદારતા કરી જેઓએ પોતાનાં શુભનામો અમારા આપ્તમંડળમાં નોંધાવ્યા છે તે સદ્‌ગૃહસ્થો—

### રૂા. ૨૦૧ આપનાર સંરક્ષક મંડળના આજીવન સભ્યો

૧ શેઠ શાંતિલાલ મણીલાલ શ્રોફ ખંભાત
૨ ,, રમણભાઇ દલસુખભાઇ મુંબઈ
૩ ,, કાંતિલાલ ઉજમશી શ્રોફ ખંભાત
૪ શેઠ બાબુભાઈ છગનલાલ શ્રોફ મુંબઇ
૫ ,, કલ્યાણભાઈ છગનલાલ નાણાવટી ,,
૬ ,, શ્રી સી. પી દોશી એન્ડ કાં.
હા. શેઠ મગનલાલભાઇ મુંબઈ

### રૂા. ૧૦૧ આપનાર સહાયક મંડળના આજીવન સભ્યો

૧ શેઠ જયંતિલાલ બહેચરદાસ દોશી મુંબઈ
૨ ,, પોપટલાલ પરશોતમદાસ ,,
૩ ,, રમણલાલ વજેચંદ ખંભાત
૪ ,, ભોગીલાલ ગીરધરલાલ મુંબઇ
૫ ,, ઝવેરચંદ પ્રાગજી ઝવેરી જામનગર
૬ ,, રતનલાલ જીવાભાઇ ચોકસી અમદાવાદ
૭ ,, છોટાલાલ હેમચંદ પટણી રાજકોટ
૮ ,, મનુભાઇ લાલભાઇ ચંદુલાલ અમદાવાદ
૯ શેઠ કનુભાઇ લાલભાઇ ચંદુલાલ ઝવેરી અમદાવાદ
૧૦ ,, જગજીવનદાસ શેષકરણ જુનાગઢ
૧૧ દોશી સૌભાગ્યચંદ કુંદનમલ મુંબઇ
૧૨ શેઠ રમણલાલ ડાહ્યાભાઇ ઝવેરી અમદાવાદ
૧૩ ,, કુલચંદ પરશોતમદાસ તંબોળી જામનગર
૧૪ ,, ત્રમ્બકલાલ છગનલાલ વઢવાણ કેમ્પ
૧૫ શ્રી નંદરબાર જૈનસંઘ નંદરબાર
૧૬ ,, શાંતિભુવન જૈન ઉપાશ્રય જામનગર

## રૂા. ૫૧ આપનાર શુભેચ્છક મંડળના આજીવન સભ્યો

૧ શેઠ માણેકચંદ પુંજાભાઇ મુંબઇ
૨ ,, કેશવલાલ વજેચંદ કાપડીયા ખંભાત
૩ ,, મુળચંદ ડાહ્યાભાઇ દલાલ ખંભાત
૪ વોરા ઉમેદચંદ કાલીદાસ હા. હેમકોરબેન જામનગર
૫ શેઠ હિરાલાલ ઉમેદચંદ ખંભાત
૬ ,, અમરચંદ મંગુભાઈ ખંભાત
૭ ,, કેશવલાલ છોટાલાલ ખંભાત
૮ શ્રી સીપોર જૈન સંઘ સીપોર
૯ શેઠ વાડીલાલ છોટાલાલ વીશનગર
૧૦ ,, મોહનલાલ સખારામ પુના સીટી
૧૧ ,, કાન્તીલાલ હંસરાજ રાજકોટ
૧૨ ,, મફતલાલ મોહનલાલ અંધેરી
૧૩ સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ અમદાવાદ
૧૪ શેઠ ગુલાબચંદ ગફલભાઇ હળવદ
૧૫ શેઠ મણીલાલ ડોસાભાઈ ખાંડવાળા હા. નિર્મળા બ્હેન પાટણ
૧૬ શ્રી કાશીપરા જૈન ઉપાશ્રય બોરસદ
૧૭ ,, ચતુરદાસ નગીનદાસ બેલગામ
૧૮ ,, ભોગીલાલ બબલદાસ મેસાણા
૧૯ શેઠ બાબુભાઈ છોટાલાલ નંદરબાર
૨૦ ,, હિંદુમલજી જીતરાજજી રાઠોડ કોલ્હાપુર
૨૧ ,, ફોજાજી મેરામચંદ નંદરબાર
૨૨ ,, ઉમેટા જૈન સંઘ ઉમેટા
૨૩ શેઠશ્રી દેવચંદ હરખચંદ પુના
૨૪ શ્રી કાંતિલાલ મહાદેવ માંડવી
૨૫ શેઠ વાડીલાલ વીરચંદ સુરત
૨૬ શેઠ માણેકચંદ પોપટલાલ થાનગઢ
૨૭ શ્રી કેશરીચંદ બાલુભાઇ ઝવેરી મલાડ

## રૂા. ૨૧ આપનાર શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્યો.

૧ શાહ નેમચંદ માણેકચંદ મુંબઇ
૨ શેઠ ગીરધરલાલ અમીચંદ કુંડલા
૩ શાહ બાલચંદ ઇશ્વરલાલ મુંબઇ
૪ ,, વરજીવનદાસ અભેચંદ ,,
૫ ઝવેરી શાંતિલાલ ખેતસીદાસ જામનગર
૬ શાહ તલકચંદ નાનચંદ દાદર
૭ દોશી લાલચંદ મુલચંદ જામનગર
૮ શાહ છોટાલાલ માણેકચંદ ,,
૯ ઝવેરી કપુરચંદ અજરામર ,,
૧૦ શ્રી જૈન લાઇબ્રેરી સીરસાલા
૧૧ શા. શાંતિલાલ ઉમેદચંદ ખંભાત
૧૨ શા. સોમચંદ પાનાચંદ ,,
૧૩ સંઘવી ફીરચંદ સુંદરજી મોરબી
૧૪ મકીમ વેલજી કચરાભાઇ જામનગર
૧૫ શ્રી સરદારપુર જૈન સંઘ સરદારપુર
૧૬ પારેખ નારણજી હીરજીભાઇ જામનગર
૧૭ શાહ ચંપકલાલ છોટાલાલ સુતરીઆ સુરત
૧૮ ,, નટવરલાલ ભોગીલાલ વડનગર
૧૯ શાહ ભાઇચંદ ફુલચંદ મોરબી
૨૦ મ્હેતા માધવજી હીરજીભાઇ ધોરાજી
૨૧ શાહ નરભેરામ હંસરાજ જામનગર
૨૨ ,, વાડીલાલ ફકીરચંદ ખંભાત
૨૩ શેઠ પ્રેમચંદ કચરાણી ભાણવડ
૨૪ ગાંધી મોનજી ધનજી આરામડા
૨૫ શાહ ત્રીભોવનદાસ હીરજી શીવા
૨૬ ,, બાબુલાલ નેમચંદ મુંબઈ
૨૭ શ્રી આગલોડ જૈન સંઘ આગલોડ
૨૮ ઝવેરી અમૃતલાલ કપુરચંદ મુંબઈ
૨૯ રાધનપુર જૈનશાળા સંઘ રાધનપુર
૩૦ શેઠ ચુનીલાલ કમળશી જોરાવરનગર
૩૧ શેઠ સાકરચંદ પાનાચંદ જામવણથલી
૩૨ શાહ વીરપાળ હીરાલાલ જામનગર
૩૩ ,, રમણલાલ ચુનીલાલ મુંબઇ
૩૪ ,, રાયચંદ દેવરાજ જામનગર
૩૫ ,, બાબુલાલ પરશોતમદાસ તંબોળી રાજકોટ
૩૬ ,, મગનલાલ પાનાચંદ

૩૭ શાહ વીરચંદ લક્ષ્મીચંદ અમદાવાદ
૩૮ શાન્તાબ્હેન રમણલાલ ઝવેરી ,,
૩૯ શ્રી બાબુભાઇ ભગવાનજી દાદર
૪૦ શાહ પોપટલાલ નરશીદાસ મુંબઈ
૪૧ ,, ઠાકરશી હીરજીભાઈ દાદર
૪૨ ,, અમૃતલાલ જેશીંગલાલ અમદાવાદ
૪૩ ,, પ્રેમચંદ ગુલાબચંદ મુંબઈ
૪૪ શ્રી જવાહિર સ્ટોર્સ દાદર
૪૫ શા. કાનજીભાઈ રતનશી દાદર
૪૬ શ્રી દામજીભાઈ પદમશી ,,
૪૭ શ્રી મોતીચંદ ગીરધરલાલ મુંબઈ
૪૮ ડોકટર લલ્લુભાઇ છગનલાલ રાજકોટ
૪૯ શેઠ છોટાલાલ માણેકચંદ મોરબી
૫૦ શેઠ હીરાચંદ પરશોતમદાસ રાજકોટ
૫૧ શ્રી સેવાસમાજ વાંચનાલય ટંકારા
૫૨ શેઠ માનસંગ મંગળજી જામનગર
૫૩ શ્રી ટી. વી. શેઠ આફ્રીકા
૫૪ શેઠ કપુરચંદ હિંમતલાલ અમદાવાદ
૫૫ શ્રી મનુભાઇ રવચંદ ભાઉ અમદાવાદ
૫૬ ,, છાપરીઆ શેરી જૈન ઉપાશ્રય સુરત
૫૭ શેઠ ચીમનલાલ સ્વરૂપચંદ આંબેગામ
૫૮ ,, છોટાલાલ મગનલાલ મુંબઈ
૫૯ શ્રી નડીયાદ જૈન સંઘ નડીયાદ
૬૦ શેઠ પોપટલાલ વીરપાળ નવાગામ
૬૧ સંઘવી હીંમતલાલ લલ્લુભાઈ પુનાસીટી
૬૨ શ્રી તેજરાજ કસ્તુરચંદ જમખડી

## રૂા. ૧૧ આપનાર શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્યો.

૧ વોરા લાલચંદ વેલચંદ વઢવાણ શહેર
૨ દોશી સવચંદ જેઠાભાઈ ,,
૩ ,, ફુલચંદ લાલચંદ ,,
૪ શાહ વરવાલાલ અમૃતલાલ ખાવડ
૫ ,, સુંદરલાલ ચુનીલાલ વડોદરા
૬ ,, જીવાભાઇ મોતીલાલ ખંભાત
૭ શ્રી ચીમનલાલ જી. શાહ મુંબઇ
૮ શાહ લાલજી કેશવજી ચીનાઇ ,,
૯ ,, ચંદુલાલ ભોગીલાલ અમદાવાદ
૧૦ ઝવેરી મંગળદાસ નથુભાઇ વિજાપુર
૧૧ ,, ભોગીલાલ નથુભાઇ મુંબઇ
૧૨ શેઠ ભોગીલાલ હાલાભાઈ પાટણ
૧૩ ઝવેરી બાબુલાલ પ્રેમચંદ મુંબઇ
૧૪ ઝવેરી શાંતિચંદ્ર ઝવેરચંદ ,,
૧૫ શ્રી ભાઇચંદ તારાચંદ કાપડીઆ સુરત
૧૬ ,, ચંદુલાલ કાળીદાસ ધીણોજ
૧૭ ,, સાંકળચંદ દોલાજી ગાંધી કોલ્હાપુર
૧૮ શેઠ હુકમીચંદ ડોંગાજી રાઠોડ ,,
૧૯ શેઠ પોપટલાલ ડાહ્યાભાઇ લીંચ
૨૦ ,, અમૃતલાલ કાળીદાસ ,,
૨૧ ,, છોટાલાલ મણીલાલ મુંબઈ
૨૨ ,, દેવજીભાઈ લખમશી સાવલા મુંબઇ
૨૩ ,, ગમ્મતલાલ ચંદુલાલ શાહ સુરત
૨૪ ઝવેરી રૂપચંદ લલ્લુભાઇની ધર્મશાળા ,,
૨૫ શેઠ નવીનચંદ્ર નરોતમદાસ ઘાટકોપર
૨૬ ,, ભીમજીભાઇ કાલીદાસ મુંબઇ
૨૭ ,, અમૃતલાલ નાથાલાલ મ્હેસાણા
૨૮ ,, મણીલાલ વનમાળીદાસ કલકત્તા
૨૯ ,, નરેન્દ્રકુમાર ગુલાબચંદ મુંબઈ
૩૦ ,, કસ્તુરચંદ ભાઈચંદ ઝવેરી ,,
૩૧ ,, હીરાચંદ ઓધવજી સુખડવાલા મુંબઇ
૩૨ ,, વંન્દ્રાવનદાસ નથુભાઈ ,,
૩૩ ,, ચીમનલાલ ડાહ્યાભાઈ નંદરબાર
૩૪ ,, મણીલાલ ડાહ્યાભાઇ ,,
૩૫ ઝવેરી જીતેન્દ્રભાઇ ચીનુભાઇ મુંબઈ
૩૬ શ્રી નાથાલાલ ન્હાલચંદ કરજીસણ

# 'કલ્યાણ' ને મળેલો સત્કાર

ઉદ્દેશ આ સામાયિકના સંપાદકે સ્પષ્ટ કર્યો છે, અને જે લેખો આ અંકમાં નજરે પડે છે તે લેખો આ ઉદ્દેશને વધારે સ્પષ્ટ કરે છે. એટલું જ નહિ પણ આ ઉદ્દેશના પોષક છે.

**કલમ કિતાબ** [ જન્મભૂમિ ]

એના આ પ્રથમ અંકનું ધોરણ હંમેશ માટે જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવે તો ઉદાર દૃષ્ટિએ ચાલતું આ 'કલ્યાણ' સ્વ. મણીલાલ નથુભાઇના **સુદર્શન**નું સ્થાન યોગ્યતાપૂર્વક લઇ શકે.

**પ્રજાબન્ધુ**

એકંદર આ કલ્યાણ જૈન ભાઇઓ, બહેનો તેમજ ઇતર સંપ્રદાયોને પણ ઉપયુક્ત નિવડે તેવું છે.

**ગુજરાતી**

જૈન ધર્મના વિદ્વાન લેખકોના લેખો હોઇને કેટલાક તો જૈનેતરોને પણ જ્ઞાન સાથે એ ધર્મની સંસ્કૃતિદર્શક સારી માહિતી પણ મળે તેમ છે.

**પુસ્તકાલય**

મનનીય લેખો વાંચવા જેવા છે, તેમજ આ 'કલ્યાણ' ને ઉત્તેજન આપવાની આવશ્યકતા જોઇએ છીએ. **આત્માનન્દ પ્રકાશ**

કલ્યાણના લેખો સુંદર હતા, નિહાળી આનંદ.

**પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ.**

ઇચ્છું છું કે, તમારી સેવાઓ, તમારી અંતરની ધગશ પ્રમાણે સ્વપરના ઉત્કર્ષની પરાકાષ્ટાને સાધનારી નિવડો. પૂ. **આ. વિજયજંબૂસૂરિજી મ૦**

વર્તમાનના ઝેરી વાતાવરણમાં કલ્યાણકામી આત્માઓ માટે આ કલ્યાણકાર **કલ્યાણ** પત્ર અતિ ઉપયોગી છે. **પૂ. આ. વિજયામૃતસૂરિજી મ.**

ભાવવાહી ને હૃદય વેધક લેખોને અવલોકતાં અસીમ હર્ષ. **પૂ. આ. વિજયભુવનતિલકસૂરિજી મ.**

વીતરાગ દેવના શાસનને ફેલાવનાર બને એમાં અમારી પૂર્ણ સહાનુભૂતિ છે.

**પૂ. ઉ૦ ભુવનવિજયજી ગણિવર**

ગારૂડી મંત્રનું કામ કરી તેના 'કલ્યાણ' નામની સાર્થકતા કરી શાસન સેવામાં કટીબદ્ધ રહો.

**પૂ. પં. પ્રવિણવિજયજી મ.**

"કલ્યાણ" દ્વારા જૈન સંસ્કૃતિનો સંદેશ પ્રચાર પામે એ ઇચ્છનીય છે.

**પૂ. મુ. કનકવિજયજી મ.**

અંક મળ્યો છે. વાંચી ઘણો આનંદ થયો છે.

**પૂ. મુ. મુક્તિવિજયજી મ.**

જૈનોને જાણવા જેવા ઘણા વિષયોથી ખંડો ભરેલા છે. **દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**

આપની આ પ્રવૃત્તિ ઘણી આવકારદાયક ને સ્તુતિપાત્ર છે.

**મગનલાલ દોશી** સી. પી. દોશી એન્ડ કું.

કલ્યાણદ્વારા શાસન અને સમાજને ભવિષ્યમાં સારો લાભ થઇ શકશે.

**શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી**

જૈન દર્શન અને જૈન સંસ્કૃતિ તેમજ જૈન સાહિત્યને લગતા તેમાંના લેખો વાંચતાં ઘણા સુંદર અને મનનીય માલુમ પડયા છે.

**શ્રી રણછોડલાલ પી. કોઠારી**
ચીફ મ્યુની. ઓ. નવાનગર સ્ટેટ

શ્રી જૈન શાસન અનુસાર આ કલ્યાણનો પ્રયાસ ખરેખર સ્તુત્ય અને અનુમોદનીય છે.

**શ્રી સુંદરલાલ ચુનીલાલ M. A.**

...તમારી મહેનત પણ પ્રશંસનીય અને અનુમોદનીય છે.

**શ્રી રીખવચંદ હાથીચંદ શાહ.**
[ મોહતા મીલ એજન્ટ ]

એ યુગમાં સાઠ કરોડ મનુષ્યો દેવાર્યના નામનું અહોરાત
સ્મરણ કરતા, અને ઈંદ્ર સુદ્ધાં ગૌરવભેર જેના ચરણ ઉપર
છલકાતા હર્ષથી અભિષેક ધરતા એ શ્રી ત્રિશલાનન્દનને—

# નિવાપાંજલી

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ.

## પરમનિર્મલ અને તેજોજ્જવલ

પ્રસિદ્ધ, પ્રતાપી અને પ્રજ્વળ
પ્રફુલ્લ, પ્રવીણ અને પ્રબળ
પ્રસન્ન, પ્રશાંત અને પ્રબુદ્ધ
પ્રશમ, પ્રેમાળ અને પ્રદીપ

## લોકહૃદય અને તેજપ્રકાશિત

નિર્લિપ્ત, નિર્મમ અને નિર્મલ
નિશ્ચિંત, નિશ્ચયિ અને નિશ્ચલ
નિર્દાતૃ, નિર્ભ્રાન્ત અને નિર્ભય
નિર્મોહિ, નિર્લોભિ અને નિર્જર

## ગૌરવાન્વિત અને જગત્પ્રકીર્તિત

સર્વજ્ઞ, સમર્થ અને સુદૃઢ
સુશ્રુત, સુયશ અને સરલ
સુવિત્ત, સુબુદ્ધ અને સુભગ
સુરેખ, સુજન અને સુધન્ય

એ પરમપ્રભુની યાદ આજેયે જનહૃદયને શક્તિ અને સ્વાર્પણને
છાંટણે રંગે છે. આવા પ્રતાપવાન મહામંગલ અને જગત્પિતા
શ્રી વર્ધમાનસ્વામીને હાથજોડી વારંવાર નમન કરો !

Reg N. B. 4925

અભ્યાસકો જેની ઘણાવખતથી રાહ જોતા હતા–

તે

# નિત્ય સ્વાધ્યાય–

# પ્રકરણ સંગ્રહ

જેની અંદર

નવસ્મરણો, ચારપ્રકરણો, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, મોટીસંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થાધિગમસૂત્ર, દશવૈકાલિકસૂત્ર, સાધુ–સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાનાં સૂત્રો વીતરાગસ્તોત્રાદિ અનેક સ્તોત્રોનો સંગ્રહ છે.

ક્રાઉન સોળ પેજી ૩૦ ફર્મા; લુગડાનું પાકું બાઇન્ડીંગ, સ્વચ્છ અને સુંદર છાપકામ છતાં

મૂલ્ય ૩–૪–૦

મંગાવો !

સોમચંદ ડી. શાહ

જીવનનિવાસ સામે—પાલીતાણા

: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા

શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસ—પાલીતાણા.